RNI No. GUJGUJ/2011/44815

શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ

VOL - 8 • ISSUE NO - 11 • 5th NOVEMBER - 2020 • RETAIL PRICE : RS. 10/- • PAGE - 112



## રઘુવંશ ગૌરવ ગાથા

## 2015-2020

## પ્રગતિ પંથ પ્રકાશ

## શ્રી લોહાણા મહાપરિષદ

## રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટ / ભાગવત વિદ્યાપીઠ સોલા
## સંચાલિત
## શ્રી ખીમજી ભગવાન આર.સી.ટી. ભાગવત અતિથિ ભવન

અમદાવાદ ખાતે ભાગવત વિદ્યાપીઠ સંકુલમાં નવીનીકરણ પામી રહેલ અતિથિ નિકેતનમાં શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ, મુંબઈ તથા અન્ય દાતાશ્રેષ્ઠીશ્રીઓના સાથ સહકારથી આ કાર્ય આગળ વધી રહ્યું છે પ્રાથમિક તબક્કામાં લોકાર્પણ પામેલ એક વિંગના ૨૦ જેટલા રૂમો ખૂલ્લા મુકાયેલ છે. આ રૂમોના ઉપયોગ માટે સંચાલન સમિતિની બેઠકમાં સુનિશ્ચિત કરાયેલ દરોએ રૂમોની તેમજ અન્ય વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.



## ૪૦ રૂમો, યોગ્ય સગવડો સાથે રોકાણ માટે ઉપલબ્ધ

**રૂમ ચાર્જ : ૯૫૦/- અને તેથી વધુ**

**બેંક્વેટ હોલ, કોન્ફરન્સ રૂમ તથા કોમન પ્લોટ**

**સારવાર અર્થે અમદાવાદ આવતા જરૂરિયાતમંદ પરિવારો માટે
વિનામૂલ્યે રોકાવાની સુવિધા ઉપલબ્ધ.
સ્થાનિક મહાજનશ્રીનો ભલામણપત્ર અનિવાર્ય છે.**

નવેમ્બર - 2020

માલિક
**શ્રી લોહાણા મહાપરિષદ**

પ્રકાશક : પ્રવિણ ટી. કોટક
તંત્રી : પ્રોફે. ચંદ્રકાન્ત જે. તન્ના
વ્યવસ્થાપક મંત્રી : હરીશ બી. ઠક્કર

વિભાગીય સંકલકશ્રીઓ :
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : જયપ્રકાશ વસાણી (નાગપુર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)
દક્ષિણ-ભારત : ભરત ઠક્કર (કલીકટ)

માર્ગદર્શકશ્રીઓ :
યોગેશભાઈ લાખાણી
ધીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ ડ્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

રજી. કાર્યાલય
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન : (૦૭૯) ૪૦૦૯૧૦૦૫
વેબસાઈટ : www.lohanamahaparishad.org
સભ્યપદ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-

ઈમેઈલ :

raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)

jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)

**હેલ્પલાઈન નં. :**

૦૭૯-૪૦૦૯ ૧૦૦૫, ૯૯૦૯૯ ૯૯૩૦૮

'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકનાં પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.

## અનુક્રમણિકા

માતૃસંસ્થાની અટારીએથી ........ ૪
તંત્રી સ્થાનેથી ........ ૬
શુભેચ્છા સંદેશ ........ ૮
વિભાગીય ઉપપ્રમુખશ્રીઓ તરફથી પંચ વર્ષીય અહેવાલ ........ ૧૫
વર્ષ ૨૦૧૫-૨૦૨૦ દરમિયાન યોજાયેલ કારોબારી / મધ્યસ્થ મહાસમિતિની બેઠકના અહેવાલ .. ૨૭
શ્રી પ્રવિણભાઈ કોટકના કાર્યકાળના મુખ્ય પ્રકલ્પો અને ફળશ્રુતિ ........ ૫૭
સ્થાયિ સમિતિઓના પંચ વર્ષીય અહેવાલ ........ ૮૮
સૌજન્ય જાહેરાત – (શ્રી મનીષભાઈ ઠક્કર, અમદાવાદ) ........ ૧૦૯
સૌજન્ય જાહેરાત – (શ્રી સુહાગભાઈ ઠક્કર, અમદાવાદ) ........ ૧૧૦
ઋણ સ્વિકાર – શ્રી પ્રવિણ ટી. કોટક ........ ૧૧૧
સૌજન્ય જાહેરાત – (શ્રી જે. ડી. ઠક્કર, અમદાવાદ) ........ ૧૧૨

# રઘુવંશી ગૌરવગાથાનાં સૂત્રધારો



શ્રી પ્રવિણભાઈ કોટક
(૨૦૧૫ થી...)



# પ્રકાશના મંગલ પર્વે

**વ્હાલા સૌ જ્ઞાતિજનો, વડીલો અને યુવા ભાઈ-બહેનો,**
**સૌને જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ**

લાખો વર્ષો વીતી ગયાં તોય હજી પ્રકાશ અને અંધકાર એકબીજાને મળવા પામ્યાં નથી. પ્રકાશનું હોવું એટલે જ અંધકારનું ન હોવું. એવી જ રીતે જ્ઞાનનું હોવું એટલે જ અજ્ઞાનનું ન હોવું. દિવો કદી અંધારા સાતે બાખડતો નથી. દિવો કેવળ પ્રગટે છે. તેથી જ કહ્યું છેઃ પ્રજ્વલિતઃ જ્ઞાનમય પ્રદીપઃ! આપણે તો અજવાળાની જ આરાધાના કરવાની હોય. આપણો ભાવનામંત્ર હોયઃ 'તમસો મા જ્યોતિર્ગમય'. (ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈજા). અબુદ્ધમાંથી પ્રબુદ્ધ થવા માટેનું આ પ્રકાશનું પર્વ એટલે દિપોત્સવીનું પર્વ ! એ પર્વ એક દિવસનું ન હોય, જીવનભરનું હોવું જોઈએ. આપણે તો આત્મદીપ થવાનું હોય. (આત્મ દીપો ભવઃ). આમ તો દિલમાં દિવો પેટાવવાનો હોય. અંદરનું અજ્ઞાનનું અંધારું દૂર થાય એ માટે આપણી જ્ઞાનજ્યોત તેમજ જીવનજ્યોત વધુ ને વધુ પ્રદીપ્ત કરવાનો પુરુષાર્થ આપણે કરતા રહીએ તેવી પ્રેરણા અને બળ પામવા માટેનું પર્વ એટલે આ દિપોત્સવી પર્વ !! આપણો આ રઘુવંશી સમાજ સંસ્કારદીપે અને જ્ઞાનદીપે અમૃતના ઓજસ પ્રસરાવતો રહે એ માટેની આપણી સાધના, આપણા પ્રયત્નોનું નિરીક્ષણ અને સમીક્ષણ કરી, અંધારું કેટલું ટળ્યું અને અજવાળું કેટલું વધ્યું તેનું સરવૈયું કાઢવાનો અવસર એટલે આ પ્રકાશનો પર્વ દીપોત્સવી!!! દરેક રઘુવંશીના ચહેરે ચહેરે, એમના ઘરે ઘરે સુખ-સમૃદ્ધિ ને શાંતિનો પવિત્ર પ્રકાશ રેલાય એવી મારા તરફથી તેમજ માતૃસંસ્થા મહાપરિષદના સમગ્ર પરિવાર તરફથી આપ સૌને દિવાળીના મંગળ પર્વે શુભકામનાઓ.

ભાઈઓ-બહેનો, સમય મોટો શિલ્પી છે. એનું કોતરકામ આપણામાં સતત ચાલતું રહે છે. હાલમાં આપણે સૌ, કહો કે સમસ્ત માનવજાતિ, કોરોનાના કપરા સમયમાંથી પસાર થઈ રહ્યા છીએ ત્યારે સકારાત્કમ અભિગમ, સાવચેતી, સ્વાસ્થ્ય સભર જીવનશૈલી તેમજ સરકારશ્રીની તમામ માર્ગદર્શિકાઓનું શિસ્તપૂર્વક પાલન જ એકમાત્ર ઉપાય છે. આપણા માનનીય વડાપ્રધાનશ્રીએ પણ કહ્યું, 'જબ તક દવાઈ નહીં, કોઈ ઢીલાઈ નહીં.' અત્યારે આપણે ત્યાં જુદા જુદા તહેવારો શરૂ થયા છે અને છેક દેવ-દિવાળી સુધી આ પર્વો ચાલશે. આ સમયમાં પૂરા ઉમંગ અને ઉત્સાહ તેમજ ભક્તિભાવ સાથે આપણે તેમાં જોડાઈએ પણ સાથે સાથે સંયમ અને સાવધાની પણ રાખી આપણા અને આપણા પરિવાર સહિત સમગ્ર દેસની સેવામાં સહયોગ આપીએ તેવી નમ્ર અપીલ કરું છું. કોઈ ચિંતકે સાચુંજ કહ્યું છે, **"Nothing is permanent. This shall pass away."** આ જગતમાં કશું જ કાયમ નથી. આ સમય પણ જતો રહેશે.

અને જુઓને સમય કેટલો ઝડપથી સરી જાય છે. માતૃસંસ્થા મહાપરિષદના મારા પ્રમુખ તરીકેના કાર્યકાળને પણ પાંચ વર્ષનો સમય પૂરો થયો. સહકાર, સંગઠન અને સેવા દ્વારા સંપના મહામંત્રને ચરિતાર્થ કરી મારા પૂરોગામી સૌ પ્રમુખોએ માતૃસંસ્થાને ઉચ્ચતમ મુકામ પર પહોંચાડી અને મને તથા મારી ટીમને જે ભવ્ય વારસો આપ્યો હતો તેને શ્રેષ્ઠતમ બનાવવા અમોએ અથાગ પ્રયત્નો કર્યા. આપ સૌના સાથ, સહકાર, હૂંફ, લાગણી અને પ્રેમના સથવારે વિવિધ પ્રકલ્પોના માધ્યમથી રઘુવંશી સમાજની પ્રગતિ અને વિકાસને જ કેન્દ્રમાં રાખી અમોએ છેલ્લાં પાંચ વર્ષમાં જે કંઈ નમ્ર પ્રયાસો કર્યા છે તેને આ દિવાળી વિશેષાંકમાં સ્મૃતિરૂપે કંડારી આપ સૌ સમક્ષ મૂકતા ખૂબ જ હર્ષ અને ગૌરવની લાગણી થાય એ સ્વાભાવિક છે.



ભાઈઓ-બહેનો, ખૂબ જ વિનમ્ર ભાવે આપને જણાવું કે આ વિશેષાંકનો હેતુ કોઈ આત્મશ્લાઘા કે આત્મપ્રશંસા માટે નથી, પરંતુ મે અને મારી ટીમ દ્વારા પાંચ વર્ષ દરમિયાન સમાજ માટે જે કંઈ સારાં કાર્યો થયાં તેને એક જ અંકમાં સંકલિત કરી સૌ માટે એક કાયમી સ્મૃતિ - એક યાદગીરી જાળવવાનો છે. માત્ર એટલું જ નહીં, પરંતુ આવનારી પેઢીને પોતાના પૂરોગામી દ્વારા થયેલા સમાજોપયોગી કાર્યોની માહિતી મળે, તેમાંથી કંઈક શીખ અને પ્રેરણા મળે તે પણ છે.

આ તકે માતૃસંસ્થાને સફળતા અને સિદ્ધિના આ મુકામ પર પહોંચાડવામાં મારા પુરોગામી પ્રમુખશ્રીઓ, તત્કાલીન પ્રમુખશ્રી, ટ્રસ્ટીશ્રીઓ, દાતાશ્રીઓ, વિભાગીય ઉપપ્રમુખશ્રીઓ, વરિષ્ઠ મંત્રીશ્રીઓ, ખજાનચીશ્રીઓ, સહમંત્રી-સંયુક્ત મંત્રીશ્રીઓ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રીઓ અને તેઓની ટીમ, જુદા જુદા વિભાગના પ્રભારીશ્રીઓ, વરિષ્ઠ મંત્રીશ્રીઓ, ઉદ્‌ઘોષકશ્રી, રઘુકૂળ વિશ્વના તંત્રીશ્રી, સંકલકશ્રીઓ, સમસ્ત રઘવુંશી મહાજનશ્રીઓ, છાત્રાલયો તથા અન્ય સંસ્થાઓ અને આપ સૌનો તન, મન અને ધનતી જે ઉત્સાહપૂર્ણ સાથ-સહકાર પ્રાપ્ત થયો છે તે સૌ પરત્વે આભારની લાગણી પ્રગટ કરી મારી કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. આ વિશેષાંક તૈયાર કરવામાં તંત્રીશ્રી ચંદ્રકાન્ત તન્નાએ ખૂબ મહેનત કરી છે, તેને બિરદાવી અભિનંદન અને આભાર પ્રગટ કરું છું. અન્ય સૌ હોદેદારો, કાર્યાલય સ્ટાફ તરફથી મળેલી માહિતી અને અહેવાલનું સુંદર શબ્દચિત્ર તૈયાર કરી અહીં પ્રસ્તુત કરાયું છે. છતાં પણ ક્યાંય માહિતી દોષ, ભાષા દોષ કે કોઈ ભૂલ રહી ગઈ હોય તો ક્ષમા ચાહું છું. મને પૂરી શ્રદ્ધા છે કે આપ ઉદાર દિલ રાખી હકારાત્મક દૃષ્ટિકોણથી જ આ અંકનું મૂલ્યાંકન કરશો.

અંતમાં, આપ સૌને દીપાવલીના આ પ્રકાશના પર્વની શુભેચ્છાઓ સહ નૂતન વર્ષાભિનંદન...

**અમે તો જઈશું અહિંથી પણ,**
**અમે ઉડાળ્યો આ ગુલાલ રહેશે;**
**નથી ખબર કે શું કરી ગયા અમે,**
**પણ જે કરી ગયા તે કમાલ રહેશે !!**

**પ્રવિણ કોટક**
**પ્રમુખ, શ્રી લોહાણા મહાપરિષદ**













# દિવાળી અને નૂતન વર્ષ : થોડું ડિલીટ, થોડું રીફ્રેશ અને એન્ટિવાઇરસનું અજવાળું





ભારતમાં ઊજવાતા તહેવારોમાં નોખી છાપ પાડતો તહેવાર એટલે દિવાળી! સર્વ તહેવારોમાં દિવાળીનો તહેવાર સર્વોચ્ચ તહેવાર છે! અમાવસની ઘોર અંધારી રાતની કાયા પર ઉઝરડા પાડવા દિવાઓ દિવાળીની રાતે જ પ્રગટતા હોય છે! એ દિવાઓ કોઈ અમસ્તા નથી હળાહળ થતા, એ દિવાઓ આપણા જીવનમાં અને આપણી માનસિકતામાં વ્યાપી ગયેલા અંધારા ઉલેચવાની પ્રેરણા આપે છે! એ પ્રેરણાને વિસ્તૃત રીતે ખપમાં લેવાના છૂપા આદેશ મુજબ સમાજના નાનામાં નાની વ્યક્તિના જીવન સુધી અજવાળા પહોંચાડવાની જવાબદારી સૌના શિરે આવે છે! આમ, દિવાળીની રાત ટોડલે દિવો મૂકવા પૂરતી રાત નથી, આંગણે ફટકાડા ફોડી નાખવા પૂરતી એ રાત નથી. દિવાળીની રાત અમાસના અંધકાર સામે પડકાર કરતી રાત છે. એ પડકાર આપણામાં પણ પ્રગટવો જોઈએ! અંધકાર એ કોઈ એક રાતની જાગીર નથી. અંધકારનાં નામ સરનામાં સર્વત્ર વ્યાપક છે! અસત્ય એ પણ અંધકારનું જ એક રૂપ છે! અનીતિ, અધમતના અંધકારનું જ સ્વરૂપ છે! દંભ અને અહંકાર પણ અંધારાની જ ઓલાદ છે. દગો-ફટકો અને બીજાને ખરાબ દેખવાડવા, છેતરપિંડી આ બધા અંધારાનાં જ ઠેકાણા છે! વડીલો અને સજ્જનોનું અપમાન એ પણ અંધારાનો જ સ્વભાવ છે! સમાજની આ સ્થિતિ એક એવો અંધકાર છે, જેની પાસે અમાસની રાતનાં અંધારા ટ્યૂશન લેવાનું ઈચ્છે છે ! પણ આપણે અમાસના નહીં, પૂનમનાં માણસ છીએ! આપણે અંધકારના નહીં, અજવાળાના માણસ છીએ.

તમસો મા જ્યોતિર્ગમયનું સૂત્ર પ્રસિદ્ધ છે. આપણે તમસમાંથી જ્યોતિ તરફ ગતિ કરવાની છે, પરંતુ શું આપણે કેવળ તમસ હોઈએ છીએ? મનુષ્ય માત્ર સત્ય-પ્રકાશ-ચૈતન્યનું સ્વરૂપ છે. એટલે તો તે ઉત્ક્રાંતિ પામી શક્યો છે, પરંતુ અંધકાર વ્યાપી વળેલો હોય તો તેનું અસલ સ્વરૂપ પ્રગટ થતું નથી. તેથી સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે, ‘‘મનુષ્યે સ્થૂળ સત્યમાંથી ઉચ્ચતર સત્ય (Lower truth to higher Truth) તરફ ગતિ કરવાની છે. મનુષ્યે અલ્પમાં નહીં, પૂર્ણ રૂપમાં પ્રગટવાનું છે. આ પૂર્ણ સ્વરૂપને પામવા માટે યથાર્થ દર્શન જરૂરી છે. એટલે જમા-ઉધારનું સરવૈયું કાઢવાનું હોય છે. કેવળ સ્થૂળ સંપત્તિના જમા-ઉધારનું નહીં, શુભ-અશુભનું સરવૈયું, સત્ય-અસત્યનું સરવૈયું, સ્વકેન્દ્રીપણું અને સર્વજનહિતપણુંનું સરવૈયું કાઢવાનું આ પર્વ છે.





દિવાળીના બીજા દિવસથી નવું વર્ષ શરૂ થાય છે. કંઈક નવા, કંઈક તાજા અને થોડાક હળવા થવા આપણાં મનોવલણોમાંથી થોડું ડિલીટ, થોડું રિફ્રેશ અને પછી એન્ટિવાઈરસનું અજવાળું આપણા અને અન્યના જીવનમાં પાથરવાની આપણે તૈયારી કરવાની છે. આપણને એવું સમજાવાય છે કે, ખરાબ થયું હોય એને ભૂલી જાવ. સાચી વાત, પણ સાથે સાથે એ પણ એટલું જ સાચું છે કે સારું થયું હોય એને યાદ રાખો. ગયા વર્ષમાં શું સારું થયું? આપણે વર્ષનો હિસાબ માંડીએ ત્યારે મોટા ભાગે ખરાબ ઘટનાઓજ યાદ કરીએ છીએ. નવા વર્ષે એ પણ વિચારો કે શું સારું થયું? થોડુંક જુદી રીતે વિચારશો તો ખબર પડશે કે ઘણું સારું થયું છે. મોબાઈલ ફોનની ગેલેરી ઊથલાવો. અમુક ફોટાઓ ઉપર નજર ફેરવો. એ તસવીરમાં તમારા ચહેરા પર જે ખુશી તરવરે છે એનું કારણ શોધો. સાથે સાથે બીજું એ કામ પણ કરજો. વેદના આપે તેવા ફોટા હોય એને ડિલીટ પણ કરી નાખજો. ગેલેરીમાંથી જ નહીં, દિલમાંથી પણ! સંબંધો, સંવેદનાઓ, સ્નેહ, સરળતા, સહજતા અને સંવાદને સક્ષમ રાખવા તેને સતત રિફ્રેશ કરતા રહેજો. દયા, દાન, સમતા, પ્રસન્નતા, ભલમનસાઈ, સ્વાગતની ભાવના, સુવચન, નિષ્કપટતા અને શ્રદ્ધા - આ તમામ સોફ્ટવેર અપડેટ કરજો, તો કપટતા, સ્વાર્થ, દંભ, આડંબર, અન્યને નીચા દેખાડી ખરાબ ચીતરવાની વૃત્તિ, કટુતા જેવા વાઈરસની સામે એન્ટિવાઈરસનાં અજવાળાં પથરાઈ જશે. ચાલો, અજવાળાના આ પર્વે, આપણે ઈશ્વરની વસિયત અને આપણી હેસિયત બરોબર સમજી લઈએ. 'સ્વ'ની સરહદ અને 'સર્વ'નું અનહદ વ્યાપક સંદર્ભમાં ઓળખી લઈએ. આપણે સ્વ-મેઘયજ્ઞનાં સાક્ષી બનીએ. ત્યાગીને ભોગવીએ, આપીને પામીએ, ઠારીને ઠરીએ.

સુજ્ઞ જ્ઞાતિજનો, રઘુકુળ વિશ્વના આ દિવાળી વિશષાંકમાં પ્રમુખશ્રી પ્રવીણભાઈ કોટક અને તેની ટીમના પાંચ વર્ષના સરવૈયાને અંકિત કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. અહીં પ્રસ્તુત તમામ શબ્દચિત્રો સૌ માટે એક સંભારણું બની રહે અને આવનારી પેઢી માટે અજવાળું બને તેવો ઉમદા હેતુ કેન્દ્રમાં રખાયો છે. સૌ આદરણીય હોદ્દેદારશ્રીઓ દ્વારા મોકલાવેલ પ્રકલ્પો અને પ્રવૃત્તિઓને એના એજ સ્વરૂપે મઠારીને શબ્દદેહ આપવાનો વિનમ્ર પ્રયાસ છે. તેમ છતા ક્યાંય કોઈ માહિતીદોષ કે ભાષાદોષ રહી ગયા હોય તો ઉદાર દિલે ક્ષમ્ય કરશો તેવી શ્રદ્ધા છે.

અંતમાં દિવાળી અને નવલા વર્ષે સૌ પ્રાર્થના કરીએ-

"સાથે મળીને ગતિ કરીએ, સાથે વાણી વદીએ,
સાથે મળીને મનથી સઘળું, સાચું સમજી લઈએ.
લાગણી આપણી સમાન હો, ને હૃદયો સમાન કરીએ,
સમાન મનમાં સદા એકતા, સંપ કરીને રહીએ".

- પ્રોફે. ચન્દ્રકાન્ત જે. તન્ના

# શુભેચ્છા સંદેશ



## જય જલારામ

## જય રઘુવંશ

## જય મહાપરિષદ

જય સ્વામિનારાયણ

છેલ્લાં ૨૫ વર્ષથી જ્ઞાતિની સેવા કરવાનો એક અવસર મને સાંપડ્યો છે ત્યારે સૌપ્રથમ શ્રી લોહાણા મિલન, ત્યારબાદ શ્રી અખિલ ગુજરાત લોહાણા સમાજ તેમજ હાલમાં ૨૫ લાખ રઘુવંશીઓની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના વરિષ્ઠ ઉપપ્રમુખ તરીકે મને સેવા કરવાનો જે મોકો મળ્યો છે તે બદલ હું મારી જાતને ધન્ય ગણું છું. શ્રી પ્રવીણભાઈએ ખૂબ જ ઉમદા સેવા કામગીરી કરીને શ્રી લોહાણા મહાપરિષદની આન-બાન અને શાનને ખૂબ જ ચમકાવી છે એ માટે અમને ગર્વ છે. શ્રી પ્રવીણભાઈની આ સેવાભાવના બદલ તેમને અમો ધન્યવાદ પાઠવીએ છીએ.

વધુમાં જણાવવાનું કે સમગ્ર વિશ્વ કોરોનાની મહામારીથી અસ્તવ્યસ્ત થઈ ગયું છે ત્યારે શ્રી પ્રવીણભાઈ કોટક દ્વારા થયેલાં અનેક સેવાકાર્યોથી સૂચિ જોઈને ખરેખર અમને ગર્વ થાય છે કે શ્રી પ્રવીણભાઈ જેવા કર્તવ્યનિષ્ઠ, પ્રામાણિક તેમજ સેવાભાવી વ્યક્તિ આપણા રઘુવંશી સમાજમાં છે. શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ તરીકે જ નહીં પણ એક ઉમદા સમાજસેવક તરીકે ખરા અર્થમાં સૌ કોઈ માટે પ્રમુખ સેવક છો.

**શ્રી ઉમંગભાઈ ઠક્કર, અમદાવાદ**
વરિષ્ઠ ઉપપ્રમુખ, શ્રી લોહાણા મહાપરિષદ

# શુભેચ્છા સંદેશ



## જય જલારામ

## જય રઘુવંશ

## જય મહાપરિષદ

વિશ્વ માં વસતા ૩૫ લાખ લોહાણાઓની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ નાં ગત ૫ વર્ષ એટલે કે સન ૨૦૧૫ થી ૨૦૨૦ નાં ઐતિહાસિક સમયગાળામાં જ્ઞાતિ રત્ન સમાન પ્રમુખ શ્રી પ્રવીણભાઈ કોટક નાં કાર્યકાળમાં મને મંત્રી તરીકે સેવા કરવાનો અવિરત લાભ મળ્યો તે માટે હું મારી જાત ને ખૂબ જ અહોભાગી ગણું છું.

માનનીય શ્રી. પ્રવિણભાઈ ની ઉમદાગીરી, સેવાભાવી વિચારો, જ્ઞાતિ સંગઠનની રચનાઓ તેમજ તેમનું દરિયા જેવું દિલ જે માતૃસંસ્થાના એક અવિભાજ્ય અંગ બની રહ્યાં.

તેઓ શ્રીના આ પ્રથમ પાંચ વર્ષ ના સમયગાળા માં શિક્ષણક્ષેત્રે, આરોગ્યક્ષેત્રે, પર્યાવરણક્ષેત્રે તેમજ અન્ય વિવિધ પ્રકલ્પો દ્વારા માતૃસંસ્થાએ ખૂબજ મોટી સિદ્ધિ હાંસલ કરી છે. જેના આપણે સૌ તાજ નાં સાક્ષી છીએ. આપણાં સૌ રઘુવંશી પરિવારોનું સદાય હિત શ્રી  પ્રવિણભાઈ એ હૈયે રાખ્યું છે તેના થકી તેઓ કાશ્મીર થી કન્યાકુમારી સુધીનાં સૌ રઘુવંશી પરિવારોનો પ્રેમ પામ્યા છે.

ફરીથી માનનીય પ્રમુખ શ્રી પ્રવિણભાઈ સાથે સેવા કરવાનાં એક ગર્વ સાથે સારાય સમાજ નું તન અને મન તંદુરસ્ત રહે અને પવિત્ર ધન થકી શેષ જીવન સેવા ના પગથારે એક ડગલું આગળ વધે તેવી ભગવાન શ્રી સ્વામિનારાયણ, શ્રી રામચંદ્રજી, શ્રી જલારામબાપા નાં ચરણો માં કોટિ કોટિ વંદન.

અંત માં આપ સૌને દિવાળીની શુભકામનાઓ તેમજ નવા વર્ષ ની શુભેચ્છાઓ સાથે સદર વંદન.

**શ્રી હરીશભાઈ ઠક્કર, અમદાવાદ**
મંત્રી, શ્રી લોહાણા મહાપરિષદ

# શુભેચ્છા સંદેશ



## જય જલારામ

## જય રઘુવંશ

## જય મહાપરિષદ

લોહાણા જ્ઞાતિમાં જન્મ લીધા પછી એક રઘુવંશી તરીકેનું જે ગૌરવ પ્રાપ્ત થયું છે તે બદલ હું મારી જાતને ભાગ્યશાળી ગણું છું. છેલ્લાં ૨૫ વર્ષથી મુંબઈમાં રહીને જ્ઞાતિના ઉત્કર્ષ માટે એક સેવા કરવાનું સોફ્ટવેર મને પ્રાપ્ત થયું છે ત્યારે

છેલ્લાં પાંચ વર્ષમાં લોહાણા મહાપરિષદના મંત્રી તરીકે સમાજસેવા કરવાનું જે બિરુદ પ્રાપ્ત થયું છે તે માટે સમગ્ર ભારત તેમજ વિશ્વભરના રઘુવંશીઓનો હું આભારી છું.

માનનીય શ્રી પ્રવીણભાઈ કોટકનાં ઉમદા કામગીરી, સેવાભાવી વિચાર, જ્ઞાતિ સંગઠનની રચના તેમજ દરિયાદિલી સમગ્ર રઘુવંશી સમાજને સાંપડ્યાં તે બદલ આપણે સૌ શ્રી પ્રવીણભાઈ કોટકના આભારી છીએ. તેમના થકી જ આજે આપણો સમાજ એક ઉત્તુંગ શિખરે બિરાજ્યો છે. ફરી માનનીય પ્રમુખશ્રી પ્રવીણભાઈ સાથે સેવા કરવાના એક ગર્વ સાથે માતૃ સંસ્થા થકી હું મને મંત્રી તરીકે સેવા કરવાનો જે લાભ મળ્યો તે માટે હું મારી જાતનું ખૂબ અહોભાગ્ય ગણું છું. શ્રી પ્રવીણભાઈ કોટક તેમજ સમગ્ર ટીમને ખૂબ ખૂબ અભિનંદન સાથે દિવાળીની શુભકામના.

**શ્રી પિયુષભાઈ ગંઠા, મુંબઈ**
મંત્રી, શ્રી લોહાણા મહાપરિષદ


# શુભેચ્છા સંદેશ



## જય જલારામ

## જય રઘુવંશ

## જય મહાપરિષદ



આજે સમાજનું રૂણ ચુકવવા બહુ જ ઓછા લોકોને યોગ પ્રાપ્ત થાય છે અને એમાં આપણા રઘુવંશીઓની વૈશ્વીક સંસ્થા આપણી માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદમાં ખજાનચી તરીકે સેવા કરવાનો લાભ મળ્યો તે માટે અમો અમારી જાતને ભાગ્યશાળી માનીએ છીએ. અમારી નિયુક્તિ પાછળ પ્રવિણભાઈ એ રાખેલ વિશ્વાસ બદલ અમો શ્રી પ્રવિણભાઈ કોટક તથા સમગ્ર રઘુવંશી સમાજના રૂણી છીએ.

શ્રી પ્રવિણભાઈ કોટક એક સફળ પ્રમુખ તરીકે સમગ્ર ટીમ અને સમાજને સાથે રાખી સફળતાના શિખરો સર કરીને સમાજ તથા માતૃસંસ્થા પ્રત્યેની લાગણી અને એમને કરેલ તન - મન -ધનની સેવાના અમે સાક્ષીદાર રહ્યા છીએ. આ સમયે અમે ઈશ્વરનો પણ ઉપકાર માનીએ છીએ કે અમને વિશિષ્ટ પ્રતિભાશાળી અને કર્મઠ પ્રમુખ સેવક શ્રી પ્રવિણભાઈ કોટક સાથે સમાજ સેવા કરવાનો સોભાગ્ય પ્રાપ્ત થયો.

શ્રી પ્રવિણભાઈ કોટક જેવા પ્રમુખ સેવક દરેક સંસ્થાઓને મળતા રહે તેવી અભિલાશા સાથે સમગ્ર રઘુવંશી ભાઈઓ - બહેનોને દિવાળીની શુભેચ્છાઓ અને કોરોનાની મહામારીમાંથી પ્રભુ શ્રી રામચંદ્ર તથા શ્રી દરીયાલાલ દાદા સૌને મુક્ત કરે અને વિશ્વનું કલ્યાણ કરે.

સૌને સારી તંદુરસ્તી બક્ષે એજ અભ્યર્થના....

**હિંમતભાઇ કે. કોટક, અમદાવાદ**
ખજાનચીશ્રી, શ્રી લોહાણા મહાપરિષદ

**શ્રી નિતીનભાઇ જી. પાંધી, મુંબઇ**
ખજાનચીશ્રી, શ્રી લોહાણા મહાપરિષદ

# શુભેચ્છા સંદેશ



## જય જલારામ
## જય રઘુવંશ
## જય મહાપરિષદ

વિશ્વમાં આજે કોરોના મહામારીથી સમગ્ર માનવજાત તેમજ આપણો સમાજ ખૂબ જ પીડિત અને દુઃખી દેખાઈ રહ્યાં છે, પરંતુ આ સમયમાં પણ જ્ઞાતિગંગા સેવાની સરવાણી અવિરત વહાવી ચૂકેલા આપણી માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ સેવક શ્રી પ્રવીણભાઈ કોટકને આ સમયે હું બિરદાવતાં થંભી શકતો નથી. માતૃસંસ્થાના એક પૂર્વ પ્રમુખ અને વડીલ ટ્રસ્ટી તરીકે આજે મારું મન ગદગદ્ થઈ રહ્યું છે. જ્યારે વર્ષ ૨૦૧૫થી ૨૦૨૦ના પ્રમુખની પસંદગી કરવાની વાત આવી ત્યારે સૌએ જે કળશ શ્રી પ્રવીણભાઈના શિરે ઢોળેલો તે આજે વર્ષ ૨૦૨૦માં તેમણે ચકચકિત કરી મૂક્યો છે.

અતિ આનંદ સાથે મને શ્રી પ્રવીણભાઈને ખૂબ જ અભિનંદન આપવાનું મન થાય છે કે ખૂબ સરસ, સુંદર કામગીરી બજાવીને આ જ્ઞાતિ રથને આપે ખૂબ જ સુપેરે ચલાવ્યો છે. શ્રી લોહાણા મહાપરિષદની આન-બાન અને શાનને પ્રવીણભાઈ આપ ઉચ્ચ શિખર પર લઈ ગયા છો. આજે આપણે સૌ સાથે મળીને આપના પ્રમુખપદ હેઠળ જે સેવાની સરવાણી વહેવડાવી છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે.

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવીણભાઈ કોટકની ઉમદા કાર્યશૈલી તથા વ્યક્તિત્વ દ્વારા જ્ઞાતિના છેવાડા માનવી સુધી રઘુવંશી સમાજનો વિકાસ થયો છે અને માતૃસંસ્થાને જે ખૂબ ઉચ્ચ સ્થાને લઈ ગયા તે બદલ સમગ્ર ટીમનો ખૂબ ખૂબ આભાર.

**શ્રી રવિન્દ્રભાઈ વાઘાણી, કોલકાત્તા**
પૂર્વ પ્રમુખ / ટ્રસ્ટી, શ્રી લોહાણા મહાપરિષદ

# શુભેચ્છા સંદેશ



**જય જલારામ**

**જય રઘુવંશ**

**જય મહાપરિષદ**



રઘુવંશી હોવું એક ખમીર છે અને રઘુવંશી હોવાનો ખરેખર મને ગર્વ છે.

શ્રી લોહાણા મહાપરિષદ સાથે કેટલાય વર્ષોથી જોડાયેલ છું. વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૦ ના કાર્યકાળમાં શ્રી પ્રવીણભાઈ કોટકના પ્રમુખ પદ હેઠળ માતૃસંસ્થા દ્વારા ખૂબ જ સારી રીતે સેવાકીય કાર્યો થયા છે.

શ્રી લોહાણા મહાપરીષદ દ્વારા એટલે કે શ્રી પ્રવિણભાઈ કોટકના આ પાંચ વર્ષ દરમીયાન શિક્ષણ, આરોગ્ય તેમજ અનેક પ્રકલ્પો દ્વારા માતૃસંસ્થાએ અનેક સિદ્ધીઓ પ્રાપ્ત કરી છે. આ સમયે શ્રી પ્રવિણભાઈ કોટક, તેમના સમગ્ર પરિવાર તથા આ ભગીરથ કાર્યો સાથે જોડાયેલ તમામ હોદ્દારોને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છાઓ.

અંતમાં આપ સૌ રઘુવંશી ભાઈઓ - બહેનોને દિવાળી પર્વની ખૂબ ખૂબ શુભકામનાઓ.

**શ્રી યોગેશભાઈ લાખાણી, અમદાવાદ**
પૂર્વ પ્રમુખ / ટ્રસ્ટી, શ્રી લોહાણા મહાપરિષદ

**શ્રી પરેશભાઈ ભૂપતાણી, અમદાવાદ**
ટ્રસ્ટી, શ્રી લોહાણા મહાપરિષદ

# શ્રી ખિમજી ભગવાન ચેરીટી ટ્રસ્ટ તરફથી શુભેચ્છા સંદેશ



શ્રી પ્રવીણ ભાઈ કોટક ને વર્ષોથી ઓળખું. પણ નજીક થી ઓળખવાની તક છેલ્લા પાંચ વર્ષથી મળી. અમદાવાદ ખાતે મોટા ગજાના બિલ્ડર. સામાજિક ક્ષેત્રે નામના મેળવી હતી. રાજકીય વગ પણ ખૂબ સારી. આવી એક છાપ મારા મગજ પર હતી. અમદાવાદ ખાતે નવા પ્રમુખની ચૂંટણી કરવા માટે મધ્યસ્થ મહા સમિતિ ની મીટીંગ મળી હતી તેમાં તેમણે ખૂબ મહત્વનો ભાગ ભજવ્યો હતો. શ્રી યોગેશ ભાઈ ના સમય માં વરણી સમિતિ એ શ્રી પ્રવીણ ભાઈ કોટક ની વરણી કરી ત્યારથી તેમને નજીક થી ઓળખવાની તક મળી. તેમણે પ્રમુખ પદ સંભાળ્યું તે પહેલાં મહા પરિષદ અને મુંબઈ સહિત ના કેટલાક મહાજનો સાથે એક અંતર રખાયું હતું.

પ્રવીણ ભાઈ કોટક પ્રમુખ પદ નો ચાર્જ સંભાળતા પહેલાં આ બધા મહાજનો ના પ્રતિનિધિઓ ને મળ્યા. બધાં સાથે મૈત્રી ભર્યા વાતાવરણ માં વાતચીત કરી. તેઓ એ શરૂઆતમાં જ સ્પષ્ટતા કરી હતી કે મહા પરિષદ નો મુખ્ય ઉદ્દેશ છે સ્નેહ અને સંગઠન થી ભાતૃભાવ નો વિકાસ. તો પછી કોઈ મહાજન ને દૂર રાખીને સંગઠન મજબૂત કેમ થાય. પ્રમુખ પદ સંભાળ્યું તે જ દિવસે બધાં મહાજનો ને સાથે રાખીને સંગઠન ની વાત ચરિતાર્થ કરી બતાવી.

કમીજળા મુકામે મોરારી બાપુની રામકથા વખતે પોતાની પ્રમુખ પદ ની શરૂઆતમાં જ તેમણે રઘુવંશી સમાજ નું સંમેલન યોજ્યું. અધિવેશન કરતાં પણ વધુ રઘુવંશી સમાજના લોકો આ સંમેલન માં ઉમટ્યા હતા. પ્રવીણ ભાઈ કોટક ની કાર્ય દક્ષતા અને સફળ આયોજન નો એક સુંદર અનુભવ થયો. બધાંને સાથે રાખીને તેમણે એક વાત ને ચરિતાર્થ કરી..સબકા સાથ સબકા વિકાસ આ સૂત્ર ને જીવનમાં ઉતારવા અને તેનો લાભ સમાજ ના લોકો ને મળે તે હેતુથી તેમણે મહા પરિષદ ના માધ્યમથી શિક્ષણ અને આરોગ્ય ના પ્રશ્નો ને પ્રાધાન્ય આપ્યું. તે માટે પોતાના પરિવાર ના સહયોગ ની જાહેરાત કરી અન્ય મહાનુભાવો અને સંસ્થાઓ ને સાથે રાખી ખૂબ સુંદર રીતે સમાજના લોકો ને લાભ મળે તેવું આયોજન તેમના નેતૃત્વ હેઠળ કરાયું.




એક નવી દિશા માં પ્રયોગ કરી ને સિદ્ધપુર ક્ષેત્ર માં માતૃ તર્પણ તથા શ્રી રમેશ ભાઈ ઓઝા ની ભાગવત સપ્તાહ નું આયોજન કર્યું. સપ્તાહ ના બધાં દિવસોમાં સતત હાજરી આપી અને બધાંને પ્રેરણા રૂપ થયા. આંતર રાષ્ટ્રીય સ્તરે પણ મહા પરિષદ ની નામના તેમના આ પાંચ વર્ષો દરમ્યાન ખૂબ વધી. અને દુબઈ સ્થિત રઘુવંશી સમાજ ની વિનંતીને માન આપીને દુબઈ ખાતે આંતર રાષ્ટ્રીય સંમેલન યોજાયું. તેમની આ કાર્ય દક્ષતા અને સફળ કામગીરી ના કારણે આગામી બીજા પાંચ વર્ષો માટે વરણી સમિતિ એ સર્વાનુમતે તેમની પ્રમુખ પદે વરણી કરી. તેમના કાર્યો અને તેમના અભિગમ નું આ રીતે બહુમાન કરાયું.

આ પાંચ વર્ષ દરમ્યાન વ્યક્તિગત રીતે મને એક ઉમદા વ્યક્તિ અને મિત્ર ની પ્રાપ્તિ થઈ છે જે બહુજન હિતાય, બહુજન સુખાય માટે પોતાના બધાં સાંસારિક કાર્યો સાઈડ પર રાખી સમાજ ના કામ ને પ્રાધાન્ય આપે છે.

**શ્રી સતિષભાઈ વિઠલાની**
પ્રમુખ, શ્રી ઘોઘારી લોહાણા મહાજન, મુંબઈ
ટ્રસ્ટી, શ્રી ખીમજી ભગવાન ચેરીટી ટ્રસ્ટ, મુંબઈ

# શ્રી લોહાણા મહાપરિષદના વિભાગીય ઉપપ્રમુખશ્રીઓના

# પંચવર્ષીય અહેવાલ

2015-2020

## ગુજરાત વિભાગ



તા. ૪ જુલાઈ, ૨૦૧૫ અને ૫ જુલાઈ, ૨૦૧૫ એટલે કે આ દિવસે સમાજ માટે ઉત્તમ ઉદાહરણ અને પ્રેરણા લઈ શકે તેવા પ્રેરણાદાયક સેવક એવા માનનીય શ્રી પ્રવીણભાઈ કોટકની વિશ્વના સમગ્ર રઘુવંશી સમાજની માતૃસંસ્થાના પ્રમુખ તરીકે ૩૦૦૦ જેટલા રઘુવંશીઓ, સંતો અને રાજકીય આગેવાનોની હાજરીમાં ભવ્ય સન્માન સાથે નિમણૂંક કરવામાં આવી.

સૌપ્રથમ શ્રી લોહાણા મહાપરિષદના માન, મોભા, મર્યાદા પ્રમાણે ન ભૂતો ન ભવિષ્યતિ એવું કાર્યાલય પોતાની માલિકીની એસ.જી. હાઈવે રોડ પર ૩૦૦૦ ફૂટ જેટલી જગ્યામાં ભવ્ય સેન્ટ્રલ એ.સી. ઓફીસ બનાવી અર્પણ કરી અને તેમના સમગ્ર કાર્યકાળ દરમ્યાન ઓફીસના તમામ વહીવટ, મહેમાનોની સરભરા તેમજ ઓફીસ ખર્ચ પોતે ભોગવી સંસ્થામાં એક પણ પૈસાનો ખોટો ખર્ચ નાખ્યા સિવાય સુંદર, સુદૃઢ વહીવટ કર્યો. તેઓની પ્રમુખ થતાં પહેલાં રજુઆત હતી કે મારી સર્વસંમતિથી નિમણૂંક થાય વર્ષોથી મુંબઈના તેમજ અનેક જ્ઞાતિશ્રેષ્ઠીઓ મહાપરિષદના વહીવટને લીધે મનદુઃખ કરી વિખૂટા પડી ગયા હતા. કોર્ટ મેટરો થઈ હતી. તે તમામ બાબતોનો મુંબઈના શ્રેષ્ઠીઓને મળી, તેમની કુનેહબુદ્ધિથી કોઈપણ જાતની શરતો સિવાય સુખદ સમાધાન કરી સૌને સાથે લઈને ચાલવાની કેડી કંડારી તે ખરેખર અભિનંદનને પાત્ર છે. આ બાબતે જેટલા અભિનંદન પ્રવીણભાઈને આપીએ એટલા ઓછા પડે અને કહેવત છે ને કે જ્યાં સંપ અને સંગઠન હોય ત્યાં સેવા સમર્પણની ભાવના કુદરતી રીતે જ પ્રગટ થાય છે. તે મુજબ સંપ, સેવા, સંગઠન, સમર્પણની ભાવનાથી સૌને સાથે લઈ પાંચ વર્ષમાં આશરે ૧૨ થી ૧૩ કરોડ રૂપિયાના ખર્ચા સમાજસેવાના કાર્યો કર્યા છે.



માનનીય પ્રવીણભાઈની અધ્યક્ષતામાં મને સમાધાન સમિતિના અધ્યક્ષ અને ઉપપ્રમુખ તરીકે સેવા કરવાનો મોકો મળ્યો તે અવિસ્મરણીય અને યાદગાર બની રહેશે. આ સેવા કરવામાં તમામ હોદ્દેદારો અને સમાજના લોકોનો સાથ-સહકાર મળ્યો તે બદલ સમગ્ર રઘુવંશી સમાજનું ઋણ સ્વીકાર કરું છું.

તેમના કાર્યોની ઝલક જોઈએ તો-

૧) ન ભૂતો ન ભવિષ્યતિ માતૃસંસ્થા માટે સિદ્ધપુરમાં ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની ભાગવત કથાનું આયોજન કરી લાખો રૂપિયાનું દાન મેળવ્યું અને પોતે પણ આપ્યું અને ખર્ચ બાદ કરતાં જે રકમ વધી તે પણ લાખો રૂપિયામાં હતી તે મહાપરિષદને અર્પણ કરી.

૨) શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે પોતાના પિતાશ્રીના નામથી એક કરોડ રૂપિયાનું દાન આપી કે.સી. ઠક્કર પાસેથી પણ એક-એક કરોડ જેવું માતબર દાન લઈ શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે જ્ઞાતિના હજારો જરૂરિયાતમંદ લોકોની સેવા કરી છે.

૩) અમદાવાદની ભાગવત સોલા વિદ્યાપીઠમાં ટ્રસ્ટી તરીકે નિમણૂંક પામી શ્રી ખીમજી ભગવાન ટ્રસ્ટમાંથી સતીષભાઈ વિઠલાણી મારફત પણ રૂપિયા ૧ કરોડ ૫૧ લાખનું દાન લઈ ૪૦ એ.સી. રૂમો, બેન્કવેટ હોલ, કોન્ફરન્સ હોલ, પાર્ટી પ્લોટ અંદાજે ૪ કરોડના ખર્ચે નિર્માણ કરી નજીવી કિંમતથી સમાજના લોકોને રહેવાની વ્યવસ્થા મળે અને અમદાવાદમાં સારવાર માટે આવતા દર્દીઓ અને સગાંઓને મહાજનની ભલામણથી કોઈપણ જાતના ચાર્જ સિવાય રૂમ આપવી તેવું નક્કી કરેલ છે.

૪) લગભગ ૨૫ હજારની મેડીકલ કીટ ટ્રસ્ટ અને સમાજના મહાજન માટે ફક્ત પાંચ હજાર રૂપિયામાં આપવાનં શરૂ કરેલ છે.

૫) યુવા વર્ગના ઉત્થાન માટે કાથરાણી દાદાના પરિવારના સહયોગથી દર વર્ષે ક્રિકેટ મેચનું આયોજન પણ અલગ-અલગ સેન્ટરો પર કરવામાં આવે છે. આ પાંચ વર્ષ દરમ્યાન કહેવત છે કે Well Begin is half done તે મુજબ પ્રથમ કારોબારી સુરત મુકામે ૧૦-૧૧ ઓક્ટોબર ૨૦૧૫માં જલારામ સેવા સમાજ ટ્રસ્ટના પ્રમુખ ધનવાનભાઈ કોટક અને શૈલેષભાઈ સોનપાલના આમંત્રણથી ભવ્યાતિભવ્ય




આયોજન કરી મિટીંગમાં ગયેલા તમામ લોકોની આગતા-સ્વાગતા ભવ્યતા અને વિવિધતાથી કરવામાં આવી અને ત્યાર પછી જ્યાં-જ્યાં કારોબારીની મિટીંગો થઈ તે પણ એકબીજાથી ચડિયાતી સગવડો દ્વારા મિટીંગોનું આયોજન થયું તે પણ પ્રવીણભાઈ માટેનું માન-સન્માનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

અંતમાં, આ સમગ્ર સેવા અને તેમની પ્રશંસનીય કામગીરી તેમજ તેમની બાહોશતા અને તેમના સ્વભાવ અને સૌને સાથે લઈ નમ્રતાથી સુંદર વહીવટ કરવા બદલ વરણી સમિતિએ તેઓની ફરી પ્રમુખ તરીકે પાંચ વર્ષ માટે સર્વાનુમતે વરણી કરેલ છે.

**- શ્રી ઠાકોરભાઈ ઠક્કર, બરોડા**
**વિભાગીય ઉપપ્રમુખ - ગુજરાત, શ્રી લોહાણા મહાપરિષદ**



# કચ્છ વિભાગ



શ્રી લોહાણા મહાપરિષદ ની ૨૦૧૫-૨૦૨૦ ની ટર્મમાં કચ્છ વિભાગ દ્વારા શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ , થેલેસેમિયા, સ્કીલ ડેવલપમેન્ટ ,રઘુકુલ વિશ્વ  વિગેરે ના ઘણા કાર્યો થયેલા છે અને મહાપરિષદ લેવલે દેશની દરેક મિટિંગ , સિધ્ધપુર મધ્યે યોજાયેલી  માતૃ તર્પણ ભાગવત સપ્તાહ તથા દેશ બહાર દુબઈમાં કન્વેન્શન હોય , સોલા ભાગવત અતિથિ ભવન હોય  કે ઓમાન(મસ્કત), યુગાન્ડા (કંમ્પાલા) તથા કેન્યા (કુસુંબુ) ના પ્રવાસ મા પણ સાથે રહી મહાપરિષદ ની દરેક જ્ઞાતિ હિતની દરેક  પ્રવૃત્તિ મા કચ્છ વિભાગ સાથે રહેલ છે .

કચ્છ વિભાગ ના વિભાગીય ઉપપ્રમુખ શ્રી કે . સી . ઠકકર પ્રેરિત માધવ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા એક કરોડ ની ધન રાશી સંકલ્પિત કરેલ તે પૈકી ૭૫ લાખ મહાપરિષદ મા જમા પણ કરાવી દીધા છે. કચ્છ વિભાગ ના વિભાગીય ઉપપ્રમુખ શ્રી કે સી ઠકકર દ્વારા કચ્છ ના દરેક તાલુકા મા દર વર્ષે  નિઃશુલ્ક અથવા MRP ના ૨૫ % (૧૦ ₹) ના ભાવે નોટબુકોનુ જ્ઞાતિના  વિધાર્થીઓને વિતરણ કરવામાં આવેલ છે.



દર વર્ષે ચોમાસામાં પર્યાવરણ સમિતિ અંતરગત વૃક્ષારોપણ કરવામાં આવેલ છે.  ખાસ તો વિભાગીય ઉપપ્રમુખ શ્રી કે સી ઠકકર ના જન્મ દિવસ ૧૦ જુનના પોતાના સ્વ ખર્ચે વૃક્ષારોપણ પ્રોગ્રામ રાખવામાં આવે છે. સ્કીલ ડેવલપમેન્ટ સમિતિ દ્વારા રાપર મા સ્કીલ ડેવલપમેન્ટ કેન્દ્ર ચાલું કરેલ છે અને ભચાઉ, ગાંધીધામ,આદિપુર ના કેન્દ્રો ની સરકાર શ્રી માથી મજુરી મેળવેલ છે.

થેલેસેમિયા નાબુદી અભિયાન દ્વારા દરેક સામાજિક ઉત્સવ (દરિયાલાલ જયંતી, જલારામ જયંતી) , જીલ્લામાં યોજાયેલ દરેક સમુહ લગ્ન વિગેરે પ્રસંગે કેમ્પ યોજાયેલ છે અથવા થેલેસેમિયા નાબુદી માટે પ્રચાર પ્રસાર  કરાયેલા છે. કચ્છ વિભાગ ના વિભાગીય ઉપપ્રમુખ શ્રી કે સી ઠકકર ના નેતૃત્વ નીચે વર્ષે ૨૦૧૫ તથા ૨૦૧૬ મા ભવ્ય સમુહ લગ્ન યોજાયેલ.

શ્રી રઘુકુળ વિશ્વના આશરે ૩૦૦ સભ્યો કચ્છ માથી આ ટર્મમાં કરવામાં આવેલ છે. પર્યાવરણ સમિતિને શરૂઆતમાં જ એક લાખનું ડોનેશન આપી પ્રોત્સાહિત કરાયેલ . સિધ્ધપુર મધ્યે માતૃતર્પણ ભાગવત સપ્તાહ યોજાયેલ ત્યારે પણ  રસ લઈ કચ્છ માથી પણ સારી એવી





પોથીઓ થયેલ અને ભાગવત સપ્તાહ મા પણ હાજરી આપેલ.

કોરોના કાળમા પણ શ્રી તલકસીભાઈ દલછારામ ટ્રસ્ટ ના સહયોગથી મહાપરિષદ દ્વારા રાશનકિટ જરુરમંદ જ્ઞાતિ જનોને મલે તે માટે દરેક તાલુકા હેડકવાર્ટર ના મહાજન અથવા સંસ્થા નો સંપર્ક કરી ફોલોઓફ કરી આશરે ૭૫૦ રાશનકિટની સહાય પહોચાડેલ અને ગુજરાત રાજ્ય ની આત્મનિર્ભર યોજના અતરગત એક લાખ (વાર્ષિક ૨%) અને ૨.૫૦ લાખ ની (વાર્ષિક ૪% વ્યાજે ) લોન ગાંધીધામ ના આપણી જ્ઞાતિના વેપારીઓને અંગત રસ લઈ અપાવેલ છે . મહાપરિષદ દ્વારા દર વર્ષે અપાતા જ્ઞાતિ એવોર્ડ સાથ સહકાર આપેલ છે છેલ્લે ગોંધિયા મુકામે મહર્ષિ એવોર્ડ પુજય ચંદુમાને અને શ્રેષ્ઠ રઘુવંશી વિશિષ્ટ પ્રતિભા નો એવોર્ડ શ્રી મહેશભાઈ સહિત ચાર એવોર્ડ એનાયત થયેલ. આ અગાઉ પૂજ્ય રતનશીબાપા ને મહર્ષિ એવોર્ડ તથા શ્રી હરીશભાઈ ગણાત્રા વિ ને એવોર્ડ એનાયત થયેલ છે.


વર્ષ ૨૦૨૦-૨૦૨૫ ની ટર્મ માટે મધ્યસ્થ મહાસમિતિના સભ્યો માટે દરેક તાલુકા હેડકવાર્ટર ના મહાજન, બીજા મહાજનનો તથા સંસ્થાઓ નો રૂબરૂ અથવા ટેલીફોનીક સંપર્ક કરી, ફોલોઅપ કરી મહાપરિષદ ની બંધારણ અનુસાર વધારે મા વધારે ફોર્મ ભરાય તે કોશિશ કરેલી. કચ્છ માથી ૧૦૦ કરતાં વધારે સભ્યો થયેલ છે જે અગાઉ કરતાં ઘણાજ વધારે છે . જ્ઞાતિના દરેક સામાજિક કાર્યો સમુહ લગ્ન,છાત્રાલય, ગૌશાળા, નેત્રયજ્ઞ હોય કે કચ્છ જીલ્લા કક્ષાના સંગઠનો અખિલ કચ્છ મહાજન તથા કચ્છ રઘુવંશી સોશ્યલ ગ્રુપ તેની જ્ઞાતિ હિતની દરેક પ્રવૃત્તિ મા કચ્છ વિભાગ સાથે રહેલ છે. ગુજરાત મા જ્ઞાતિની કોઈ વ્યક્તિ અન્યાય થયેલ હોય કે અજુગતું થયેલ હોય ત્યારે આવેદનપત્ર આપવુ કે રજૂઆત કરવી હોય ત્યારે અંગત રસ લીધેલ છે. ૧૦/૧૨ ની પરીક્ષા વખતે વિદ્યાર્થિઓ ને પ્રોત્સાહિત કરવાના કે નગરપાલિકા વિગેરે ચૂટણી મા જ્ઞાતિના ઉમેદવારો ને સાથ સહકાર આપેલ છે. જ્ઞાતિના દરેક સામાજિક પ્રોગ્રામ મા શ્રી લોહાણા મહાપરિષદ ની પ્રવૃત્તિઓનો પ્રચાર પ્રસાર કરાવામાં આવેલ છે.



દરેક પ્રવૃત્તિ મા કચ્છ વિભાગ ના દરેક હોદ્દેદારો શ્રી મુકેશભાઈ (મહામંત્રી ) ,શ્રી સુરેશભાઈ (PRO) , શ્રી રાજેશભાઈ પલણ , યુવા અધ્યક્ષ અતુલભાઈ, મત્રી નિલેષભાઈ તથા મહિલા અધ્યક્ષ શ્રીમતી સુશીલાબેન વિગેરે એ કચ્છ વિભાગ ના વિભાગીય ઉપપ્રમુખ શ્રી કે સી ઠકકર ની સાથે રહી સાથ સહકાર આપેલ છે .

**- શ્રી કે. સી. ઠક્કર, ગાંધીધામ**
**વિભાગીય ઉપપ્રમુખ - કચ્છ, શ્રી લોહાણા મહાપરિષદ**

## સૌરાષ્ટ્ર વિભાગ



# જય જલારામ.... જય રઘુવંશ.....

સમગ્ર વિશ્વના લાખો રઘુવંશીઓનું પ્રતિનિધિત્વ કરતી ૧૨૫ વર્ષ જૂની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા સૌરાષ્ટ્ર વિભાગની જવાબદારી, જ્ઞાતિ શ્રેષ્ઠી શ્રી સુરેશભાઈ ચંદારાણા (ઉદ્યોગપતિ -રાષ્ટ્રપતિ ચંદ્રક વિજેતા) ને પાંચ વર્ષ પૂર્વે સોંપવામાં આવી તેમના નેતૃત્વમાં સૌરાષ્ટ્ર વિભાગ દ્વારા તેમના સહયોગી અન્ય હોદેદારો, જ્ઞાતિ શ્રેષ્ઠીઓ, મહાજનો, દાતાઓ તથા કાર્યકર્તાઓના સથવારે જ્ઞાતિના લાભાર્થે અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી જેવી કે, સાંસ્કૃતિક, શૈક્ષણિક, ધાર્મિક, મેડિકલ, પર્યાવરણ, જીવદયા, ગૌસેવા વગેરે વિવિધ પ્રવૃત્તિઓ સતત કરવામાં આવી જેનો સંક્ષિપ્ત અહેવાલ અહીં પ્રસ્તુત છે

શ્રી વિશ્વ લોહાણા મહાપરિષદના પ્રમુખશ્રી પ્રવીણભાઈ કોટક ના જન્મદિવસ નિમિતે તારીખ ૨૧ નવેમ્બરના રોજ રક્તદાન કેમ્પનું ભવ્ય આયોજન આન ઓટોમોબાઈલ્સ, કુવાડવા રોડ, રાજકોટ ખાતે કરવામાં આવેલ. વર્ષ ૨૦૧૬ ને થેલેસેમિયા નાબુદી વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કરેલ. એ પ્રમાણે અવાર-નવાર કેમ્પ કરીને થેલેસેમિયા ટેસ્ટ માટેની કાર્યવાહી કરવામાં આવેલ હતી. શ્રી લોહાણા મહાપરિષદ (રમત ગમત સમિતિ) દ્વારા રઘુવંશીઓના પાટનગર સમા રાજકોટ ખાતે આંતરરાષ્ટ્રીય રઘુવંશી ક્રિકેટ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી જલારામ ધામ ચોટીલા મુકામે તારીખ ૧૩ મે ૨૦૧૭ ના રોજ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા જીવનસાથી પસંદગી પરિચય મેળો યોજાયેલ હતો.

શ્રી સુરેશભાઈ ચંદારાણાના વિશાળ ઔદ્યોગિક પરિસર ધવલ એગ્રી એક્સપોર્ટ્સના ફાર્મ હાઉસ ખાતે પર્યાવરણ સમિતિના સહકારથી વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. માતૃતીર્થ સિદ્ધપુર ખાતે મહાપરિષદ દ્વારા પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના વ્યાસાસને યોજાયેલ શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં - પૂ. મોરારીબાપુ દ્વારા કમીજલા ગામ ખાતે યોજાયેલ માનસ રઘુવંશ રામકથામાં સૌરાષ્ટ્ર વિભાગના તમામ અગ્રણીઓએ તન, મન અને ધન થી સહકાર આપ્યો હતો. શ્રી રઘુકુળ વિશ્વમાં સૌરાષ્ટ્ર વિભાગ દ્વારા વિશાળ સંખ્યામાં લવાજમો એકત્ર કરાયા હતા, જેના દ્વારા જ્ઞાતિને સમાચારો મળતા રહે છે. ભારત અને વિશ્વના અન્ય સ્થળોએ યોજાયેલ મીટીંગોમાં સૌરાષ્ટ્ર વિભાગના હોદેદારો, કારોબારી સભ્યોએ ઉત્સાહપૂર્વક ટીમવર્કથી ભાગ લીધો હતો.

રઘુવંશી પરિવાર, રાજકોટ દ્વારા સૌરાષ્ટ્ર વિભાગના સથવારે સ્થાનિક મહાજનો ના પ્રશ્નો સમજી તેમને મહાપરિષદની પ્રવૃત્તિ થી માહિતગાર કરી સંગઠન મજબૂત કરવા પ્રયત્ન કર્યા હતા.

કોરોનાની મહામારીના દુષ્કર સમયમાં જ્ઞાતિના જરૂરિયાતમંદ પરિવારો, ને અનાજ કીટ વિતરણ, યથાશક્તિ આર્થિક સહાય ફરજના ભાગરૂપે કરવામાં આવી. ફરીથી શ્રી પ્રવીણભાઈ કોટકને સુકાન સોંપવાની વરણી સમિતિની કામગીરીમાં પણ મહાપરિષદ ના સૌરાષ્ટ વિભાગે હર્ષભેર પોતાની સંમતિ આપી અને સમગ્ર પ્રકિયા સરળતાથી, સુચારૂરૂપે પૂર્ણ થાય તે માટે મદદરૂપ થયા હતા.

**- શ્રી સુરેશભાઈ ચંદારાણા**
**વિભાગીય ઉપપ્રમુખ (સૌરાષ્ટ્ર વિભાગ)**

## વિદર્ભ સહ મધ્યભારત



શ્રી લોહાણા મહાપરિષદના ઈતિહાસમાં સુવર્ણમય દિવસ ૫ જુલાઈ, ૨૦૧૫ના માઁ સરસ્વતીના પુત્ર, માઁ લક્ષ્મીના આશીર્વાદથી રઘુવંશી સમાજના ઉદ્યોગપતિશ્રી પ્રવિણભાઈ તલકશીભાઈ કોટક દ્વારા અખિલ વિશ્વ લોહાણા મહાપરિષદનું અંતરરાષ્ટ્રીય પ્રમુખ પદ સ્વીકાર્યું ત્યારથી આજ સુધી શ્રી લોહાણા મહાપરિષદનું કાર્યક્ષેત્ર તથા કાર્ય પોતાના કુશળ સ્વભાવ નાનાથી મોટા સુધી લઈને સહયોગી પદાધિકારી, સમિતિના સંયોજકો તથા વિભાગીય ઉપપ્રમુખો સાથે મળીને મહાપરિષદની વિભિન્ન યોજનાઓને ગતિશીલ બનાવી ભારતના તમામ સ્થાનીય મહાજનો સાથે મળીને રઘુવંશીઓના ઘરે ઘરે પોચાળવાનું કામ કરેલ.

મહાપરિષદની યોજનાઓમાં આજીવનના બે અમુલ્ય વિષય શિક્ષણ તથા આરોગ્યને મહત્ત્વના આપી શિક્ષણ સમિતિ દ્વારા દર વર્ષે લગભગ ૧૪ થી ૧૫ હજાર વિદ્યાર્થીઓને સ્કોલરશીપ યોજનાઓનું જેમાં મહાપરિષદના ૭૦% તથા સ્થાનિક મહાજનના ૩૦% શિક્ષણ નિધી આપવાનું કાર્ય તથા ઉચ્ચ શિક્ષણ માટે વિદ્યાર્થીઓને રૂ. ૧ લાખ સુધીની મદદ વિદ્યાર્થીઓને આપી એમને પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ યોજનાઓ સમાજના શ્રેષ્ઠીઓ આદરણીય રોનક પ્રતાપભાઈ દત્તાણી એજ્યુકેશન ટ્રસ્ટ, ખિમજી ભગવાનજી ચેરિટેબલ ટ્રસ્ટ, શ્રી ધીરુભાઈ જીવરાજાની, શ્રી ધર્મેશભાઈ હરિયાણી, શ્રી કે.સી. ઠક્કર, શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી જેવા દાનદાતાઓના સહયોગથી પ્રતિવર્ષ આપવામાં આવે છે.

જીવનનો બિજો મહત્ત્વપુણ વિષય એટલ આરોગ્ય. શ્રી તલકશીભાઈ દલછારામ કોટક ચેરિટેબલ ટ્રસ્ટ (શ્રી પ્રવિણભાઈ તથા શ્રી જયેશભાઈ કોટક પરિવાર) દ્વારા મહાપરિષદમાં એક કરોડ રૂપિયાની ધન રાશી આપેલ. ભારતવર્ષમાંથી રઘુવંશી સમાજના કોઈપણ દર્દીને ઈલાજ કરવા મોટો મોટો ખર્ચ હોય ત્યારે મહાપરિષદથી ૧ લાખ રૂપિયા સુધીની મદદ સિધે હોસ્પ્ટલના એકાઉન્ટમાં મોકલવામાં આવે છે.

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા સમાજની એકતા અખંડતા સાથે વિશ્વના સમસ્ત રઘુવંશી ભાઈઓ બહેનો એક બિજા સાથે ઓળખાણ થાય તેના સતત પ્રયાસો કરી તે શ્રૃંખલામાં કમિજલા માં પૂજ્ય શ્રી મુરારી બાપુની રામકથાનું આયોજનકરી તેમાં લગભગ ૩૦ હજાર રઘુવંશીઓનું સંમેલન, સિદ્ધપુરમાં માતૃતર્પણ માટે પૂ. રમેશભાઈ ઓઝાની શ્રીમદ્ ભાગવકથા સામુહિક જ્ઞાનયજ્ઞ એનો આયોજન કરેલ.

અમદાવાદના એસ.જી. હાઈવે રોડ પર પૂ. કૃષ્ણશંકર દાદાની જગ્યા શ્રી ભાગવત વિદ્યાપીઠના ભવનને ૪ કરોડ રૂ. ખર્ચ કરી ૪૦ એસી રૂમ, ૪ મોટા હૉલ, પાર્ટી પ્લોટનું નૂતનીકરણ કરેલ. તે માટે ખિમજી ભગવાનજી ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે શ્રી સતિશભાઈ વિઠલાણી, મુંબઈ તરફથી ૧ કરોડ ૫૧ લાખ રૂ.ની ભેટ રાશી મહાપરિષદને આપી અતિથિ ભવન ઉપર પોતાના પરિવારનું નામ આપેલ.

દેશ વિદેશથી અમદાવાદ આવતા રઘુવંશી પરિવારો આરોગ્ય અથવા શિક્ષણ માટે આવતા તેમને સ્થાનિક મહાજનોના ભલામણ



પત્રથી નિઃશુલ્ક રહેવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. વ્યક્તિગત કાર્ય કરવા આવતા પરિવારોને નામ માત્ર શુલ્ક ઉપર હોટેલ જેવી સગવડતા દ્વારા રૂમો ઉપલબ્ધ કરવામાં આવે છે.

અન્ય કાર્યોનું વિસ્તારમાં ઉલ્લેખ ન કરતા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા થેલેસેમિયા નાબુદી અભિયાન, રઘુવંશી પરિચય મેળાવો, રમત ગમત સમિતિ દ્વારા આંતરરાષ્ટ્રીય રઘુવંશી ક્રિકેટ ટુર્નામેન્ટ, પર્યાવરણ સમિતિ દ્વારા સંપૂર્ણ ભારતવર્ષમાં વૃક્ષા રોપણનું કાર્ય, વાત્સલ્ય સમિતિ દ્વારા દર્દીઓની આકસ્મિક જરૂરતની એવી મેડિકલ કિટ જેની કિંમત ૨૫ હજાર રૂ. છે. તે મહાજનો અથવા સંસ્થાઓને માત્ર ૫૧૦૦/-માં આપવામાં આવે છે. પ્રોફેશનલ સમિતિ દ્વારા સમાજના પ્રમુખ પદવીધરોને ડૉક્ટર, ઍડવ્હોકેટ, સીએ અન્ય વિષયોના અગ્રનિયો સાથે શ્રી લોહાણા કનેક્ટીવ પ્રોજેક્ટ, આંતરરાષ્ટ્રીય રઘુવંશી એવોર્ડમાં સમાજના વિભિન્ન ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્ય માટે ૧૭ રઘુવંશી એવોર્ડ આપવામાં આવે છે. જેથી સમાજના અન્ય લોકો પ્રોત્સાહિત થઈ સમાજના વિભિન્ન ક્ષેત્રોમાં રઘુવંશીનો ધ્વજ લહેરાવે.

કોવીડ ૧૯ એટલે કોરોના જેવી મહામારીના બીમારીમાં રઘુવંશી સમાજના યુવાનોને, ડૉક્ટરોને, સરકારી કર્મચારીઓની સેવાને બિરદાવી મહાપરિષદના અંતર્ગત મહાજનો, સંસ્થાઓ, વ્યક્તિગતરૂપે અન્ન ક્ષેત્રમાં તથા અન્યરૂપે રઘુવંશી હિરો તરીકે પ્રમાણપત્ર આપી સન્માનિત કરીને મહાપરિષદથી જોડવાનું ઉલ્લેખનીય કાર્ય સમસ્ત ભારતવર્ષમાં થયેલ. અમદાવાદ ખાતે કોટક પરિવાર દ્વારા ઈસ્કૉન મેગા મોલમાં માનવસેવાને ધ્યાનમાં રાખી કોઈપણ પ્રવાસીઓની રોકાવાની તથા જમવાની વ્યવસ્થા કોટક પરિવારે કરી હતી.


મારા કાર્યકાળ એપ્રિલ ૨૦૧૭થી ઑગસ્ટ ૨૦૨૦ સુધી વિદર્ભ મધ્યભારતના શિક્ષણ સમિતિ દ્વારા લગભગ ૫૫-૬૦ લાખ રૂપિયા તેમજ આરોગ્ય સમિતિ દ્વારા દર્દીઓને ૧૦-૧૨ લાખ રૂપિયાની મદદ આવેલ છે.

મહાપરિષદને આંતરરાષ્ટ્રીય સ્તર પર લઈ જઈને વિશ્વના રઘુવંશી પરિવારોને જોડનાર, પરિવાર સાથે તન-મન-ધનથી સમાજની સેવા કરનાર, મોટાને વંદન કરી મિત્રોને આપણા બનાવી, મારા જેવા નાના કાર્યકર્તાનો હાથ ધરી હિમ્મત વધારવાનું કામ કરનાર આવા આંતરરાષ્ટ્રીય પ્રમુખ શ્રી પ્રવીણભાઈ કોટકને એમના કાર્યો માટે કોટી કોટી વંદન. આવતા ૫ વર્ષ તેમના સાથે કાર્ય કરવાનું લાહવો મળે તથા સમસ્ત સમાજને હાથ જોડી વંદન કરી પ્રાર્થના. આવા હીર પ્રમુખ સમાજને વારંવાર મળતા રહે તે શુભેચ્છા...

**શ્રી નરેન્દ્રભાઈ દાવડા, નાગપુર**
**વિભાગીય ઉપપ્રમુખ - વિદર્ભ સહ મધ્યભારત, શ્રી લોહાણા મહાપરિષદ**



## મુંબઈ સહ મહારાષ્ટ્ર



શ્રી લોહાણા મહાપરિષદના પાયામાં અનેક વડીલોની તપશ્ચર્યા છે , જ્ઞાતિજનોની તપશ્ચર્યા છે , પણ ૨૦૧૫થી શ્રી લોહાણા મહાપરીષદ ની અંદર વસંત ઋતુ એ સરસ ઓપ લીધો છે .

૨૦૧૫ માં શ્રી પ્રવીણભાઈ કોટકે મહા પરિષદનું નેતૃત્વ સંભાળ્યું ત્યારથી મહા પરિષદમાં ઉત્સાહનો ઉમળકો આવ્યો છે. દરેક વ્યક્તિને મહાપરિષદ માટે કઈ ને કઈ કરી છૂટવાની ભૂખ જાગી છે, અને આ ભૂખ જાગવાનું કારણ મહા પરિષદનું નેતૃત્વ છે.

મને યાદ છે જ્યારે પ્રવીણભાઈ ને જ્યારે મહાપરિષદ નેતૃત્વ સંભાળવાની વિનંતી કરવામાં આવી ત્યારે તેમણે બહુ નાનકડી પણ અત્યંત વિશાળ એવી શરત મૂકેલી કે મહાપરિષદ ની અંદર રહેલા વિવાદો કોઈપણ જાતની શરત વગર પૂર્ણ થતા હોય તો જ હું જ્ઞાતિ સેવક તરીકે જવાબદારી સ્વીકારવા તૈયાર છું , અને જલારામ બાપાને કૃપાથી તમામ પદાધિકારીઓએ અલગ-અલગ જ્ઞાતિજનોએ કોઈપણ જાતની શરત વગર જે જે વાદવિવાદો હતા તે તે સર્વ વાદવિવાદો ને પૂર્ણવિરામ આપવાનું માન્ય કર્યું અને પૂર્ણ વિરામ અપાયું .હું આ વાતને લોહાણા જ્ઞાતિ પર ભગવાનનો રહેલો પ્રેમ આ કહીશ તો કહી અસ્થાને ગણાશે નહીં .

મને તે પણ વાત યાદ છે કે પ્રવિણભાઈએ મહા પરિષદનું નેતૃત્વ સંભાળતા પહેલા નાસિક આવેલ અને ગુજરાતના બધા કાર્યકરો સાથે પોતાની ગાડી ખાલી રવાના કરી અને રાત આખી બસમાં પ્રવાસ કરીને ,લોહાણા જ્ઞાતિને આટલી મોટી વ્યક્તિ અત્યંત સર્વ સામાન્ય ની જેમ વર્તીને બધા ભાઈઓમાં હળીમળીને રહે આ એક અત્યંત ગર્વ ની વાત છે.

પ્રવીણભાઈ નથી ફોટા પાડવા ની પાછળ પડ્યા, નથી બહુ પ્રસિદ્ધિ ની પાછળ પડ્યા. ૨૦૧૫ પછી તેમણે સુકાન સંભાળ્યું તે માત્ર જ્ઞાતિ ઉત્કર્ષ માટે દરેક જ્ઞાતિજન ને આગળ લઈ જવા માટે અને જ્ઞાતિ સંગઠન મજબૂત કરવા માટે કામ કરેલ છે.

પ્રવીણભાઈ ના નેતૃત્વ ના હિસાબે મહા પરિષદમાં બધા કાર્યકરોમાં કામ કરવાનો ઉત્સાહ જાગેલો છે. મને યાદ છે કે ગુજરાતમાં પહેલી જ મિટિંગ માં પ્રવિણભાઈએ બધા જ મહાજન શ્રેષ્ઠીઓને સ્ટેજ પર સંપૂર્ણ સાષ્ટાંગ નમસ્કાર કરી અને દરેક ભાઈઓને જ્ઞાતિ ને માટે અત્યંત ભાવપૂર્ણ હૃદયથી સાથે મળી કાર્ય કરવા વિનંતી કરેલ હતી .

લોહાણા જ્ઞાતિ માટે કંઈ કામ કરવું જોઈએ આ વાતનો મારી અંદર ઉત્સાહ ભરવા માટે પણ હું પ્રવીણભાઈ ને જવાબદાર ગણું છું , પ્રવીણ ભાઈ ની સાથે જ્ઞાતિનું કામ કરતી વખતે કુટુંબમાં ભાઈઓની સાથે કામ કરતી વખતે જેમ કામ કરતા હોઈએ અને વધારે ઉત્સાહ મળતો જાય તેવો અનુભવ મળ્યો.



કેટલીક વ્યક્તિ ની અંદર ભગવાને નૈસર્ગિક ઉત્સાહ ભરેલો હોય છે બેંગ્લોરમાં શ્રી શ્રી રવિશંકરજીના આશ્રમમાં પ્રવીણભાઈ અને અમુક મિત્રો સાથે હતા ત્યાં આગળ આશ્રમની મર્યાદાઓ છોડી અને પ્રવીણભાઈ ના પ્રેમ ખાતર ત્યાંની વ્યવસ્થામાં ફેરફાર કરવામાં આવેલ અને એ પણ કોઈપણ જાતના આગ્રહ વગર પ્રવીણ ભાઈ ને આનંદ મળે એ માટે આશ્રમની વ્યવસ્થામાં ફેરફાર થયેલો હતો , તેજ પ્રમાણે કર્ણાટકના ગવર્નર ના બંગલા ની અંદર લોહાણા મહાપરીષદ ની મીટીંગ અને તે પણ ગવર્નર સાહેબની હાજરીમાં લોહાણા




ધ્વજવંદન ગીત સાથે આ પણ એક અનોખું ચિત્ર હતું.

પ્રવીણભાઈ ને કારણે કેટલાય સંતો મહંતો લોહાણા જ્ઞાતિને લોહાણા મહાપરિષદ ને અલગ-અલગ કાર્ય ક્રમો માં આવી ને આશીર્વાદ આપ્યા.

હું આ ચીજનો સાક્ષી છું કે ૨૦૧૫ થી પ્રવિણભાઈએ પોતાનો ૯૦% સમય મહા પરિષદને આપેલો છે ,દરેક સામાજીક સંસ્થાઓમાં લગભગ નેતૃત્વની પરિસ્થિતિ એવી હોય છે કે પ્રથમ સંસ્થા નેતૃત્વને મોટું કરે અને પછી નેતૃત્વ સંસ્થા માટે કામ કરે પણ અહીંયા પરિસ્થિતિ અલગ છે પ્રવિણભાઈએ મહા પરિષદને એક ઊંચા શિખર પર લઈ ગયા અને અલગ બેન્ચમાર્ક સેટ કરેલો છે.

મારા પર મુંબઈ શહેર મહારાષ્ટ્રની જવાબદારી સોંપવામાં આવેલી ૨૦૧૫ પહેલા લગભગ ૧૩થી ૧૪ મહાજનો કાર્યરત હતા પ્રવીણ ભાઈના નેતૃત્વ થકી પ્રવીણભાઈ ને સાથે લઈને આજે એકંદર ૫૩ મહાજન અને સંસ્થાઓ મહારાષ્ટ્રની અંદર કાર્યરત છે. મહારાષ્ટ્ર અને મુંબઈ ના મહાજનો તેમજ સંસ્થાઓ લોહાણા જ્ઞાતિજનોને શિક્ષણ અને વૈદકી ય ક્ષેત્રે બહુ મોટો સહયોગ આપે છે.

છેલ્લા પાંચ વર્ષ દરમિયાન મહા પરિષદના ઈતિહાસમાં નોંધાઈ એવા કાર્યો થયેલા છે , જેમાં મુખ્યત્વે કરીને આદરણીય મોરારિબાપુ ની રામકથાનું આયોજન , માતૃ સંસ્થા દ્વારા ઉચ્ચ શિક્ષણ માટે માધવ હાયર એજ્યુકેશન ટ્રસ્ટ અંતર્ગત મુખ્ય દાતા શ્રી કે.સી ઠક્કર તરફથી એક કરોડ રૂપિયાની ધન રાશિ સંકલ્પ કરેલ તેમજ આરોગ્ય માટે તલકસીભાઈ દલછા રામ કોટક પરિવારે એટલે આપણા પ્રમુખ પ્રવિણભાઈ કોટક ના પરિવારે એક કરોડ ની ધનરાશિ સંકલ્પિત કરેલ છે.

અત્રે એ પણ ઉલ્લેખ કરવો જરૂરી છે કે પંદર હજાર જેટલા વિદ્યાર્થીઓને સ્થાનિક મહાજન શ્રીઓના ૩૦% સહયોગથી સ્વ રોનક પ્રતાપરાય દત્તાણી એજ્યુકેશન ફાઉન્ડેશન અંતર્ગત પ્રતાપભાઈ દત્તાણી દ્વારા રૂપિયા ૧ કરોડની ધન રાશિ સંકલ્પિત કરી દર વર્ષે આ યોજના અંતર્ગત ધન રાશિ માતૃસંસ્થા ની પ્રસાદી રૂપે અનેક પરિવારોમાં અને સંલગ્ન મહાજનશ્રીઓના સંકલન અને સહયોગથી પહોંચાડવામાં આવે છે.


માતૃસંસ્થા લોહાણા મહાપરીષદ નિયમિત રીતે યોજાતી કારોબારી તેમજ મધ્યસ્થ મહા સમિતિની બેઠકો ઉપરાંત દેશ-વિદેશમાંથી આવી રહેલા રઘુવંશીઓ એકબીજાની સાથે આત્મીયતા વધારે વિચારોનું આદાન-પ્રદાન થાય તે માટે અનેક સંમેલનનો કારોબારી ની મીટીંગ ઓ દેશ-વિદેશમાં હોદ્દેદારો અને ચિંતન બેઠકો દુબઈ ખાતે લોહાણા **convention** અનેક પ્રસંગો મહા પરિષદમાં આવેલો જોશ દર્શાવે છે.

લખવા જેવું ઘણું છે કહેવા જેવું ઘણું છે પરંતુ શબ્દોને મર્યાદાઓ હોય છે હું પોતાને ભાગ્યશાળી સમજુ છું કે મહા પરિષદમાં મને કાર્ય કરવાનો મોકો મળ્યો.

આ નિમિત્તે જલારામ બાપાને પ્રાર્થના કરીશું કે મહાપરિષદ ને પ્રવીણભાઈ નું નેતૃત્વ મળતું રહે વડીલોના આશીર્વાદ મળતા રહે જલારામ બાપા પાસેથી બળ મળતું રહે અને બધાએ સાથે મળી સંગઠિત થઈ અને ખભે ખભા મિલાવીને કામ કરીએ.

**શ્રી જીતેન્દ્રભાઈ ઠક્કર, નાસિક**
**વિભાગીય ઉપપ્રમુખ - મુંબઈ સહ મહારાષ્ટ્ર, શ્રી લોહાણા મહાપરિષદ**

# South India Zone



**Jai Jalaram...** **Jai Mahaparishad...**



Shri Pravinbhai Kotak completed his first term as the President of Shree Lohana Mahaparishad for 2015-2020, and I would like to take this opportunity to acknowledge my privilege of working as Vice President of the south zone under him.

Without taking away any due credit to his predecessors, I would like to emphasize that Pravin Bhai's dynamic personality and firm leadership skill has taken Shree Lohana Mahaparishad to great heights and also given it a global platform by bringing our community from across the globe together. He has set a higher benchmark for himself and his successors.

During his tenure, he worked on a wide scope of issues but primarily in health and education sectors. LMP has reached out to gnyati bandhus by providing funds for medical and education to the needy.

Amidst the present Pandemic, in his personal capacity he has provided food and shelter to a large number of migrants and also carried out covid tests for a large section of the society.


Such noble activities and service to humanity is possible only with blessings of the Almighty and ancestors.

I sincerely wish that he continues his endeavours for upliftment of the lohana community and society at large.

**Shri Mukeshbhai Saglani, Goa.**
**Vice President - South Zone, Shree Lohana Mahaparishad**



# શુભેચ્છા સંદેશ



## જય જલારામ
## જય રઘુવંશ
## જય મહાપરિષદ

રઘુવંશી ઇતિહાસમાં ૨૦૧૫થી ૨૦૨૦ દરમિયાન એક સુવર્ણ ઇતિહાસ થઈ ચૂક્યો છે ત્યારે અમારા જેવા યુવાનો માટે શ્રી પ્રવીણભાઈ કોટક દ્વારા જે સાથ-સહકાર સાંપડ્યો તે સોનામાં સુગંધ ભળ્યા સમાન છે. પ્રવીણભાઈએ યુવાશક્તિને માર્ગદર્શન આપીને ખૂબ જ જાગૃત કરી છે. યુવાશક્તિના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે મને શ્રી પ્રવીણભાઈ કોટક સાથે મળીને કામ કરવાનો જે લાભ મળ્યો તે બદલ હું તેમનો ખૂબ જ આભારી છું. આ પાંચ વર્ષ દરમિયાન સ્કિલ ડેવલપમેન્ટ, એમ્પાવરમેન્ટ, એન્ટ્રપ્રિન્યોરશિપ, યુવાજાગૃતિના ઘણા બધા પ્રોગ્રામે અમે લોકોએ સાથે કર્યા છે, જેમાં વિશેષ સિદ્ધપુરમાં યુવા સંમેલન તેમજ નવી મુંબઈ મુકામે આંતરરાષ્ટ્રીય રઘુવંશી યુવા સંમેલન દ્વારા અમોએ સૌ યુવાનોને જ્ઞાતિ સેવા સાથે સાંકળવા નમ્ર પ્રયાસ કર્યો છે ત્યારે આપણા સમાજના યુવાનોએ ખૂબ જ તન-મનથી રઘુવંશી સમાજની સેવા કરી છે. શ્રી પ્રવીણભાઈ કોટકના નેતૃત્વમાં વધુ ને વધુ યુવાનો આમાં જોડાય તેવી એક જાગૃતતા સમાજમાં આવી છે. ફરી પ્રવીણભાઈને આ સુંદર કામગીરી માટે ખૂબ જ અભિનંદન અને શુભેચ્છાઓ આપતાં અમે હર્ષ-આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

**શ્રી અજયભાઇ વડેરા, ગોંદિયા**
રાષ્ટ્રીય યુવા અધ્યક્ષ, શ્રી લોહાણા મહાપરિષદ



# શુભેચ્છા સંદેશ



## જય જલારામ
## જય રઘુવંશ
## જય મહાપરિષદ



આપ સૌની કુશળતા ઈચ્છીએ છીએ.

મહિલા વિભાગમાં છેલ્લાં પાંચ વર્ષમાં આપણી જ્ઞાતિની બહેનો, દીકરીઓ માટે ખૂબ જ સારાં કાર્યો થયાં છે. મહિલાઓ માટે મહિલા સશક્તિકરણ, મહિલાઓના વ્યવસાય માટે સેમિનાર, એજ્યુકેશન સેમિનાર વગેરે માટેનાં આયોજનો મહિલા વિભાગ દ્વારા ખૂબ જ સુંદર રીતે થયાં છે અને આના માટે શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવીણભાઈ કોટક અને સમગ્ર ટીમનો અમને ખૂબ જ સહકાર સાંપડ્યો છે તે બદલ અમે આભારી છીએ.

મહિલા સશક્તિકરણ પ્રોગ્રામના પરિસંવાદમાં પણ ઘણી બધી બહેનો-દીકરીઓ પણ જોડાઈ છે. રઘુવંશી સમાજનું જે હીર છે એવી ઘણી બધી બહેનોએ સમાજનું નામ રોશન કર્યું છે. આ સમયમાં અમારી ટીમ દ્વારા ભૂજ, અમરાવતી, અંબાજી અને બીજા અનેક વિભાગ દ્વારા સ્થાનિક લેવલે પણ આયોજનો થયાં છે.

ખાસ કરીને મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગમાં પણ કલ્યાણ, પુના, થાણા, મુંબઈ તેમજ નવી મુંબઈ જેવા વિસ્તારોમાં પણ મહિલા સંમેલનો થયાં છે.

ભારતવર્ષમાં અને વિદેશમાં પણ મહિલા સશક્તિકરણના પ્રોગ્રામ ઘણી રીતે યોજાય છે. ભારત બહારના વિભાગમાં પણ મહિલાઓ ઘણી સશક્ત છે, એમનામાંથી પણ પ્રેરણા લઈ અમોએ મહિલાઓ માટે ખૂબ જ સારી કામગીરી કરી છે.

ખરેખર વર્ષ ૨૦૧૫થી ૨૦૨૦માં શ્રી પ્રવીણભાઈ કોટકના કાર્યકાળમાં પરિષદની મહિલા પાંખ પણ ખૂબ જ સક્રિય બની છે અને અમને પણ ક્રાંતિ સાથે સેવા કરવાનું એક વિશેષ જોર જોવા મળ્યું છે. ફરી અમો પ્રમુખશ્રી અને સમગ્ર ટીમનો ખૂબ જ આભાર માનીએ છીએ.

**સુશ્રી ડો. નિમાબેન આચાર્ય, ગાંધીધામ**
રાષ્ટ્રીય મહિલા અધ્યક્ષ, શ્રી લોહાણા મહાપરિષદ

**સુશ્રી રશ્મીબેન વિઠ્ઠલાણી, મુંબઈ**
રાષ્ટ્રીય મહિલા ઉપાધ્યક્ષ, શ્રી લોહાણા મહાપરિષદ



# શ્રી લોહાણા મહાપરિષદ

## સારપના સથવારે... સેવાના પગથારે...

## શ્રી પ્રવિણભાઈ કોટક અને પરિવાર(ટીમ)ના ૫ વર્ષ

"ચાલ એક આંટો બહાર મારી આવીએ, બંદનોથી મુક્ત હવાને માણી આવીએ...
આપવાની શું હોય છે મજા એ જાણવા, વૃક્ષ કે પછી વાદળને મળી આવીએ...
આમ તો સ્થળ ક્યાં છે કોઈ બાકી હવે ? કોઈના દિલ સુધી લટાર મારી આવીએ
કો'કના આસુ લુછી વ્હાલ વેરી આવીએ!!!

આવાજ કોઈ ભાવ, લાગણી અને ઈચ્છા સાથે શ્રી પ્રવિણભાઈ કોટકે તત્કાલીન પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણીના સ્નેહાગ્રહ અને લગાવ તથા હુકુને લઈને તા. ૪ જુલાઈ, ૨૦૧૫ મધ્યસ્થ મહાસમિતિની બેઠકમાં નવ નિયુક્ત પ્રમુખ તરીકેનો ચાર્જ વિધિવત રીતે માતૃસંસ્થાનો ધ્વજ સ્વીકારી અને લીધો.





બીજા દિવસે તા. ૫ જુલાઈ, ૨૦૧૫ના રોજ નવનિયુક્ત શ્રી પ્રવિણભાઈ કોટકનો અભિવાદન સમારોહ અમદાવાદ ખાતે દેશ વિદેશથી મોટી સંખ્યામાં પધારેલા જ્ઞાતિ શ્રેષ્ઠીઓ, શુભેચ્છકો, મહાજનશ્રીઓના સાનિધ્યમાં ભવ્યાતિભવ્ય રીતે સંપન થયો. ૩૦૦૦ કરતા પણ વધુ લોકોની ઉપસ્થિતિમાં સંતો, મહંતો એ તેઓને આશિર્વાદ આપ્યા, તો સાથે સાથે વરિષ્ઠ ઉપપ્રમુખ તરીકે શ્રી ઉમંગભાઈ ઠક્કરની તેમજ અન્ય મુખ્ય હોદેદારોની વરણી પણ આ દિવસે યોજાઈ. શ્રી પ્રવિણભાઈ કોટક પ્રમુખ બનાતા જ કચ્છના સમાજ શ્રેષ્ઠી શ્રી કે. સી. ઠક્કર દ્વારા માધવ હાયર એજન્યુકેશન ટ્રસ્ટ અંતર્ગત રૂ. ૧ કરોડની ધન રાશિ સંકલ્પિત કરી શ્રી પ્રવિણભાઈ કોટકને અભિનંદન આપ્યા હતા. શ્રી પ્રવિણભાઈ કોટક અને તેની ટીમના વિઝન અને મિશનને ચરિતાર્થ કરવા જ્ઞાતિગંગાના પ્રવાહમાં આ ટીમ દ્વારા જે જે પ્રકલ્પોનું રસપાન આપ સૌને થયું તેનું સરવૈયું તેઓના પાંચ વર્ષના કાર્યકાળને અંતે આપ સમક્ષ પ્રસ્તુત કરતા અત્યંત હર્ષ અને ગૌરવની લાગણી અનુભવાય છે.

# શ્રી લોહાણા



## ટ્રસ્ટી મંડળ

**પ્રમુખ**
શ્રી પ્રવિણભાઈ ટી. કોટક

**વરિષ્ઠ ઉપપ્રમુખ**
શ્રી ઉમંગભાઈ એચ. ઠક્કર

**મંત્રીશ્રીઓ**
શ્રી હરીશભાઈ બી. ઠક્કર
શ્રી પિયુષભાઈ ગંઠા

**ખજાનચીશ્રીઓ**
શ્રી હિંમતભાઈ કોટક
શ્રી નિતિનભાઈ પાંધી

શ્રી પ્રવિણભાઈ તલકશીભાઈ કોટક (પ્રમુખ)
શ્રી યોગેશભાઈ શશીકાંતભાઈ લાખાણી
શ્રી પરેશભાઈ પોપટભાઈ ભૂપતાણી
શ્રી રવિન્દ્રભાઈ રમણીકલાલભાઈ વાઘાણી
શ્રી મોહનભાઈ તુલસીદાસભાઈ ઠક્કર
શ્રીમતિ મીતાબેન મહેશભાઈ મસરાણી
સુશ્રી વીણાબેન મોતીલાલભાઈ પાંધી
શ્રી નીતીનભાઈ જયંતિભાઈ રાયચુરા

| | ગુજરાત | કચ્છ |
|---|---|---|
| ઉપપ્રમુખશ્રી | શ્રી ઠાકોરભાઈ ઠક્કર | શ્રી કે. સી. ઠક્કર |
| પ્રભારીશ્રી | શ્રી ગીરીશભાઈ કોટેચા | શ્રી ભગવાનદાસ ઠક્કર |
| વિભાગીય મંત્રીશ્રી | શ્રી શૈલેષભાઈ સોનપાલ | શ્રી મુકેશભાઈ પુજારા |
| પીઆરઓ | શ્રી વિનોદભાઈ ગોકલાણી | શ્રી સુરેશભાઈ ઠક્કર |
| શ્રી રઘુકુળ વિશ્વના સંકલક | શ્રી શંકરભાઈ કતીરા | શ્રી રાજેશભાઈ પલણ |
| મહિલા અધ્યક્ષશ્રી | સુશ્રી પ્રજ્ઞાબેન રાજા | સુશ્રી સુશીલાબેન ઠક્કર |
| યુવા અધ્યક્ષશ્રી | શ્રી ધવલભાઈ આચાર્ય | શ્રી અતુલભાઈ મજીઠીયા |

## સંયુક્ત મંત્રીશ્રીઓ / સહમંત્રીશ્ર

સુશ્રી કાશ્મીરાબેન નથવાણી
શ્રી અંજનભાઈ કોટક
શ્રી હર્ષદરાય ઠક્કર
શ્રી મિત્તલભાઈ ખેતાણી
શ્રી રઘુવીરભાઈ ગઢિયા

શ્રી જીતેન્દ્રભાઈ કારીયા
શ્રી અજયભાઈ ઠક્કર
શ્રી યોગેશભાઈ પૂજારા
શ્રી ભરતભાઈ માવાણી
શ્રી ભવાનભાઈ કોટક
શ્રી અમિતભાઈ દસાણી

# મહાપરિષદના વર્તમાન સૂત્રધારો

## વરિષ્ઠ હોદ્દેદારો

શ્રી ભાવેશભાઈ લાખાણી
શ્રી પોપટલાલ અખાણી
શ્રી હસુભાઈ ભગદેવ
શ્રી નરેશભાઈ ઠક્કર
શ્રી યોગેશભાઈ ઉનડકટ
સુશ્રી ડૉ. નીમાબેન આચાર્ય
શ્રી ધીરૂભાઈ રાજા
શ્રી અજયભાઈ જે. વડેરા
શ્રી હિરાલાલ રાજા
સુશ્રી રશ્મિબેન વિઠલાણી
શ્રી ધર્મેદ્ર કારિયા
સુશ્રી અલકાબેન કોટક
શ્રી શશીકાંતભાઈ કાનાણી
સુશ્રી રીટાબેન ઠક્કર
શ્રી વિપુલભાઈ પૂજારા
સુશ્રી જયાબેન ઠક્કર
શ્રી ચંદ્રકાન્તભાઈ તન્ના ( ઉદ્‌ઘોષકશ્રી / તંત્રીશ્રી)

## સ્થાયી સમતિઓના અધ્યક્ષો

અધ્યક્ષ - શ્રી ભરતભાઈ કોટક
કેળવણી - શ્રી મહેશભાઈ મુલાણી
શિક્ષણ - શ્રી ધર્મેશભાઈ હરિયાણી
રમતગમત - શ્રી પિયુષભાઈ મજીઠીયા
આરોગ્ય - શ્રી ડૉ. નંદલાલ માનસેતા
સામાજિક સુરક્ષા - શ્રી નટુભાઈ આચાર્ય
થેલેસેમિયા - શ્રી ડૉ. રમેશભાઈ ભાયાણી
છાત્રાલય - શ્રી હસમુખભાઈ કારીયા
પર્યાવરણ - શ્રી કિરીટભાઈ ભીમાણી
બિઝનેસ ડેવલપમેન્ટ - શ્રી દિગ્વિજય કાપડીયા
સાંસ્કૃતિક - શ્રી જીતેન્દ્રભાઈ ઠક્કર
વાત્સલ્ય - શ્રી અશોકભાઈ ગઢિયા
સમાધાન - શ્રી મગનભાઈ રૂપારેલ
રોજગાર - શ્રી જયેન્દ્રભાઈ તન્ના
લગ્નવિષયક - શ્રી હસમુખભાઈ દાવડા
યાત્રા પ્રવાસન - શ્રી નીતીનભાઈ ઠક્કર
પ્રોફેશનલ - શ્રી શિલ્પાંગભાઈ કારીયા
એવોર્ડ - શ્રી સી.જે. ઠક્કર
ઓડિટર - શ્રી વસંતભાઈ અનારકટ

| સૌરાષ્ટ્ર | મુંબઈ સહ મહારાષ્ટ્ર | મધ્યભારત | દક્ષિણ ભારત | ઉત્તર પૂર્વ |
|---|---|---|---|---|
| શ્રી સુરેશભાઈ ચંદારાણા | શ્રી જીતેન્દ્રભાઈ ઠક્કર | શ્રી નરેન્દ્રભાઈ દાવડા | શ્રી મુકેશભાઈ સાગલાણી | શ્રી વિનોદભાઈ ઓંધિયા |
| શ્રી નરેન્દ્રભાઈ ઠક્કર | શ્રી કિશનભાઈ મિરાણી | શ્રી ભરતભાઈ દનાણી | શ્રી હેમંતભાઈ કાથરાણી | શ્રી રાજેશભાઈ રામાણી |
| શ્રી શૈલેષભાઈ ગણાત્રા | શ્રી શંભુભાઈ હરિયાણી | શ્રી કમલેશભાઈ વસાણી | શ્રી અશોકભાઈ ઠક્કર | શ્રી રાજેશભાઈ વાઘાણી |
| શ્રી જીતુભાઈ લાલ | શ્રી ડૉ. સુરેશભાઈ પોપટ | શ્રી ચંદ્રકાન્તભાઈ પોપટ | શ્રી હેમંતભાઈ રૂપારેલિયા | શ્રી કિશોરભાઈ દત્તાણી |
| શ્રી અશોકભાઈ હિંડોચા | શ્રી મુકેશભાઈ કોટક | શ્રી જયપ્રકાશ વસાણી | શ્રી રાજેશભાઈ પુજારા | શ્રી મુકેશભાઈ ઠક્કર |
| સુશ્રી શિલ્પાબેન પુજારા | સુશ્રી જ્યોતિબેન ઠક્કર | સુશ્રી શીલાબેન પોપટ | સુશ્રી ધીરજબેન પોપટ | સુશ્રી ભારતીબેન ઠક્કર |
| શ્રી સુમિતભાઈ ઠક્કર | શ્રી નિખિલભાઈ સુબા | શ્રી નિલેશભાઈ ગઢિયા | શ્રી જીનેશભાઈ દત્તાણી | શ્રી ઋષિભાઈ ઓંધિયા |

## ...શ્રીઓ

સુશ્રી સોનલબેન ઉનડકટ
શ્રી મનુભાઈ ગોકલાણી
શ્રી ભાવેશભાઈ મિરાણી
શ્રી નિમેષભાઈ માણેક
શ્રી સંજયભાઈ ઠક્કર
શ્રી રમેશભાઈ અનમી

## માર્ગદર્શકશ્રીઓ

શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી
શ્રી રાજીવભાઈ રવાણી
શ્રી નેણશીભાઈ મિરાણી
શ્રી કનુભાઈ આચાર્ય
શ્રી ધીરૂભાઈ મિરાણી
શ્રી હિંમતભાઈ સોમૈયા
શ્રી ગીરીશભાઈ ડ્રેસવાલા
શ્રી રમેશચંદ્ર આર. ઠક્કર

## સહયોગ

શ્રી તલકશીભાઈ દલછારામ કોટક ચેરીટેબલ ટ્રસ્ટ
સ્વ. રોનક પ્રતાપરાય દત્તાણી એજ્યુકેશન ફાઉન્ડેશન
શ્રી કે. સી. ઠક્કર પ્રેરિત માધવ હાયર એજ્યુકેશન ટ્રસ્ટ
શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ, મુંબઈ
શ્રી રઘુકુળ શિક્ષણ નિધિ
શ્રી રઘુકુળ કૌશલ્ય નિધિ
શ્રી રઘુકુળ આરોગ્ય નિધિ
શ્રી ધર્મેશભાઈ હરિયાણી, અમદાવાદ







2015-2020
5 Years















## પ્રથમ કારોબારી, સુરત

### તા. ૧૦-૧૧ ઓક્ટોબર, ૨૦૧૫

### યજમાન સંસ્થા : શ્રી જલારામ સેવા સમાજ ટ્રસ્ટ, સુરત



માતૃસંસ્થાના બંધારણ મુજબ શ્રી પ્રવિણભાઈના પ્રમુખ પદની પ્રથમ કારોબારી સમિતિની બેઠક સુરત મુકામે તા.૧૦-૧૧ ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ શ્રી જલારામ સેવા સમાજ ટ્રસ્ટના યજમાન પદે ખૂબજ સકુળતાપૂર્વક સંપન્ન થઈ હતી. આ કરોબારી બેઠકમાં માતૃસંસ્થાના અન્ય તમામ હોદ્દેદારોની પણ વરણી કરવામાં આવી હતી. આ કારોબારી બેઠકમાં પ્રમુખશ્રી પ્રવિણભાઈ અને ટીમ દ્વારા માતૃસંસ્થાના મંત્ર ‘‘સંગઠન અને સહકાર દ્વારા સેવા’’ને મજબુત કરી ચરિતાર્થ કરવાની ઊંડી ભાવના વ્યક્ત કરી પોતાના વક્તવ્યમાં શ્રી પ્રવિણભાઈ કોટકે જ્ઞાતિ વિકાસ અને પ્રગતી માટે મુખ્ય બે પ્રકલ્પો ‘‘શિક્ષણ’’ અને ‘‘આરોગ્ય’’ને વધુ મજબુત અને વેગવંતો બનાવવાની જાહેરાત કરી સૌ પાસે આ પ્રકલ્પોને ગતીશીલ બનાવવા ઉદાર દિલે આર્થિક સહયોગ (દાન) આપવા સ્ટેજ પર સૌને સાષ્ટાંગ દંડવત કરીને અત્યંત લાગણીશીલ અને ભાવવિભોર બની વિનંતી કરી ત્યારે સૌએ ઉભા થઈને તાળીઓ ગડગડાટ થી પ્રમુખ શ્રી પ્રત્યેની નિષ્ઠા અને પ્રતિબદ્ધતા પ્રદર્શીત કરી હતી, અને દાનની સરવાણીનો અવિરત પ્રવાહ પણ પ્રાપ્ત થયો હતો. અમદાવાદ ખાતે સારવાર અર્થે આવતા જ્ઞાતિના દર્દીનારાયણ અને તેની સાથે આવતા પરિવારજનોને રહેવાની સગવડતા તેમજ અન્ય આર્થિક સહાય માટેની જાહેરાત થઈ હતી, તો સાથે સાથે બીજા દિવસે આંતરરાષ્ટ્રિય એવોર્ડ સમારોહ પણ સફળતાથી સંપન થયો હતો. શ્રી









જલારામ સેવા સમાજ દ્વારા થયેલી વ્યવસ્થા, ભોજન અને આતિથ્યએ ‘‘સુરતનું જમણ’’ ની કહેવતને સાર્થક કરી હતી. યજમાન સંસ્થાએ બે દિવસ સુધી સૌની ઉમળકાથી કરેલી સરભરા અને વિવિધ વ્યંજનોના રસાસ્વાદથી યજમાન સંસ્થાના શ્રી ધનવાનભાઈ કોટક અને શ્રી શૈલેષભાઈ સોનપાલ અને તેઓની ટીમ પ્રસંશનીય કાર્યશૈલી અને ઉમળકાપૂર્વકના આતિથ્ય બદલ ખુશી વ્યક્ત કરી સૌએ તેઓને સ્ટેજ પર બહુમાન દ્વારા વધાવ્યા હતા.







# દ્વિતિય કારોબારી, જામનગર

**તા. ૩ એપ્રિલ, ૨૦૧૬**

**યજમાન સંસ્થા : સમસ્ત હાલાર રઘુવંશી સમાજ, જામનગર**



શ્રી લોહાણા મહાપરીષદની કારોબારી સમિતિની દ્વિતિય બેઠક સમસ્ત હાલાર રઘુવંશી સમાજના યજમાન પદે જામનગર મુકામે ૩ એપ્રિલ, ૨૦૧૬ના રોજ ખૂબ જ સફળતાપૂર્વક અને ઉલ્લાસભર્યા વાતાવરણમાં યોજાઈ હતી. આ બેઠકની વિશેષતા એ રહી કે એ વખતે સ્ટેજ લેસ સભા યોજાઈ હતી. માતૃસંસ્થાના પ્રમુખ સહિત દરેક હોદ્દેદારશ્રીએ પોતાનું સ્થાન રાઉન્ડ ટેબલ બેઠક વ્યવસ્થામાં લીધું હતું અને જે વ્યક્તિનું વ્યક્તવ્ય હોય તે વખતે જ તેઓ સ્ટેજ પર આવી પોતાની રજુઆત કરતા હતા. મહાજન પ્રમુખ શ્રી જીતુભાઈ લાલ અને તેમની ટીમનો ઉત્સાહ, મહેનત અને આયોજન આખે ઉડીને દેખાતા હતા. સૌની રહેવાની તથા જમવાની સગવડતા અપટુડેટ હતી. બેઠકના આગલા દિવસે દ્વારકાપૂરી ખાતે દ્વારકાધીશ મંદિરની ધ્વજારોહણનું આયોજન યજમાન સંસ્થા અદભૂત રીતે કરતા દેશ વિદેશથી આવેલા સૌ રઘુવંશીઓને તેનો અદભૂત લહાવો પ્રાપ્ત થયો. સાંજે ૪:૩૦ કલાકે જામનગર ખાતે જ સમસ્ત હાલાર રઘુવંશી સંમેલન ૧૦ હજાર રઘુવંશીઓની ઉપસ્થતિમાં યોજાયું જેમાં શ્રી પ્રવિણભાઈ કોટકના અધ્યક્ષતામાં શ્રી પરિમલભાઈ નથવાણી અને અન્ય જ્ઞાતિ શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા.

















# તૃતિય કારોબારી, મુંબઇ

**તા. ૨૪-૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૬**

**યજમાન સંસ્થા : શ્રી લોહાણા સમાજ, નવી મુંબઇ**









શ્રી પ્રવિણભાઈના કાર્યકાળની તૃતિય કારોબારી સમિતિની બેઠક શ્રી લોહાણા સમાજ, નવી મુંબઈના યજમાન પદે નવી મુંબઈ ખાતે તા. ૨૪-૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ સુંદર રીતે યોજાઈ, આગલા દિવસે તા. ૨૪ સપ્ટેમ્બરના રોજ સાંજે આંતર-રાષ્ટ્રિય એવોર્ડ વિતરણ સમારોહ યોજાયો જેમા દેશ-વિદેશથી રઘુવંશી પ્રતિભાઓએ ઉપસ્થિત રહી વાતાવરણને ચાર ચાંદ લગાવ્યા હતા. ૨૫ થી પણ વધુ વિશિષ્ટ પ્રતિભાવોઓએ પોત પોતાના ક્ષેત્રમાં વિશિષ્ટતા પ્રાપ્ત કરવાના પોતાના અનુભવો બદલ આભાર વ્યક્ત કર્યો હતો. બીજે દિવસે તા. ૨૫ના રોજ કારોબારી સમિતિ બેઠક દરમિયાન શ્રી લોહાણા મહાપરિષદના ઉદ્દેશ મહાજન સશક્તિકરણને વેગવાન બનાવવા આદર્શ મહાજન અંગે માર્ગદર્શિકા પ્રકાશીત કરવામાં આવી હતી. તેમજ શ્રી લોહાણા મહાપરિષદની પ્રાથમિક માહિતી તેમજ કાર્યપ્રવૃતિઓ અંગે સૌને જાણકારી મળી રહે એ હેતુથી માતૃસંસ્થાનાં બ્રોસરનું પણ આ મંચ પરથી વિમોચન કરાયું હતું.

આ પ્રસંગે શ્રી પ્રવિણભાઈએ શ્રી યોગેશભાઈના શબ્દોને યાદ કરી પોતાની ટીમના સૌ હોદેદારો ઉત્તમ સાધક બન્યા છે તેવુ જણાવી પોતાના વક્તત્વમાં સૌને બિરદાવ્યા હતા. તો સાથે સાથે અમુક હોદેદારોની કાર્યદક્ષતા અને કાર્યક્ષમતાને ધ્યાનમાં રાખી બઢતી તેમજ નવા હોદા દ્વારા વરણી પણ કરાઈ હતી જેમા નવી મુંબઈના શ્રી ધર્મેન્દ્રભાઈ કારીયાને રાષ્ટ્રીય સંગઠનના મંત્રી તરીકે, મુંબઈના શ્રીમતિ રશ્મીબેન સતિષભાઈ વીઠલાણીને મહિલા વિભાગના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ, શ્રી ચંદ્રકાન્તભાઈ તન્ના (વિદ્યાનગર)ને માતૃસંસ્થાના ઉદ્‌ઘોષક તરીકે તેમજ અન્ય હોદેદારોની વરણી કરવામાં આવી હતી.





















# ચતુર્થ કારોબારી અને મધ્યસ્થ મહાસમિતિની બેઠક, કોલકત્તા

**તા. ૮-૯ એપ્રિલ, ૨૦૧૭**

**યજમાન સંસ્થા : ઉત્તર પૂર્વ વિભાગ, કોલકત્તા**
















શ્રી પ્રવિણભાઈ કોટકના કાર્યકાળની ચતુર્થ કારોબારી સમિતિ બેઠક અને મધ્યસ્થ મહાસમિતિની બેઠક ઉત્તર પૂર્વ વિભાગ વતી પૂર્વ પ્રમુખ તથા વડિલ ટ્રસ્ટી શ્રી રવિન્દ્રભાઈ વાઘાણી અને શ્રી હિરાલાલભાઈ રાજા તથા વિનોદભાઈ ઑંધિયા તરફથી યોજવાનું આમંત્રણ મળતા કલકત્તા ગુજરાતી સમાજ ખાતે સુંદર આયોજન સાથે તા. ૮ અને ૯ એપ્રિલ ૨૦૧૭ દરમિયાન યોજાઈ. તા. ૬ને શુક્રવારના રોજ બપોરના ભોજન બાદ યજમાન સંસ્થા દ્વારા લકઝરી બસથી કલકતા દર્શનનું આયોજન કરાયું જેમા મુખ્ય જોવાલાયક સ્થળો જેવાકે રામકૃષ્ણ આશ્રમ, કાલી મંદિર, ગંગાસાગર, ભગવાન જગન્નાથ દર્શન બેલુરમઠ વગેરેની મુલાકાત સૌએ માણી, જ્યારે સાંજે બંગભૂમિની સંસ્કૃતિ પ્રદર્શિત કરતો રંગારંગ કાર્યક્રમ ખૂબ જ અદભૂત રીતે જ્ઞાતિના કલાકાર વૃંદ દ્વારા રજૂ થયો હતો.

દેશવિદેશથી પધારેલા ૨૦૦ થી પણ વધુ જ્ઞાતિ પ્રતિનિધિઓની બે દિવસની સભાના પ્રથમ સત્રમાં વિભાગીય ઉપપ્રમુખશ્રીઓએ પોત પોતાના વિસ્તારની પ્રવત્તિઓનો અહેવાલ સુંદર રીતે રજુ કર્યો, તો ભોજન વિરામ દરમિયાન મહિલા અધ્યક્ષ સુ.શ્રી ડૉ. નિમાબેન અને ઉપાધ્યક્ષ સુશ્રી રશ્મિબેન વિઠલાણીના માર્ગદર્શનમાં મહિલા પાંખની મિટિંગ યોજાઈ હતી. જ્યારે પહેલા દિવસના બીજા સત્રમાં સ્થાયિ સમિતિના અધ્યક્ષશ્રીઓ મહિલા વિભાગના ડૉ. નિમાબેન, શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી ધર્મેશભાઈ હરિયાણી, પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી, રમતગમત સમિતિના અધ્યક્ષ શ્રી પિયુષભાઈ મજીઠીયા એ પોતપોતાની સમિતિ દ્વારા થયેલી પ્રવત્તિઓનો અહેવાલ રજુ કરી સૌને માહિતગાર કર્યા હતા.

રાત્રે ૯:૩૦ કલાકે મળેલ ટ્રસ્ટી બોર્ડની મિટિંગમાં માતૃસંસ્થા દ્વારા હાથ ધરાયેલ વિવિધ સોવાકીય પ્રોજક્ટસ જેવા કે અમદાવાદ ખાતે ભાગવત અતિથિ ભવન તથા આગામી ઓક્ટોબર ૨૦૧૭માં સિદ્ધપુર મુકામે યોજાનાર શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞ તથા સામુહિક માતૃતર્પણ અંગે વિગતે ચર્ચા કરી હતી. ટ્રસ્ટ બોર્ડ દ્વારા માતૃસંસ્થાના માધ્યમથી શિક્ષણ, આરોગ્ય થેલેસેમિયા નાબુદી ઉપરાંત આવા મોટા અને વિશાળ આયોજન કરવા બદલ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકને ખૂબ ખૂબ શુભેચ્છા આપી તેમની ટીમ દ્વારા થઈ રહેલા કાર્યો અને કાર્યક્રમો અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો અને ટ્રસ્ટી મંડળે તેમાં





આયોજનોમાં ખભે ખભા મિલાવી એકબીજાના સાથ સહકારથી આગળ વધવાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

ટ્રસ્ટ બોર્ડની મિટિંગમાં ગત નાણાંકીય વર્ષ ૨૦૧૬-૨૦૧૭ના હિસાબો મધ્યસ્થ મહાસમિતિમાં રજુ કરતા ઓડિટરશ્રી વસંતભાઈએ જણાવ્યુ કે લગભગ ૧ કરોડ ૩૦ લાખ જેટલી ધનરાશી ફક્ત જરૂરિયાતમંદ પરિવારો ને આરોગ્ય અને શિક્ષણના હેતુ માટે આપવામાં આવ્યા. જે અંગે સૌએ પોતાની પ્રસંન્નતા વ્યક્ત કરી હતી.







મધ્યસ્થ મહાસમિતિની બેઠકમાં પૂર્વ પ્રમુખ શ્રી રવિન્દ્રભાઈ વાઘાણીએ માતૃસંસ્થાના ગૌરવવંતા ઈતિહાસની સૌને યાદ અપાવી માતૃસંસ્થાની ગરિમાને અખંડ રાખવા તેમણે હૃદયસ્પર્શી વક્તવ્ય આપ્યું હતુ. આ પ્રસંગે અમદાવાદ ખાતેના અતિથિ ભવન માટે આર્થિક સહયોગ માટે અપીલ કરાતા, શ્રી ખીમજી ભગવાનદાસ ચેરિટિ ટ્રસ્ટ, મુંબઈ દ્વારા સમાજ શ્રેષ્ઠી શ્રી સતીષભાઈ વીઠલાણી તથા અન્ય ટ્રસ્ટિઓ તરફથી રૂ. ૧ કરોડ ૫૦ લાખ ધનરાશી આ સંકુલના નિર્માણમાં મુખ્ય દાતા તરીકે પ્રાપ્ત થઈ હતી. આ ઉપરાંત નીતીનભાઈ રાયચુરા, સુરેશભાઈ ચંદારાણા, ઉમંગભાઈ ઠક્કર, ધર્મેશભાઈ હરિયાણી દ્વારા પણ રૂમના મુખ્ય દાતા તરીકે સભામાં જાહેરાત કરવામાં આવી.

માતૃસંસ્થાના ટ્રસ્ટીઓની મુદત પૂરી થતા તેમના સ્થાને પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે પ્રસ્તાવ મૂકતા વર્તમાન ટ્રસ્ટીઓમાંથી શ્રી










યોગેશભાઈ લાખાણી તથા સુશ્રી વિણાબેન પાંધીની પૂનઃનિયુક્તી કરવામાં આવી હતી તેમજ રાજકોટના સમાજ શ્રેષ્ઠી ટ્રસ્ટીશ્રી ડૉ. હર્ષદભાઈ ખખ્ખરની વર્ષોની સેવાઓની સવિનય નોંધ લઈ તેઓના સ્થાને રાજકોટના શ્રેષ્ઠી શ્રી નીતીનભાઈ રાયચુરાના નામનો પ્રસ્તાવ થતા ઉપસ્થિત સભ્યોએ સર્વાનુમતે આ નિમણુંકોને વધાવી બહાલી આપી હતી.

આ તબક્કે વિદર્ભ સહ મધ્યભારત વિભાગના ઉપપ્રમુખ તરીકે નાગપુરના શ્રી નરેન્દ્રભાઈ દાવડા, શ્રી રઘુકુલ વિશ્વ માસિકના તંત્રી તરીકે વલ્લભ વિદ્યાનગરના શ્રી ચંન્દ્રકાન્ત તન્ના, માતૃસંસ્થાના સહમંત્રી તરીકે અમદાવાદના શ્રી અજયભાઈ ઠક્કર તેમજ અન્ય નિમણુંકોની પણ જાહેરાત કરવામાં આવી હતી. આમ, કોલકાતા ખાતેની આ કારોબારી તેમજ મધ્યસ્થ મહાસમિતિ સમગ્ર રીતે યાદગાર અને નોંધપાત્ર બની રહી.









# પંચમ કારોબારી બેઠક, પાટણ

**તા. ૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૭**

**યજમાન સંસ્થા : સમસ્ત રઘુવંશી સમાજ, પાટણ**






શ્રી પ્રવિણભાઈના નેતૃત્ત્વની પંચમ કારોબારી સમિતિ બેઠક સમસ્ત રઘુવંશી સમાજ, પાટણના યજમાન પદે ૧૦, સપ્ટેમ્બર, ૨૦૧૭ ના રોજ યોજાઈ હતી, જેના મુખ્ય એજન્ડામાં સોલા ભાગવત વિદ્યાપીઠ ખાતે નવીનીકરણ પામેલ શ્રી ખીમજી ભગવાન ભાગવત અતિથિ નિકેતનની સંપૂર્ણ વિગતો રજુ કરાઈ હતી, તેમજ તા. ૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ થી તા. ૧ નવેમ્બર, ૨૦૧૭ માતૃતીર્થ સિદ્ધપુર મુકામે યોજાનાર શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ અને માતૃવંદના મહોત્સવની સંપૂર્ણ વિગતો જાહેર કરાઇ હતી. આ ભવ્યાતિભવ્ય આયોજન માટે ઉપસ્થિત સૌએ તન, મન અને ધનથી પોતાનો સહકાર આપવાની ખાતરી આપી હતી. આ સભા દરમિયાન પૂ. ભાણસાહેબ સમાધિ સ્થાન કમીજલાના મહંત પૂજ્ય જાનકીદાસબાપુએ પણ પોતાનો રાજીપો વ્યક્ત કરી આ ભવ્ય આયોજન માટે આશીર્વાદ પાઠવ્યા હતા. કમીજલા મુકામે યોજાયેલ પૂ. મોરારી બાપુની રામકથા ''માનસ રઘુવંશ'' અને આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલનને યાદ કરી એ જ ઊર્જા અને ભાવ સાથે સિદ્ધપુરના આ મહોત્સવને પણ ભવ્યતા અને દિવ્યતા પૂર્ણ ઉજવવા સૌને હાકલ કરી હતી. આ પ્રસંગે શ્રી કોટક પરિવાર તરફથી શ્રી પ્રવિણભાઈ અને શ્રી જયેશભાઈ કોટક દ્વારા આ માતૃવંદના અને ભાગવત જ્ઞાન યજ્ઞમાં રૂા. ૫૧ લાખ ''માતૃશ્રી સરસ્વતીબેન તલકશીભાઈ દલછારામ કોટક'' મુખ્ય યજમાન તરીકે જાહેર કર્યા હતા. પાટણ મિટિંગ પૂરી થયા સર્વ શ્રેષ્ટીઓ શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ સુચીત સ્થળ ગોકુલ એજ્યુકેશન કેમ્પસ, સિદ્ધપુરની મુલાકાત લીધી હતી અને આ મહોત્સવના આયોજન માટે જરૂરી તૈયારીઓને ઓપ અપાવ્યો હતો.







# ષષ્ઠમ કારોબારી બેઠક, રાજકોટ

**તા. ૭ જાન્યુઆરી, ૨૦૧૮**

**યજમાન સંસ્થા : શ્રી રાજકોટ લોહાણા મહાજન**



માતૃસંસ્થાના વર્તમાન ટીમની છઠ્ઠી કારોબારી સમિતિ બેઠક શ્રી રાજકોટ લોહાણા મહાજનના યજમાન પદે રાજકોટ ખાતે ૭ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ યોજાઈ. યોગાનુયોગ આ દિવસોમાં જ રમતમગત સમિતિ દ્વારા આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ટુર્નામેન્ટ ચાલુ હોય, મોટી સંખ્યામાં દેશ વિદેશથી રઘુવંશીજનોની હાજરી હતી. રમતગમત સમિતિ દ્વારા અને રાજકોટના સભ્યોના સક્રિય સહયોગથી પ્રકાશીત કરવામાં આવેલ રમતગમત વિષયક સોવેનિયરનું પણ આ સભામાં વિધિવત વિમોચન કરવામાં આવ્યું. ઉપરાંત સભા દરમિયાન મંત્રીશ્રીઓએ બે મહત્ત્વના પ્રકલ્પો-સિદ્ધપુર ખાતે યોજાયેલ શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ અને માતૃવંદના સમારોહની ભવ્ય સફળતા અને અમદાવાદ ખાતેના અતિથિ ભવનનાં થયેલા લોકાર્પણ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. ત્યારબાદ માતૃસંસ્થાના ટ્રસ્ટી મુ.શ્રી મણીલાલભાઈ કાથરાણીનું આકસ્મિક દેહાવસાન થતાં તેની ખાલી પડેલ જગ્યામાં નવા ટ્રસ્ટીની નિમણુંક કરવા માટે પ્રસ્તાવ મુકાતા, મુંબઈથી પધારેલા માતૃસંસ્થાના ટ્રસ્ટી શ્રી મોહનભાઈ ઠક્કરે જણાવ્યું કે વર્તમાન પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક હાલ પ્રમુખ તરીકેના હોદાની રૂએ ટ્રસ્ટી તરીકે છે, તો મુ. કાથરાણી સાહેબની ખાલી પડેલી જગ્યાએ તેઓને જ આરૂઢ કરીએ તો સતત તેઓની સેવાનો સમાજને લાભ મળી શકે. આ પ્રસ્તાવને સિનિયર ટ્રસ્ટી સુશ્રી વિણાબેન પાંધી, નવનિયુક્ત ટ્રસ્ટી શ્રી નિતિનભાઈ રાયચુરા એ ટેકો જાહેર કરતા તમામ મંચસ્થ હોદ્દેદારો અને સમગ્ર સભાએ સમર્થન આપતા શ્રી પ્રવિણભાઈ કોટકની ટ્રસ્ટી તરીકે વરણી જાહેર કરવામાં આવી. આ પ્રસંગે શ્રી પ્રવિણભાઈ કોટક અને યજમાન સંસ્થાના આમંત્રણથી રાજકોટ શહેર ભાજપ પ્રમુખ શ્રી કમલેશભાઈ મિરાણી વિશેષ ઉપસ્થિત રહ્યાં હતા. પોતાની ભાવના વ્યક્ત કરતા જણાવ્યું હતુ કે આપણા સમાજમાં સંગઠન અને એક નેતૃત્વ તરફ વિશ્વાસ કાયમ કરવાની તાતી જરૂરત છે. તેઓએ વધુમાં જણાવ્યુ કે તાજેતરમાં યોજાયેલ વિધાનસભાની ચૂંટણીમાં આપણા સમાજના જે જે પ્રતિનિધિઓને ટિકીટ મળેલી તેમની સાથે જો ફક્ત રઘુવંશી સમાજ જ સમર્પિત ભાવે ઉભો હોત તો આ તમામ સભ્યો નિઃસંદેહ વિજયી બની શક્યા હોત. આમ તેઓએ જ્ઞાતિમાં એકતા, સંપ અને સંગઠન તેમજ સહકારની ભાવના કેળવવા પર ભાર મૂકયો હતો.

આ કારોબારી બેઠકમાં સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રીઓ દ્વારા પોતાની સમિતિ દ્વારા થયેલી વિવિધ પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી આપાઈ હતી. દેશના વિવિધ વિસ્તારો અને વિદેશ ઓમાનથી પધારેલ ક્રિકેટ ટીમ સહિત સૌ ઉપસ્થિત હોદ્દેદારો અને જ્ઞાતિજનો તેમજ યજમાન સંસ્થાના પ્રમુખ શ્રીમતિ કાશ્મીરાબેન નથવાણી અને સૌ આયોજકોને પોતાના પ્રમુખીય ઉદ્બોધનમાં શ્રી પ્રવિણભાઈ કોટકે અભિનંદન પાઠવી સૌને ઉપસ્થિત રહેવા તેમજ કારોબારીને સફળ બનાવવા બદલ આભાર માન્યો હતો.





# સપ્તમ કારોબારી બેઠક, કોઈમ્બતુર

**તા. ૨૪ જૂન, ૨૦૧૮**

**યજમાન સંસ્થા : શ્રી કોઈમ્બતુર લોહાણા મહાજન**





શ્રી પ્રવિણભાઈના પ્રમુખ પદની સપ્તમ કારોબારી બેઠક શ્રી કોઈમ્બતુર લોહાણા મહાજનના યજમાન પદે કોઈમ્બતુર મુકામે અત્યંત સફળતાપૂર્વક ૨૪ જૂન, ૨૦૧૮ના રોજ સંપન થઈ હતી. આ સભાના આગલા દિવસે તા. ૨૩ જૂનના રોજ સૌ પ્રતિનિધિઓનું યજમાન સંસ્થાએ ભવ્ય સ્વાગત કર્યું હતું એને બપોર પછી પ્રમુખશ્રીના સાથે ૩૦ કિલોમિટર દૂર આવેલા ઈશા ફાઉન્ડેશન અને આદિ યોગીની મર્તિની મુલાકાત લઈ ધન્યતાઅનુભવી હતી, તો રાત્રે ૯:૩૦થી લગભગ ૧૨:૦૦ વાગ્યા સુધી યજમાન સંસ્થાના નાના ભૂલકાઓથી લઈ ને ૮૦ વર્ષના વયોવૃદ્ધ વ્યક્તિઓ દ્વારા સુંદર રીતે સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરી સૌના દિલ જીતી લીધા હતા. બીજા દિવસે તા. ૨૪ જૂનના રોજ કારોબારી બેઠકમાં યજમાન સંસ્થાના પ્રમુખ શ્રી દિવ્યેશભાઈ ઠક્કરે સૌનું સ્વાગત કરતા જણાવ્યું કે અમારા મહાજનના સુવર્ણ જયંતી ઉજવણી નિમિતે માતૃસંસ્થા અમારા આંગણે અમોને આશીર્વાદ આપવા આવી છે એ અમારું સદ્‌ભાગ્ય છે એમ જણાવી અમારા આ વર્ષને અવિસ્મરણીય બનાવવા બદલ સૌનો આભાર માન્યો હતો. એજન્ડા મુજબ













અમદાવાદ ખાતેના શ્રી ખીમજી ભગવાન આર.સી.ટી. ભાગવત અતિથિ ભવનનો અહેવાલ રજુ કરતા જણાવ્યું હતુ કે પૂજ્ય કૃષ્ણશંકર દાદાજીની તપોસ્થલી એવી ભાગવત વિદ્યાપીઠમાં સંપૂર્ણ આધુનિક વ્યવસ્થાઓથી સજ્જ એવો અતિથિ નિકેતનનું સ્વપ્ન પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકના વિશેષ પ્રયત્નોથી તેમજ શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ મુંબઈ તથા શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી જેવા સમાજ શ્રેષ્ઠીઓના સમર્પણથી શક્ય બન્યું છે. હવે બીજી વિંગનું કાર્ય પણ પૂર્ણ થયેલ હોવાથી લગભગ ૪૦ જેટલા રૂમો તેમજ બે હોલ જ્ઞાતિ સેવામાં ખુલ્લા મુકાયેલ છે. ભારત ભરમાંથી અમદાવાદ કે ગુજરાત પધારતા સમાજના સભ્યો માટે આ ભવન આશિર્વાદ રૂપ સાબિત થશે. આ સભામાં વિભાગીય ઉપપ્રમુખશ્રીઓ પણ પોતાના વિસ્તારની જ્ઞાતી વિકાસલક્ષી પ્રવૃત્તિઓનો અહેવાલ રજુ કર્યો હતો તેમજ સ્થાયી સમિતીના અધ્યક્ષશ્રીઓએ પણ પોતાની પ્રવૃતિઓનો ચિત્તાર સવિસ્તાર આપ્યો હતો. દાર-એ -સલામથી ખાસ પધારેલા શ્રી નવીનભાઈ કાનાબારે પણ માતૃસંસ્થાની વર્તમાન પ્રવૃતિઓથી પ્રભાવિત થઈ શ્રી પ્રવિણભાઈ કોટક તથા ટીમને અભિનંદન આપી દાર-એ-સલામ મુકામે યોજાવનાર સ્પોર્ટસ ફેસ્ટીવલમાં આપ સૌ પધારો એવુ હાર્દિક આમંત્રણ પાઠવ્યું હતુ. આપના આગમનથી આફ્રિકા અને શ્રી લોહાણા મહાપરિષદના સબંધો વધુ ગાઢ બનશે. મસ્કત, ઓમાનથી પધારેલા શ્રી દિનેશભાઈ પવાણીએ પણ શ્રી પ્રવિણભાઈ અને ટીમને ફરી પધારી અમારો ઉત્સાહ વધારવા હાર્દિક નિમંત્રણ પાઠવ્યું હતું.



## મધ્યસ્થ મહાસમિતિની બેઠક, અમદાવાદ

**તા. ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૮**

**યજમાન સંસ્થા :**

**શ્રી અમદાવાદ હા. ઘો. ક. લોહાણા મહાજન, શ્રી ઉત્તર ગુજરાત દેશી લોહાણા મહાજન**
**શ્રી થરપારકર ચોવીસી લોહાણા મહાજન, શ્રી કચ્છી લોહાણા સમાજ**
**શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન**







માતૃસંસ્થા મહાપરિષદની સર્વોચ્ચ સમિતિ એટલે મધ્યસ્થ મહાસમિતિ. દર બે વર્ષે યોજાતી આ સમિતિની બેઠક ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૮ને રવિવારના રોજ ગોલ્ડન ગ્લોરી હોલ, કર્ણાવતી ક્લબ, અમદાવાદ મુકામે ઐતિહાસિક અને અવિસ્મરણીય રીતે અમદાવાદના પાંચ વરિષ્ઠ મહાજનોના સંયુક્ત યજમાન પદે યોજાઇ હતી વિશ્વભરના મહાજનશ્રીઓ, સમાજશ્રેષ્ઠીઓ, દાતાશ્રીઓ તથા સ્થાનિક સેવાભાવી સભ્યોએ સમાજની એકતા અને અખંડીતતા ના અભૂતપૂર્વ દર્શન કરાવ્યા. માતૃસંસ્થાના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કરે સ્વાગત પ્રવચનની સાથે શ્રી પ્રવિણભાઈ કોટકના રાજીનામાના પગલે આ સભાના પ્રમુખ તરીકે શ્રી યોગેશભાઈ લખાણીના નામનું સૂચન કરી સભાએ અનુમોદન આપતા શ્રી યોગેશભાઈએ પ્રમુખપદ શોભાવ્યું હતું.

માતૃસંસ્થાની સમગ્ર ટીમની કટિબદ્ધતા અને એકબીજા પર મુકાયેલા વિશ્વાસ બદલ ગૌરવની લાગણી વ્યક્ત કરતા શ્રી હિમાંશુભાઈએ જણાવ્યું હતું કે માતૃસંસ્થાના કાર્યાલયનાં ખર્ચ પેટે દર માસે ૨૫ હજારનો આર્થિક સહયોગ શ્રી સતીષભાઈ વીઠલાણી તરફથી પ્રાપ્ત થાય છે અને વિજળી બીલ તેમજ અન્ય જરૂરી ખર્ચ શ્રી પ્રવિણભાઈ કોટક તથા ઈસ્કોન પરિવારના સૌજન્યથી પ્રાપ્ત થયેલ છે જેની સભાએ નોંધ લઈ આ ઉદરતાને બીરદાવી હતી. કોઈપણ ખર્ચ મહાપરિષદ પર નથી હોતો તેમજ કોઈપણ સમિતિના કાર્યક્રમનો ખર્ચ પણ જે તે સમિતિ વહન કરે છે, માતૃસંસ્થા પર કોઇ આર્થિક બોજ આવતો નથી.



એજન્ડા અનુસાર ભાગવત વિદ્યાપીઠ સંકુલના નવીનીકરણ પામેલ શ્રી ખીમજી ભગવાન આરસીટી ભાગવત અતિથિ નિકેતન અંગે સમાજ શ્રેષ્ઠી શ્રી સતીષભાઈ વીઠલાણીએ પોતાની લાગણી વ્યક્ત કરતા અમદાવાદ મુકામે થયેલ ભગીરથ કાર્ય બદલ શ્રી પ્રવિણભાઈ કોટકને





અભિનંદન પાઠયા હતા અને પોતે જે કંઇ પણ કરી શક્યા છે તે શ્રદ્ધેય શ્રી ખીમજી બાપાના આશીર્વાદ છે અને પોતે નિમિત્ત માત્ર છે તેમ જણાયું હતું.

ત્યાર પછી એજન્ડા અનુસાર શ્રી પ્રવિણભાઈ કોટકના આવેલા રાજીનામા અંગે સભા પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણીએ પોતાની વિચાર પ્રેરક સ્પીચમાં રજુઆતો કરતા સભામાં અનેરા ઉત્સાહનો સંચાર થયો હતો. તેઓએ કહ્યું કે તન, મન અને ધન એમ સર્વ પ્રકારે સહયોગ આપ્યા બાદ જો માનસીક વ્યથાનો ભાગ બનવાનું આવે તો તેની પરાકાષ્ઠાનું સ્વરૂપ વ્યક્તિગત લેવલે આત્મહત્યા હોય અને સંસ્થાકીય હોય તો તે રાજીનામા સ્વરૂપે હોય તે માનવસહજ છે. રક્ષણ અને સંરક્ષણ એ નિર્બળ અને દુર્બળનું નહીં પરંતુ સશક્ત વ્યક્તિ અને સંસ્થાનું જ કરવાનું હોય તેમ કહી શ્રી યોગેશભાઈએ ઉદાહરણો દ્વારા સૌને માતૃસંસ્થાના પ્રમુખની ગરિમાનું રક્ષણ એ આપણા સૌની સામુહિક જવાબદારી ગણાવી પોતાની પ્રગલ્લભ વાણીથી સૌને અભિભૂત કર્યા હતા. ત્યારબાદ તેઓએ સભાની લાગણીઓ સાંભળવા માટે મંચ ખુલ્લો મુક્યો હતો અને ઓપન સેશનમાં સૌને આમંત્રણ આપ્યુ હતું. સૌ પ્રથમ શ્રેષ્ઠી શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણીએ પોતાની પ્રભાવશાળી શૈલીમાં પોતાની વાત મૂકી સભાનું સમર્થન મેળવ્યું હતું અને બધા વતી શ્રી પ્રવિણભાઈના રાજીનામાનો અસ્વીકાર તેમજ શ્રી પ્રવિણભાઈ પોતાનું રાજીનામું પાછું ખેંચે તે અંગેનો પ્રસ્તાવ અને તેના પછી આવી કોઈ ઘટનાનું પૂનરાવર્તન ન થાય તેમજ સમાજની એકતા અને સંગઠન જળવાય તે માટેના ઠરાવ રજુ કરતા સૌએ તાળીઓના ગળગળાટ થી વધાવી મંજુર કર્યો હતો.













સમાજ શ્રેષ્ઠી શ્રી નવીનચંદ્ર રવાણીએ પોતાની લાગણઓ વ્યક્ત કરી શ્રી પ્રવિણભાઈ કોટકના રાજીનામાને સમાજ માટે એક મોટો આઘાત જણાવી પોતાનું રાજીનામું પાછું ખેચવા ધારદાર અપીલ કરી હતી. આ ઉપરાંત શ્રેષ્ઠી શ્રી પ્રતાપભાઈ દત્તાણી, શ્રી પરેશભાઈ ભૂતતાણી, શ્રી સતીષભાઈ વિઠલાણી, શ્રી પોપટભાઈ અખાણી, શ્રી પ્રવિણબાપા, શ્રી ઠાકોરભાઈ ઠક્કર, સુશ્રી




















ડૉ. નીમાબેન આચાર્ય, શ્રી ગીરીશભાઈ કોટેચા, યજમાન મહાજનો વતી શ્રી વિનોદભાઈ ઠક્કર, શ્રી પ્રવિણભાઈના પરિવાર વતી શ્રી જયેશભાઈ કોટક, શ્રી જીતુભાઈ લાલ, આફ્રિકાથી ખાસ પધારેલા શ્રી નવીનભાઈ કાનાબાર, શ્રી ધર્મેશભાઈ હરીયાણી, શ્રી હિમંતભાઈ સોમૈયા, શ્રી દિગ્વીજયભાઈ કાપડીયા, શ્રી શંકરભાઈ કતીરા, શ્રી ચંદુભાઈ મારફતીયા, શ્રી બીપીનભાઈ ગણાત્રા, શ્રી યોગેશભાઈ ઉનડકડ, શ્રી ભગવાનદાસ બંધુ વગેરે જ્ઞાતી શ્રેષ્ઠીઓએ સૌએ એક સુરમાં શ્રી પ્રવિણભાઈ કોટક પરત્વેના પોતાના સમર્થન અને તેઓના કાર્યકાળની સરાહના કરી હતી શ્રી પ્રવિણભાઈ કોટકે પોતાના વક્તવ્યમાં પોતાની માતાના સોગંદ ખાય પ્રમુખ તરીકે ના હોદ્દા પર ચાલુ રહેવાની લેશમાત્ર ઈછા ન હોવાનું જણાયું પરંતુ વિશ્વભરના મહાજનોના પત્રો, સોશિયલ મિડિયા અને ઈમેઈલ પર આવેલ સેંકડો સંદેશાઓ અને આજની સભાની મોટી હાજરી તેમજ જનસમર્થનને મને મારો નિર્ણય બદલવા મજબુર કર્યો છે અને મારી અનિચ્છા ઉપર સમગ્ર સમાજના પ્રેમનો વિજય ગણાવી પોતે સભાની લાગણીઓનો સહર્ષ સ્વીકાર કરે છે, ત્યારબાદ પૂ. જાનકીદાસ બાપુએ શ્રી પ્રવિણભાઈને પ્રસાદીનો હાર પહેરાવી આશીર્વાદ આપતા રામાયણના પ્રસંગોનો ઉલ્લેખ કરી રામજી અને ભરતનો ગાદી અને વારસાનો પ્રસંગ સુપેરે વર્ણવી શ્રી પ્રવિણભાઈ અને ટીમને પૂ. ભાણ સાહેબના આશીર્વાદ આપ્યા હતા.






# અષ્ઠમ કારોબારી બેઠક, ડીસા

**તા. ૨૩ ડિસેમ્બર, ૨૦૧૮**

**યજમાન સંસ્થા : સમસ્ત લોહાણા સમાજ ડીસા**









પ્રમુખ સેવક શ્રી પ્રવિણભાઈ કોટક ના કાર્યકાળની અષ્ઠમ કારોબારી સમિતિ બેઠક સમસ્ત રઘુવંશી સમાજ, ડીસાના યજમાન પદે અનંતરા ગ્રીન્સ ડીસા ખાતે તા. ૨૩ ડિસેમ્બર, ૨૦૧૮ને રવિવારના રોજ સવારે ૯:૦૦ થી ૨:૩૦ દરમિયાન સફળતાર્પૂક યોજાઈ ગઈ. સભાની શરૂઆત ધ્વજવંદન ગીત અને સ્વાગત પ્રવચન થી થયા બાદ, મંત્રીશ્રી હિમાંશુભાઈએ કોઈમ્બતુર ખાતે યોજાયેલા કારોબારી બેઠકની મિનટ્સનું વાંચન કરી બહાલી મેળવી હતી તો મંત્રીશ્રી પિયુષભાઈ ગંઠાએ નવીનીકરણ પામેલ ખીમજી ભગવાન આર.સી.ટી. ભાગવત અતિથિ નિકેતનની કાર્યપદ્ધતિ અને વ્યવસ્થાઓ અંગે વિગતવાર રજુઆત કરી હતી. ત્યારબાદ તા. ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ કર્ણાવતી ક્લબ અમદાવાદ ખાતે યોજાયેલ મધ્યસ્થ મહાસમિતિની બેઠકમાં લેવાયેલા અગત્યના સૈદ્ધાંતિક નિર્ણયો અને આ બેઠકમાં ઉપસ્થિત રહેલા ૫૦૦ જેટલા સભ્યોના મળેલા જોરદાર સમર્થન અને વિશ્વાસ બદલ સૌ પરત્વે આભારની લાગણી વ્યક્ત કરી માતૃસંસ્થાની કાર્ય પદ્ધતિ અંગે સૌને માહિતગાર કર્યા હતા જેને સમગ્ર સભાએ અનુમોદન આપી તાળીઓના ગડગડાટથી વધાવી હતી. એજન્ડા અનુસાર ત્યાર પછી મહિલા વિભાગ તથા સ્થાયી સમિતિઓ- થેલેસેમિયા, શિક્ષણ અને આરોગ્ય તેમજ પર્યાવરણ સમિતિના અધ્યક્ષશ્રીઓએ પોતાના ક્ષેત્રની વિવિધ પ્રવૃત્તિઓના અહેવાલ રજુ કર્યા હતા તેમજ વિભાગીય અધ્યક્ષશ્રીઓએ પણ પોતાના વિભાગોમાં થયેલી પ્રવૃત્તિઓ પ્રસ્તુત કરી હતી.

ટ્રસ્ટી મંડળ વતી સુશ્રી વીણાબેન પાંધીએ પણ લાગણીસભર રજુઆત કરી માતૃસંસ્થાના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ અને ટીમને અભિનંદન પાઠવ્યા હતા. વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કરે શ્રી પ્રવિણભાઈના નેતૃત્વની શક્તિઓને બીરદાવી આગામી લોકસભામાં રાજનીતિક ક્ષેત્રે પણ તેઓને તાકાતથી પર્દાપણ કરવા માટે અપીલ કરી હતી. આ અંગે ટ્રસ્ટી શ્રી પરેશભાઈ ભૂપતાણીએ પોતાના વક્તત્વમાં જણાવ્યું હતું કે સમગ્ર રઘુવંશી સમાજે સંગઠીત થઈ એકતાના દર્શન સૌ રાજકીય પક્ષોને કરાવવા જોઈએ. ''માગ્યા વિના 'મા' પણ ના પીરસે'' એ ઉક્તિનો ઉલ્લેખ કરી શ્રી પરેશભાઈએ કહ્યું કે તમામ પ્રદેશ અને વિસ્તારમાંથી જ્ઞાતિ સંસ્થાઓ અને મહાજનો એ મક્કમ રીતે એક સુરમાં લોહાણા જ્ઞાતિના રાજકીય પ્રતિનિધિત્વ માટે રજુઆત કરવી જોઈએ. ત્યારબાદ માતૃસંસ્થાના પૂર્વ પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણીએ વિચાર પ્રેરક વક્તવ્યમાં થોડી રમુજ અને થોડી મીઠી ટકોર કરી જણાયું હતું કે અધિવેસનના કાળમાં ડીસા તરફથી ઉમદા સહકાર પ્રાપ્ત થયો હતો. વધુમાં તેઓએ જણાવ્યું હતુ કે મહાપરિષદ એ કોઈ વ્યક્તિઓની સંસ્થા નથી, પરંતુ






મહાજનો અને વિવિધ સંસ્થાઓ થકી બનેલી સંસ્થા છે અને તેથી કાર્યકર્તાઓ અને સમર્પિત સભ્યોની ટીમનો ઉત્સાહ વધે તેવું વાતાવરણ ઉભુ કરવું એ આપણા સૌની સામુહિક જવાબદારી છે.



કારોબારીના અંતે પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે ખૂબજ રસાળ શૈલીમાં પોતાનું પ્રમુખીય ઉદ્‌બોધક કરી વાતાવરણને વધુ ખુશનુમાં બનાવી દીધું હતું. ડીસા સમાજ દ્વારા મસમોટા ફુલહાર દ્વારા તેઓનું સન્માન કર્યુ તે બદલ તેઓએ પોતાની પ્રસંન્નતા વ્યક્ત કરી ડીસા સાથેના વર્ષો જુના સંબંધોને વાગોળ્યા હતા અને પોતાના માદરે વતન ઉત્તર ગુજરાત પરત્વે આભાર અને ગૌરવની લાગણી પ્રગટ કરી હતી. વધુમાં તેઓએ કહ્યું કે આગામી લોકસભાની ચુટણીમાં લોહાણા જ્ઞાતિના પ્રતિનિધિત્વને લઈને જો શાસક પક્ષ તરફથી મૅનડેટ મળે તો મારી તમામ પ્રકારની તૈયારીઓ દર્શાવી તેઓએ સૌના આશીર્વાદ માંગ્યા હતા. આ પ્રસંગે તેઓએ ખૂબ જ આતિથ્ય સભર અને ઉમળકાથી સૌને આવકારી સુંદર આયોજન માટે મહાજન પ્રમુખ શ્રી રજનીભાઈ ઠક્કર, શ્રી ભગવાનદાસ બંધુ તથા શ્રી રઘુવંશી દેશી લોહાણા મહાજન, શ્રી પારકર ચોવીસી લોહાણા મહાજન, શ્રી મારવાડી લોહાણા મહાજન ડીસા, શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ડીસા, શ્રી સીંધી લોહાણા સમાજ ડીસા તેમજ સમસ્ત ડિસા રઘુવંશી સમાજને ધન્યવાદ અને આભાર વ્યક્ત કરી પાંચેય મહાજનોનું બહુમાન કર્યું હતું તો સાથે સાથે બન્ને સમારોહના સુંદર સંચાલન માટે ઉદ્‌ઘોષક શ્રી ચંદ્રકાન











તન્નાનું, સુંદર આયોજન માટે શ્રી ભગવાનદાસ બંધુનું અને સરસ સંકલન માટે શ્રી હર્ષદાય ઠક્કરનું પણ બહુમાન કર્યુ હતું. આ બે દિવસીય કાર્યક્રમમાં શ્રી હિંમતભાઈ કોટક, શ્રી મનુભાઈ ગોકલાણી, શ્રી ભવાનભાઈ કોટક, શ્રી અજયભાઈ ઠક્કર તથા અન્ય સૌએ પણ ડીસાની ટીમ સાથે સતત સંકલનમાં રહી આ કારોબારી બેઠક અને આંતરરાષ્ટ્રીય એવોર્ડ વિતરણ સમારોહને ચાર ચાંદ લગાવ્યા હતા.











# નવમી કારોબારી બેઠક, દુબઈ

**તા. ૨૧ જૂન, ૨૦૧૯**

**યજમાન સંસ્થા : શ્રી યુ.એ.ઈ. લોહાણા મહાજન**







શ્રી પ્રવિણભાઈ કોટકના નેતૃત્વની માતૃસંસ્થાની નવમી કારોબારી સમિતિની બેઠક શ્રી યુ.એ.ઈ. લોહાણા મહાજનના યજમાન પદે દુબઈ ખાતે હોટલ એક્ષલ્સર, બરદુબઈ મુકામે તા. ૨૧ જૂન, ૨૦૧૯ના રોજ સવારે ૯:૦૦ થી ૧:૦૦ દરમિયાન ઉત્સાહજનક વાતાવરણમાં સંપન થઈ હતી. પૂ. જલારામ બાપાની આરતી અને રઘુવંશી ધ્વજવંદન ગીતથી સભાની શરૂઆત થયા બાદ યુ.એ.ઈ. સ્થિત શ્રી હરીશભાઈ પવાણીએ સ્વાગત પ્રવચન દ્વારા સૌને ઉમળકાથી આવકાર્યા હતા. આ દિવસ આંતર રાષ્ટ્રિય યોગ દિન હોય, શ્રી સતીષભાઈ વીઠલાણીએ યોગ અને ધ્યાનની પ્રેકટીશ કરાવી અમદાવાદ મુકામે નવીનીકરણ પામેલા અતિથિ ભવનની સૌને મુલાકાત લઈ અમદાવાદની મુલાકાત દરમિયાન ત્યાં જ રોકાણ કરવા સૌને અનુરોધ કર્યો હતો.

ત્યારબાદ વિભાગીય ઉપપ્રમુખશ્રીઓ શ્રી જિતેન્દ્રભાઈ ઠક્કર (મહારાષ્ટ્ર), શ્રી કે.સી. ઠક્કર (કચ્છ), શ્રી નરેન્દ્ર દાવડા (વિદર્ભ), શ્રી સુરેશભાઈ ચંદારાણા (સૌરાષ્ટ્ર), શ્રી મુકેશભાઈ સાગલાણી (દક્ષિણ ભારત) તેમજ શ્રી ઠાકોરભાઈ ઠક્કર (ગુજરાત) સૌએ પોતપોતાના વિસ્તારના થયેલા કાર્યો અંગે પ્રાસંગીક ઉદ્‌બોધન કર્યા હતા. સ્થાયિ સમિતિઓના અહેવાલમાં સૌપ્રથમ શિક્ષણ સમિતિ અધ્યક્ષ શ્રી ધર્મેશભાઈ હરિયાણીએ શ્રી રોનક પ્રતાપરાય દત્તાણી એન્જયુકેશન ફાઉન્ડેશન સ્કોલરશીપ અને છેલ્લા છ માસ દરમિયાન ઉચ્ચ શિક્ષણ માટે તેમજ મેડિકલ સહાય માટે મંજુર થયેલ અરજીઓ ખજાનચી શ્રી હિમંતભાઈ કોટક અને ઓડિટર શ્રી વસંતભાઈ અનારકટની સાથે રજુ કરી આ સેવા યજ્ઞમાં યથોચિત રીતે સૌને જોડાવા અપીલ કરી હતી. ત્યાર બાદ મંત્રી શ્રી









પિયુષભાઈ ગંઠાએ થેલેસેમિયા નાબુદી અભિયાન અંતર્ગત થતા કાર્યો અંગે સૌને માહિતગાર કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે છેલ્લાં એક વર્ષમાં એક પણ થેલેસેમિયા મેજર બાળક લોહાણા જ્ઞાતિમાં જન્મ્યુ હોય તેવા કોઈ સમાચાર નથી જેને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ. થેલેસેમિયા નાબુદી માટે વિશેષરૂપે શ્રી યોગેશભાઈ લાખાણી તેમજ શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી દ્વારા થઈ રહેલા કર્મયોગ અને સખાવતને પણ આ પ્રસંગે વધાવી લીધા હતા. આ ઉપરાંત સુ.શ્રી ડૉ.નિમાબેન આચાર્ય દ્વારા મહિલા સમિતિની પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી અપાઈ હતી તેમજ યુવા વિભાગ અધ્યક્ષ શ્રી અજયભાઈ વડેરાએ આગામી ડિસેમ્બર માસની આસપાસ સમગ્ર દેશમાંથી એક યુવા સંમેલનના આયોજન માટે ઈચ્છા વ્યક્ત કરી હતી.

ત્યાર બાદ વરિષ્ઠ હોદ્દેદારોના ઉદ્‌બોધનના દોરમાં લંડનથી ખાસ પધારેલા લોર્ડ શ્રી ડોલર પોપટે યુ.કે.માં લોહાણા જ્ઞાતિ દ્વારા થઈ રહેલા કાર્યો અને પ્રવૃત્તિઓ અને તેમના યોગદાન બદલ સંતોષ વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર, ટ્રસ્ટીશ્રી પરેશભાઈ ભૂપતાણી તેમજ શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણીએ પોતાના ઉદ્‌બોધનોમાં માતૃસંસ્થાના મંચ પરના આ પ્રકારના આયોજનોને બિરદાવી યજમાન મહાજનને અભિનંદન પાઠવ્યા હતા. કારોબારી બેઠકના સમાપન સમયે પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે દુબઈ મુકામે વિધિવત રીતે શ્રી યુ.એ.ઇ. લોહાણા મહાજનની સ્થાપનાની જાહેરાત કરી દુબઈ સ્થિત સમાજશ્રેષ્ઠી શ્રી હરીશભાઈ પવાણીને પ્રમુખ તરીકે જાહેર કર્યા જેને સૌ સભ્યોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા. સમગ્ર કારોબારી ને સફળ બનાવવામાં મુખ્ય સહયોગી તરીકે શ્રી હરીશભાઈ પવાણી, શ્રી ભરતભાઈ રૂપારેલ, શ્રી મુકુંદભાઈ ઠક્કર, શ્રી પીયુષભાઈ ઠક્કર, શ્રી કાન્તિભાઈ ઠક્કર તેમજ સમગ્ર ટીમનું મોમેન્ટો આપી અભિવાદન કર્યુ હતું. આ પ્રસંગે માતૃસંસ્થાના ઉમદા કાર્યોને સહયોગ આપવા શ્રી સુધીરભાઈ રૂપારેલ (આફ્રિકા) તેમજ શ્રી વિજયભાઈ કારીયા (મુંબઈ), શ્રી લોર્ડ ડોલર પોપટ (યુ.કે.), શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી, શ્રી કેતનભાઈ કોટેચા (કોંગો), શ્રી નરેન્દ્રભાઈ ગણાત્રા (ઓમાન), શ્રી મોહનભાઈ ઠક્કર (મુંબઈ), શ્રી રસીકભાઈ ઠકરાર (મુંબઈ), શ્રી રૂપાંગભાઈ સચદે (મુંબઈ), શ્રી મહેશભાઈ પુંજારા (મુંબઈ), શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ મુંબઈ વતી શ્રી જનકભાઈ ઠક્કર તથા શ્રી સતીષભાઈ વિઠ્ઠલાણીએ સ્વૈચ્છિક વગેરે એ અનુદાનની જાહેરાત કરી.





# દશમ કારોબારી બેઠક, ગોંદિયા

## તા. ૨૯ ડિસેમ્બર, ૨૦૧૯

## યજમાન સંસ્થા : શ્રી ગોંદિયા લોહાણા મહાજન






પ્રમુખ સેવક શ્રી પ્રવિણભાઈના નેતૃત્વ અંતર્ગત માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની દશમ્ કારોબારી સમિતિ બેઠક શ્રી ગોંદિયા લોહાણા મહાજન તેમજ શ્રી વડેરા પરિવારના સંયુક્ત યજમાન પદે હોટલ ગ્રાન્ડ સીતા, ગોંદિયા (મહારાષ્ટ્ર) ખાતે ફુલ ગુલાબી ઠંડી વચ્ચે ઉષ્માસભર અને આહલાદક આતિથ્યસભર વાતાવરણમાં તા. ૨૯ ડિસેમ્બર, ૨૦૧૯ને રવિવારના રોજ સવારે ૯:૩૦ થી ૨:૩૦ કલાક દરમિયાન સફળતાપૂર્વક સંપન થઈ. પૂરાય ભારત અને પરદેશથી પણ પધારેલા રઘુવંશી પ્રતિનિધિઓ સવારે ૧૦:૧૫ કલાકે રઘુવંશી ધ્વજવંદન ગીતમાં જોડાયા હતા અને ત્યાર બાદ વિભાગીય ઉપપ્રમુખ શ્રીનરેન્દ્રભાઈ દાવડાએ સૌને ઉમળકાભેર આવકારી પોતાના સ્વાગત પ્રવચનમાં શ્રી પ્રવિણભાઈના આ પાંચ વર્ષના કાર્યકાળની દશમ કારોબારી બેઠક અમારા આંગણે યોજાઈ તે બદલ આનંદ અને ગૌરવની લાગણી વ્યક્ત કરી માતૃસંસ્થા અને હોદ્દેદારોનો આભાર માન્યો હતો. મંત્રીશ્રી હિમાંશુભાઈએ દુબઈ ખાતે યોજાયેલ કારોબારી સમિતિની બેઠક તેમજ ગ્લોબલ લોહાણા કન્વેનશનનો વિગતવાર અહેવાલ રજુ કરી એજન્ડાની બહાલી મેળવી હતી. એજન્ડા અનુસાર તેના પછી શ્રી સતીષભાઈ વીઠલાણીએ સમગ્ર લોહાણા સમાજની વસ્તીગણતરી માટેના પ્રોજેક્ટ અંગેનો અહેવાલ સુંદર રીતે રજુ કરી પ્રોજક્ટને "લોહાણા કનેક્ટ એપ" સાથે જોડવાથી એક સાથે ઘણા બધા હેતુઓ સિદ્ધ થશે. ત્યારબાદ શ્રી શિલ્પાંગભાઈ કારીયાએ આ અંગે વિગતે સમજાવ્યું હતું.

ત્યાર બાદ મંત્રીશ્રી પીયુષભાઈ ગંઠાએ એજન્ડા ક્રમ અનુસાર શ્રી લોહાણા મહાપરિષદની આગામી પાંચ વર્ષની મધ્યસ્થ મહાસમિતિની રચના માટે મહાજનો તરફથી હજુ વિગતો ભરાયેલા ફોર્મ પૂરતા પ્રમાણમાં આવ્યા નથી તેથી દરેક વિભાગીય ઉપપ્રમુખ શ્રીઓએ પોત-પોતાના વિસ્તારમાં મહાજનોને પોતાના પ્રતિનિધીઓના ફોર્મ જલદી મહાપરિષદ ઓફિશ મોકલવા કાર્યવાહી કરવાની દરખાસ્ત કરી હતી.







આગળના એજન્ડા મુજબ સૌ વિભાગીય ઉપપ્રમુખશ્રીઓએ પોતપોતાના વિસ્તારની વિગતો આપી હતી અને વર્ષ ૨૦૨૦-૨૦૨૫ની મધ્યસ્થ મહાસમિતિની રચના અંગેના ફોર્મની કાર્યવાહી ઝડપથી પૂર્ણ કરાવવાની ખાત્રી આપી હતી. ત્યારબાદ ખજાનચી શ્રી નીતિનભાઈ પાંધીએ વર્ષ ૨૦૧૯માં અપાયેલ સ્કોલરશીપ, ઉચ્ચ શિક્ષણ માટે સહાય, આરોગ્ય સહાય, થેલેસિમિયા બાળકોની સુખાકારી માટે વિશેષરૂપે ફાળવાયેલ આર્થિક ભંડોળ વગેરેનો એહેવાલ વિગતે રજુ કરી પ્રાસંગીક ઉદ્‌બોધન કર્યું હતું. તેના પછી યુવા સમિતિ રાષ્ટ્રિય અધ્યક્ષ શ્રી અજયભાઈ વડેરાએ યુવાનોને જ્ઞાતિના મુખ્ય પ્રવાહમાં જોડાવાના હેતુથી આગામી તા. ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ નવી મુંબઈ ખાતે આંતરરાષ્ટ્રીય યુવા સંમેલનની જાહેરાત કરી સૌને પોતપોતાના વિસ્તારના યુવાનોને આ સમારોહમાં જોડાવા પ્રોત્સાહિત કરવા અપીલ કરી હતી.












મહિલા સમિતિ વતી શ્રીમતી રશ્મીબેન વીઠલાણી અને શ્રીમતી રીટાબેન ઠક્કરે ખૂબ જ રસાળ અને પ્રેરણાત્મક શૈલીમાં વક્તવ્યો આપી સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. બંનેના વક્તવ્યોનો નિચોડ એવો હતો કે હવે આપણી જ્ઞાતિની બહેન દિકરીઓ સશક્ત બનતી જાય છે સ્ત્રી-સશકતીકરણની પ્રક્રિયા હજુ પણ વધુ દૃઢ બને તે માટે સ્ત્રી-પુરષના ભેદભાવ ભૂલી આપણે સૌએ ભેગા મળી આપણી દીકરીઓ અને પુત્રવધુઓને પ્રોત્સાહિત કરવાની જરૂરત છે, તેવું બંનેએ પોતપોતાના અંગત જીવનના ઉદાહરણો દ્વારા સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો. આ ઉપરાંત સ્થાયી સમિતિના અહેવાલોમાં અધ્યક્ષશ્રી કિરીટભાઈ ભીમાણી દ્વારા અમદાવાદના જલારામ વૃક્ષ મંદિર અંગે, પીયુષભાઈ મજીઠીયા દ્વારા આગામી ૨૩, ફેબ્રુઆરી, ૨૦૨૦ના મુંબઈ ખાતે યોજાનાર આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ટુર્નામેન્ટ વિશે, શિલ્પાંગભાઈ કારીયા દ્વારા “લોહાણા કનેક્ટ” અંગે, હસમુખભાઈ કારીયા દ્વારા છાત્રાલયો વિશે, શ્રી હસમુખભાઈ દાવડા દ્વારા લગ્નવિષયક પ્રવૃત્તિઓ અંગે વિગતવાર માહિતી અને થયેલ પ્રવૃત્તિઓનો અહેવાલ રજુ કર્યો હતો. ત્યારબાદ વરિષ્ઠ હોદ્દેદારોના વક્તવ્યોનો દોર શરૂ થતા પહેલા સભામાં ઉપસ્થિત ગઢશીશાથી પધારેલ પૂ. ચંદુમાંએ સૌને આશીર્વચન પાઠવી પોતાનો રાજીપો વ્યક્ત કરતા જણાવેલું કે હું બહુ બધા સમારોહમાં ગઈ છું, પરંતુ અહિ મારા સમાજની વચ્ચે મારા લોકો સાથે રહેતા અત્યંત લાગણીશીલતા અને અપનાપનનો ભાવ અનુભવાય છે. શ્રી પ્રવિણભાઈ કોટકનું કુશલ નેતૃત્વ અને તેની ટીમની યશસ્વી પ્રવૃત્તિઓથી લોહાણા સમાજ વધુને વધુ પ્રગતી કરી તેવા


















મારા અંતરના આશિર્વાદ સહ પ્રભુને પ્રાર્થના કરું છું.

વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કરે મહાપરિષદ દ્વારા થયેલી પ્રવૃતઓને બીરદાવી જણાવ્યું કે માતૃસંસ્થાના અનેક વિધ પ્રકલ્પો દ્વારા જ્ઞાતીના છેવાડાના વ્યક્તિ સુધી પહોચવાનો પ્રયત્ન થયો છે અને જ્ઞાતિના વિકાસના આ પ્રયત્નોમાં આપણે ખૂબ આગળ વધી શક્યા છીએ. ટ્રસ્ટી શ્રી પરેશભાઈ ભૂપતાણીએ પ્રવિણભાઈની પ્રમુખ તરીકેની સમગ્રલક્ષી કામગીરીને લઈને ‘‘પ્રવિણભાઈ તમે પાસ થઈ ગયા’’ એમ જણાવી અભિનંદન પાઠવ્યાં હતા. ટ્રસ્ટીશ્રી મોહનભાઈ ઠક્કર અને શ્રી નિતીનભાઈ રાયચુરાએ પણ પોતાના ઉદ્‌બોધનોમાં શ્રી પ્રવિણભાઈને અભિનંદન આપી જણાવ્યું હતું કે તેઓના નેતૃત્વમાં અનેક નવા અને સમાજ ઉપયોગીકાર્ય સફળતાપૂર્વક સંપન્ન થયા છે. ખાસ કરીને શિક્ષણ અને આરોગ્યના પ્રકલ્પોથી અસંખ્ય જ્ઞાતિજનો લાભન્વીત થયા છે. ત્યારબાદ પૂર્વ પ્રમુખ શ્રી રવિન્દ્રભાઈ






વાઘાણીએ ઉંડાણપૂર્વક માતૃસંસ્થાનો ઇતિહાસ વાગોળી સંગઠન માટે પોતે ગામે ગામ જે રીતે ફરેલા એ જે અનુભવો થયેલા તે સરસ રીતે પ્રસ્તુત કર્યા હતાં. તેના પછી તત્કાલીન પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણીએ પણ પોતાના કાર્યકાળને યાદ કરી શષ્ઠમ અધિવેશન વખતની પોતાની સ્મૃતિઓ વાગોળી ગોંદિયા અને મધ્યભારતની પોતાની મુલાકાતો ખૂબજ ઉમદા અને સુખદ ગણાવી સેવાકીય પ્રવૃત્તિઓને સરાહી હતી.

સૌથી છેલ્લે પોતાના પ્રમુખીય ઉદ્‌બોધનમાં શ્રી પ્રવિણભાઈ કોટકે સૌ પ્રથમ સમગ્ર ભારત અને વિશ્વભરના જ્ઞાતિ શ્રેષ્ઠીઓ અને રઘુવંશીભાઈ-બહેનો તરફથી પોતાને મળેલ જબરજસ્ત પ્રેમ, લાગણી અને સહકારને વાગોળી સૌ પરત્વે આભારની લાગણી વ્યક્ત કરી હતી. તો સાથે સાથે છેલ્લાં સાડાચાર વર્ષના પોતાના પ્રમુખ તરીકેના કાર્યકાળ દરમિયાન જે જે હોદ્દેદારો તરફથી સાથ સહકાર અને માર્ગદર્શન મળ્યા તે સૌના નામોનો ઉલ્લેખ કરી અભિનંદન અને આનંદની સાથે આભારની લાગણી વ્યક્ત કરી હતી. શ્રી યોગશેભાઈને સંબોધીને તેઓએ જણાવ્યું કે હું મારા ઘણા ખરા વક્તવ્યોમાં શ્રી યોગેશભાઈને મારા તો યોગેશ્વર ભગવાન છે'' તેવા વિશેષણથી આજે પણ નવાજી તેઓના સાથ સહકાર બદલ ઋણ સ્વીકાર વ્યક્ત કરું છું અને શ્રી પરેશભાઈ એ આપેલ પાસ થયાના પ્રમાણપત્ર બદલ આભાર માનતા જણાવ્યુ કે આ જગ્યાએ બેસાડનાર પણ તમો જ હતા અને એટલે તમારે પ્રમાણપત્ર પણ આપવું જ ઘટે. બસ સૌની અપેક્ષાઓથી હું ખરો ઉતર્યો છું તેનો મને આનંદ છે. આ પ્રસંગે શ્રી પ્રવિણભાઈએ શ્રી અજય વડેરા, શ્રી નરેન્દ્ર દાવડા, શ્રી પ્રમોદભાઈ પટેલીયા તેમજ વડેરા પરિવારનો આ સુંદર આયોજન, આતિથ્ય અને છેક એરપોર્ટથી લઈને ચંપારણ સુધીની ઉચ્ચકોટીની સરભરા બદલ સૌને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. તેમજ સ્વ. શ્રી વિજયભાઈ વડેરાની સેવાની નોંધ લઈ તેઓને બિરદાવ્યા. આ પ્રસંગે યોજાયેલ આંતરરાષ્ટ્રિય એવોર્ડ વિતરણ સમારોહ દરમિયાન માતૃસંસ્થા દ્વારા તૈયાર થયેલ શ્રી વિજયભાઈ વિડિયો પ્રસ્તુત કરી તેઓનું મરણોતર બહુમાન તેઓના પરિવારના માધ્યમથી કર્યું હતું.

અંતે યજમાન સંસ્થાનું સુંદર આયોજન બદલ બહુમાન કરવામાં આવ્યું હતું. બેઠકનું સુંદર સંચાલન ઉદ્‌ઘોષક શ્રી ચન્દ્રકાન્ત તન્નાએ કર્યુ હતું તો આભાર વિધિ શ્રી અશોકભાઈ માધવાણીએ કરી હતી.









# અગિયારમી કારોબારી બેઠક, અમદાવાદ

**તા. ૧ જુલાઈ, ૨૦૨૦**

**ઓનલાઈન - ઝુમ એપ**



શ્રી લોહાણા મહાપરીષદની કારોબારી સમિતિની બેઠક તેમજ નવરચના પામેલ મધ્યસ્થ મહાસમિતિની બેઠક તા. ૩૦-૩૧ મે, ૨૦૨૦ના રોજ મુંબઈ ખાતે રાખેલ, પરંતુ કોરોના માહામારીના કારણે તે બેઠક મુલતવી રાખવી પડી હતી તે અંગે તમામ સભ્યોને સમયસર જાણ કરી દેવામાં આવી હતી.

વિશ્વભરમાં કોરોના વાઈરસ મહામારી સૌની ધારણા કરતા વધુ લાંબી ચાલતા સરકારશ્રીના આદેશ અનુસાર અત્યારના સંજોગોમાં કોઈ પણ રાજકીય, ધાર્મિક કે સામાજિક સભા કે મેળાવડા યોજવા પર પ્રતિબંધ છે. આ સંજોગમાં અન્ય કોઈ વિકલ્પ ના રહેતા નામદાર સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન પ્રમાણે ટેકનોલોજીના માધ્યમથી ઝૂમ એપ પર રાખવામાં આવી હતી. તમામ કારોબારી સભ્યોને માહિતગાર કરવા સાથે જો કોઈ સભ્ય સંજોગો વસાત જોડાઈ ન શકે તો તેમણે અગાઉથી શ્રી લોહાણા મહાપરિષદને ઈ-મેલ અથવા પત્રથી જાણ કરવા માટે જણાવી દેવામાં આવ્યું હતું.



શ્રી લોહાણા મહાપરીષદ દ્વારા માતૃસંસ્થાની કારોબારી સમિતિની મીટીંગ બુધવાર તા. ૧ જુલાઈ, ૨૦૨૦ના રોજ ઝૂમ એપ પર બપોરે ૩:૩૦ કલાકે રજીસ્ટ્રેશન બાદ સાંજે ૪:૦૦ કલાકે શરૂ થઈ. જે દરમ્યાન લગભગ ૧૦૦ આસપાસ કારોબારી સભ્યોનું ઓનલાઈન રજીસ્ટ્રેશન પૂર્ણ થઈ ગયું હતું. મીટીંગની શરુઆત રઘુવંશી ધ્વજવંદન ગીત સાથે કરવામાં આવી હતી. શ્રી લોહાણા મહાપરિષદના મંત્રીશ્રી હરીશભાઈ ઠક્કર દ્વારા મીટીંગની શરુઆત કરવામાં આવી તથા પ્રારંભમાં ઝૂમ એપ પર મીટીંગ કેમ રાખી તે વિષે તમામ સભ્યોને ટૂંકમાં સમજણ આપવામાં આવી અને ત્યારબાદ દિવંગતોને શ્રદ્ધાંજલિ અને શોક ઠરાવ પસાર કરવામાં આવ્યો. ત્યારબાદ તા. ૨૮-૨૯ ડીસેમ્બર, ૨૦૧૯ના રોજ ગોંદીયા મુકામે મળેલી ગત કારોબારી સમિતિ બેઠકની મિનિટ્સનું વાંચન કરી તેની બહાલી લેવામાં આવી.



મંત્રી શ્રી હરીશભાઈ ઠક્કર દ્વારા આગામી વર્ષ ૨૦૨૦-૨૦૨૫ માટેના આગામી સમયગાળા માટે બંધારણની જોગવાઈઓ મુજબ રચાયેલ મધ્યસ્થ મહાસમિતિની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારબાદ કોરોના વાયરસની વૈશ્વિક મહામારીના કારણે સમાજના પરિવારોને થતી હાલાકીમાં સમાજને કેવી મદદ કરી શકીએ તે અંગે ચર્ચા અને માતૃસંસ્થા દ્વારા આ મહામારીમાં જરુરિયાતમંદ પરિવારો માટે થયેલ સરાહનીય કાર્યોની વિગતો આપવામાં અવી હતી.



સમારંભમાં માતૃસંસ્થાના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર દ્વારા પ્રસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું. વર્તમાન સમયમાં કોરોના મહામારીના કારણે નવી મધ્યસ્થ મહાસમિતિની મીટીંગ બોલાવી શકાય તેમ ના હોવાથી ટ્રસ્ટી શ્રી મોહનભાઈ ઠક્કર દ્વારા બંધારણમાં લખેલ નિયમ અને કોલમ મુજબ વર્તમાન કારોબારીને સમય અને સંજોગ તથા કાયદા અનુસાર અનુકુળ ના થાય ત્યાં સુધી (ઓછામાં ઓછા છ મહિના અને વધુ સમય લાગે તો તે મુજબ) યથાવત રાખવાનો પ્રસ્તાવ મુક્યો હતો, જેને ઉપસ્થિત મોટા ભાગના સભ્યોએ કોઈ પણ જાતના વાંધા કે વિરોધ વિના સ્વીકાર કર્યો હતો.








આ સમયે પૂર્વ પ્રમુખ અને ટ્રસ્ટી શ્રી યોગેશભાઈ લાખાણી, પૂર્વ પ્રમુખ અને ટ્રસ્ટી શ્રી રવીન્દ્રભાઈ વાઘાણી, નામાંકિત સોલીસીટર શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી, ટ્રસ્ટી શ્રી પરેશભાઈ ભુપતાણી, ટ્રસ્ટી શ્રી મોહનભાઈ ઠક્કર, ટ્રસ્ટી શ્રી વીણાબેન પાંધી, ટ્રસ્ટી શ્રી નિતીનભાઈ રાયચુરા, શ્રી પિયુષભાઈ ગંઠા, શ્રી નિતીનભાઈ પાંધી, શ્રી ચંદ્રકાન્તભાઈ તન્ના, શ્રી અજયભાઈ વડેરા, સુશ્રી નીમાબેન આચાર્ય, શ્રી જીતેન્દ્રભાઈ ઠક્કર, શ્રી સતીષભાઈ વિઠલાણી, શ્રી જનકભાઈ ઠક્કર, શ્રી ધનવાનભાઈ કોટક, શ્રી નરેન્દ્રભાઈ દાવડા, શ્રી ઠાકોરભાઈ ઠક્કર, શ્રી કે.સી. ઠક્કર, શ્રી હેમંતભાઈ કાથરાણી જેવા વગેરે મહાનુભાવો ઓનલાઈન ઉપસ્થિત હતા.

મીટીંગની સમાપન પહેલા શ્રી લોહાણા મહાપરીષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે સંપૂર્ણ હકારાત્મક અને સકારાત્મક વક્તવ્ય આપ્યું હતું જેમાં તેમણે પોતે ફરીવાર પ્રમુખ બનવા નહોતા માંગતા તેવી નિખાલસ વાત કરી હતી અને વરણી સમિતિએ સંપૂર્ણ બહુમત સાથે કેવી રીતે ફરી પ્રમુખ માટે નામ પસંદ કર્યું તે અંગે વાત કરી હતી, આગામી સમયમાં તમામ ભેદભાવ ભૂલી, એક સંપ થઈ, સૌને સાથે રાખી આગળ વધવા તેમણે અપીલ કરી હતી. જેને ઉપસ્થિત તમામ સભ્યોએ માનભેર વધાવી હતી. આ ઉપરાંત શ્રી પ્રવિણભાઈ કોટક જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ કલાકથી આ ઓનલાઈન સભા ચાલે છે, ઘણો સમય લાંબો થયો છે તેથી જો ન ઉપસ્થિત સભ્યો માંથી કોઈને પણ પોતાની કોઈ લાગણી કે નિવેદન આપવાની ઈચ્છા હોય તો આ મિટિંગ પૂરી થયા બાદ રૂબરૂમાં અથવા લેખીતમાં આપવા વિનંતી કરી સભાને પરિપૂર્ણ કરવાની જાહેરાત કરી હતી. આ સમગ્ર ઝુમ એપ યોજાયેલ કારોબારી મીટીંગનું સંચાલન મંત્રી શ્રી હરીશભાઈ ઠક્કરે કર્યું હતું.



# શ્રી પ્રવિણભાઈ કોટકના કાર્યકાળના મુખ્ય પ્રકલ્પો અને તેની ફલશ્રુતિ

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ સંગઠન અને સહકાર દ્વારા સેવાના ધ્યેયને વરેલી ૧૦૦ વર્ષથી પણ વધુ જુની જ્ઞાતિ સંસ્થા છે, જે સમગ્ર વિશ્વમાં વસતા ૩૦ લાખ કરતા પણ વધુ રઘુવંશીઓનું પ્રતિનિધિત્વ કરે છે. આ સંસ્થાનો ભૂતકાળ ખૂબ જ ભવ્ય અને પ્રેરણાદાયી છે તો વર્તમાન વિકાસશીલ અને ઉદાહરણીય છે. જ્ઞાતિના અનેક શ્રેષ્ઠીજનોએ માતૃસંસ્થાની ગરિમા અને ધ્યેયને ચરિતાર્થ કરવા પોતાના જીવનનો મોટો હિસ્સો સમર્પીત કર્યો હતો. તન, મન અને ધનથી યોગદાન આપી માતૃસંસ્થાની ધરોહર અને પરંપારાને જાળવી અહી સુધી પહોંચાડનારા સૌ જ્ઞાતિ રત્નોને આજે આપણે નતમસ્તક નમન કરી તેઓનું સ્મરણ કરતા ગૌરવ અનુભવિએ છીએ. મુ. નાનજી કાલીદાસ મહેતાથી શરૂ કરી તત્કાલીન પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણી દરેકે પોતપોતાના પ્રમુખીય કાર્યકાળમાં જુદા જુદા પ્રકલ્પો દ્વારા જ્ઞાતિ મૈયાની અનેરી સેવા કરી જ્ઞાતિવિકાસના અનેક કાર્યો કર્યા છે. વર્તમાન પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકે માતૃસંસ્થાની  આ પ્રણાલીને જાળવી સમયની માંગ ને અનુસરી જે પ્રકલ્પોને અગ્રીમતા આપી તે ખરેખર પ્રસંશનીય, ઉદાહરણીય અને અનુકરણીય છે. આ રહ્યાં એ પ્રકલ્પો અને તેની ફલશ્રૃતી.





# શિક્ષણ યજ્ઞ

શિક્ષણનો વ્યાપ એ કોઈપણ જ્ઞાતિના વિકાસ કે પ્રગતી ની ધરોહર છે. વેપારી પ્રજા તરીકે જાણીતા લોહાણા સમાજમાં છેલ્લા બે દસકામાં ઠીક ઠીક પ્રમાણમાં શિક્ષણનો વ્યાપ વધતો જોવા મળે છે. હવે દિકરાઓની સાથે સાથે દિકરીઓ પણ ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં ખૂબ આગળ વધી રહી છે. જ્ઞાતિનો કોઈ તેજસ્વી દિકરો કે દિકરી આર્થિક સંકણામણ ને કારણે ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહે તે હેતુથી શ્રી પ્રવિણભાઈ કોટકના કાર્યકાળમાં તેઓની પ્રેરણા અને માર્ગદર્શનમાં શિક્ષણ સમિતિ અધ્યક્ષશ્રી ધર્મેશભાઈ હરિયાણીના વ્યક્તિગત ઉંડા રસ અને ઉમદા ભાવના થી ઉચ્ચ શિક્ષણ સહાય યોજના અમલમાં મુકાઈ. પૂર્વ પ્રમુખના કાર્યકાળમાં જ્ઞાતિ શ્રેષ્ઠી શ્રી પ્રતાપભાઈ દત્તાણી દ્વારા રૂા. એક કરોડની ધનરાશી શિક્ષણ માટે જાહેર થઈ હતી અને તેના વ્યાજમાંથી અને ૩૦ ટકા રકમ મહાજનના સહયોગથી ઘણા વર્ષોથી જ્ઞાતિના હજારો વિદ્યાર્થીઓને શૈક્ષણિક શિષ્યવૃત્તિ અપાય છે. આમ, શ્રી રોનક પ્રતાપરાય દત્તાણી એજ્યુકેશન ફાઉન્ડેશન અંતર્ગત અંદાજે વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૦ દરમ્યાન ૧૫ હજાર જેટલા વિદ્યાર્થીઓને આ પાંચ વર્ષ દરમ્યાન મહાજનશ્રીના ૩૦ ટકાના સહયોગથી કરોડો રૂપિયાની સ્કોલરશીપ જરૂરિયાત મંદ પરિવારોને પહોંચાડવામાં આવી છે. આ શિક્ષણ યજ્ઞની સાથે શ્રી કે. સી. ઠક્કર માધવ એજ્યુકેશન ટ્રસ્ટના રૂા. એક કરોડના અનુદાન તેમજ વંદનીય છે. સતિષભાઈ વીઠલાણીમાં પ્રયત્નોથી શ્રી ખીમજી ભગવાનદાસ ટ્રસ્ટ, મુંબઈ તેમજ શ્રી ધર્મેશભાઈ હરિયાણીના વ્યક્તિગત સહયોગ દ્વારા ઉચ્ચ શિક્ષણ માટે રૂા. એક લાખની મર્યાદામાં મહાપરિષદ દ્વારા આ શિક્ષણ યજ્ઞને વધુ દિકરા દિકરીઓ સુધી લઈ જઈ જે ઉમદા કાર્ય થઈ રહ્યુ છે તે ખરેખર પ્રશંશનીય અને ઉદાહરણીય છે. ઉચ્ચ શિક્ષણ સહાય યોજનાના આ શિક્ષણ યજ્ઞ અંતર્ગત લગભગ દર મહિને અને ક્યારેક તો મહિનામાં બે વખત સહાય વાચ્છું દિકરા-દિકરીઓને રૂબરૂ બોલાવી તેઓના ઈન્ટરવ્યૂ દ્વારા તેઓની શૈક્ષણિક કાબેલીયત અને જરૂરિયાતની ખરાઈ કરી તરતજ રકમ મંજુર કરી ચેકના સ્વરૂપે કોલેજના નામે અપાય જાય છે. આ ઉમદા કાર્યમાં શ્રી ધર્મેશભાઈ હરિયાણી, ખજાનચી શ્રી હિમંતભાઈ કોટક, શ્રી રમેશભાઈ અનમી ખાસ હાજર રહી ઝડપી કાર્યવાહી દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડે છે તે ખરેખર કાબીલે તારીફ છે. આમ, વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૦ દરમ્યાન જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને અત્યાર સુધી કરોડો રૂપિયાની સહાય પૂરી પાડવામાં આવી છે. સમાજના અસંખ્ય દિકરા દિકરીઓ અત્યાર સુધીમાં આ યોજનાનો લાભ લઈ ઉચ્ચત્તમ ડિગ્રી દ્વારા શ્રેષ્ઠ કારકિર્દી બનાવી શક્યા છે. જ્ઞાતિનો કોઈ એક દિકરો કે દિકરી સારું ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાથી માત્ર તેની જ પ્રગતી નથી થતી, પરંતુ તેનો આખો પરિવાર આગળ આવે છે અને એ રીતે રઘુવંશી સમાજ પ્રગતીના પંથે આગળ વધે છે. આ ઉમદા પ્રવૃત્તિ કોરોના કાળના લોકડઉનના સમયમાં પણ ચાલુ હતી તે ખરેખર વંદનીય છે.








## સ્વાસ્થ્ય યજ્ઞ



શિક્ષણ યજ્ઞની સાથે સાથે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા સ્વાસ્થ્ય યજ્ઞનો વ્યાપ પણ વધારવામાં આવ્યો. કોઈ હઠીલા કે જટિલ રોગ થી પીડાતા જ્ઞાતિના જરૂરિયાતમંદ દર્દીનારાયણ માટે શ્રી યોગેશભાઈના કાર્યકાળમાં પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટક દ્વારા શ્રી તલકશીભાઈ દલછારામ કોટક ચેરીટેબલ ટ્રસ્ટમાંથી રૂ. ૧ કરોડ આરોગ્ય નિધિમાં અનુદાન કરાયા હતા. આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૨૦ દરમિયાન અમદાવાદમાં ત્રણ જગ્યાએ, મુંબઈ, નાગપુર, રાજકોટ જેવા મોટા શહેરોમાં સારવાર અર્થે આવતા પરિવારજનો માટે રહેવાની સગવડ શ્રી લોહાણા મહાપરિષદ અને આરોગ્ય સમિતિ દ્વારા વિનામૂલ્યે પૂરી પાડવામા આવી. માત્ર એટલું નહિ પરંતુ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ, રઘુકુળ આરોગ્ય નિધિ, શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ-મુંબઈ, શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી, શ્રી ધર્મેશભાઈ હરિયાણી વગેરે દ્વારા અસાધ્ય રોગની સારવાર અર્થે જ્ઞાતિના દર્દીનારાયણને ઉમદા ભાવથી એક લાખની મર્યાદામાં આર્થિક સહાય આપવામાં આવી હતી. વર્ષ ૨૦૧૫ ૨૦૨૦ એમ પાંચ વર્ષ દરમિયાન લોકોના સ્વાસ્થ્યની સુખાકારી, આરોગ્ય સારવાર માટે લાખો રૂપિયાની રકમ ફાળવવામાં આવેલી છે.




## થેલેસેમિયા નાબુદી યજ્ઞ





લોહાણા જ્ઞાતિમાંથી થેલેસિમિયા નામનો ભયાનક રોગ સંપૂર્ણ પણે નાબુદ થાય તે માટે શ્રી યોગેશભાઈ લાખાણીના કાર્યકાળથી એક જબરજસ્ત જાગૃતિ અભિયાન શરૂ થયું અને શ્રી પ્રવિણભાઈ કોટકના નેતૃત્વમાં આ અભિયાન ને વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી વધુ ગતિશીલ બનાવવા મહાપરિષદ અને થેલેસેમિયા સમિતિ દ્વારા અથાગ પ્રયત્નો થયા. આ અભિયાન અંતર્ગત મહાજન લેવલે જુદા જુદા સમારોહ દરમિયાન મહાપરિષદના સૌજન્યથી છેક છેવાડાના જ્ઞાતિજનનું થેલેસેમિયા પરક્ષણ થાય અને થેલેસેમિયા માઈનોર યુવક કે યુવતિના વેવિશાળ લગ્ન ન થાય તે માટે વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી હતી.










# શ્રી પ્રવિણભાઇ કોટકના નેતૃત્વનું સોનેરી સોપાન એટલે
# શ્રી ખીમજી ભગવાન આર.સી.ટી. ભાગવત અતિથિ ભવન





મોંઘવારીના આ સમયમાં જ્ઞાતિ બંધુઓને રહેવા અદ્યતન સુવિધાઓ ખૂબ જ નજીવી કિંમતે ઉપલબ્ધ થાય તેવા ઉમદા હેતુથી અમદાવાદના એસ.જી. હાઈવે પર આવેલા પ્રખ્યાત ભાગવત વિદ્યાપીઠના સંકુલમાં શ્રી લોહાણા મહાપરિષદ / રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી ભાગવત વિદ્યાપીઠ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે મુખ્ય દાતા શ્રી ખીમજી ભગવાનદાસ ચેરિટી ટ્રસ્ટ, મુંબઈ અને અન્ય જ્ઞાતિ શ્રેષ્ઠીઓની ઉદાર સખાવતના સથવારે અતિથિ નિકેતન ગૃહનું નિર્માણ શ્રી પ્રવિણભાઈ કોટકના અંગત પ્રયત્નોથી સાકાર થયું તે માતૃસંસ્થાની યશકલ્ગીનું ખુબજ સરાહનીય અને જ્ઞાતિબંધુઓ માટે લાભકારી સંભારણું બની રહેશે.












રઘુવંશી ચેરિટેબલ ટ્રસ્ટ અને ભાગવત વિદ્યાપીઠ સોલા અતિથિ ભવનમાં હાલમાં ૪૦ જેટલા રૂમો વિવિધ હેતુઓ માટે અમદાવાદ આવતા જ્ઞાતિજનો તેમજ વૈષ્ણવજનો માટે સંચાલન સમિતિની બેઠકમાં સુનિશ્ચિત કરાયેલા નિયમ અનુસાર ઉપલબ્ધ છે. જ્યારે સ્થાનિક મહાજનશ્રીની ભલામણથી સારવાર અર્થે આવતા દર્દીઓ માટે વિનામૂલ્યે સુવિધા માતૃસંસ્થા મહાપરિષદ દ્વારા ઉપલબ્ધ કરાઈ છે તે ખરેખર સરાહનીય અને ઉદાહરણીય છે. હાલમાં બે મોટા તેમજ બે નાના હોલ અને પાર્ટી પ્લોટ ખુબજ મામુલી રકમમાં સમાજના નાનામાં નાના પરિવારોને લગ્ન પ્રસંગે કે કોઈ અન્ય પ્રસંગો માટે ઉપલબ્ધ તે ખરેખર સૌ માટે આજના મોંઘવારીના યુગમાં આશીર્વાદ રૂપ સાબીત થયા છે.












# પર્યાવરણ જાગૃતિ યજ્ઞ

આજે આપણે સૌ જોઇ રહ્યા છે કે પૃથ્વી પરનું મોસમનું ચક્ર બદલાય રહ્યું છે. પર્યાવરણ પર પ્રદુષણું આવરણ છવાઇ રહ્યું છે. ઓઝનના પડમાં ગાબડા પડ્યા છે. વિશ્વ આપ્યું પ્રદૂષિત વાતાવરણ સાથે તાપમાનમાં થઇ રહેલ સતત વધારાને લઇને વધારે “દીન” બનતું જાય છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘનું અનુમાન છે કે ૨૦૫૦ સુધીમાં વિશ્વની વસ્તીમાં વૃદ્ધિ થતા પૃથ્વીની હાલત શી થશે તે વિચારવું જ રહ્યું.

આ માનવીય મૂલ્યોની પીછે હઠ પ્રત્યે સભાન બનવાના હેતુથી માતૃસંસ્થા મહાપરિષદના ઇતિહાસમાં પ્રતમ જ વખત વિઝનરી પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે પોતાની દિર્ઘદ્રષ્ટિ થી પર્યાવરણ સમિતિની નવીનતમ સ્થાપના કરી અને તેના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણીએ જેઓ વર્ષોથી આ અબિયાનમાં જોડાયેલા હતા પોતાની આગવી સૂઝથી વિવિધ પ્રકલ્પો દ્વારા પાંચ વર્ષ જે જાગૃતિ ફેલાવી તેના પરિણામ સ્વરૂપ ગુજરાત સરકાર - અમદાવાદ મ્યુનિસિપાલિટી દ્વારા માતૃસંસ્થાને મોટી જગ્યા ફાળવામાં આવી જ્યા અત્યારે જલારામ વૃક્ષ મંદિર બનાવાયું છે અને તેનું જતન અને સંવર્ધન નિષ્ઠાપૂર્વક પર્યાવરણ સમિતિ દ્વારા થઇ રહ્યું છે. પર્યાવરણ જાગૃતિ યજ્ઞ દ્વારા માત્ર લોહાણા જ્ઞાતિમાંજ નહિ પરંતુ આમ જનતામાં પણ રાષ્ટ્ર કક્ષાએ એક પ્રકારની જાગૃતિ લાવવામાં સફળતા પ્રાપ્ત થઇ છે, માત્ર એટલું જ નહિ પરંતુ સરકાર અને અન્ય જ્ઞાતિ સમાજ દ્વારા અને સમગ્ર લોહાણા સમાજની નોંધ લઇ પ્રસંશા પણ મેળવી છે.












# ભગવાન શ્રી રામના જન્મ દિવસ 'રામનવમી'ના દિવસે 'રઘુવંશી ગૌરવ દિન'ની ઉજવણી



માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ધ્વજ વંદન ગીતની શરૂઆત ''રઘુકુળ ભુષણ રામના વંશના લોહાણાઓ અમે'' થી થાય છે. આપણે સૌ ભગવાનશ્રી રામના વંશજ હોવાનું ગર્વ લઈએ તે હેતુથી શ્રી પ્રવિણભાઈ કોટકના કાર્યકાળમાં રામનવમીના દિવસને દેશ અને વિદેશમાં વસતા સૌ રઘુવંશી સાથે મળી ''રઘુવંશી ગૌરવ દિન'' તરીકે ઉજવી રઘુવંશી હોવાનું અભિયાન અને ગૌરવ પ્રાપ્ત કરે તેવું સર્વસંમતીથી નક્કી કરવામાં આવ્યું. છેલ્લા ત્રણ વર્ષથી આ દિવસે સમાજની એકતા અને સંગઠન તેમજ સંપ અને સહકારની ભાવના કેળવાય એ રીતે સમગ્ર દેશ અને વિદેશમાં પણ વિવિધ મહાજનો તેમજ સંસ્થાઓ રામ નવમીના દિવસને રઘુવંશી ગૌરવ દિન'' તરીકે ઉજવી રઘુવંશી હોવાના ગૌરવની અનુભૂતિ કરે છે.

## હું રઘુવંશી છુ તેનો મને ગર્વ છે.








# કોવિડ - ૧૯ કોરોના સમયની માતૃસંસ્થાની સરાહનીય કામગીરી
# રાશન કીટ - મુખ્ય દાતા : શ્રી તલકશીભાઈ દલછારામ કોટક ચેરીટેબલ ટ્રસ્ટ


કોઈ પણ કટોકટી જનક ઐતિહાસિક પરિસ્થિતિમાં પોતાના ઉમદા અને ઉદાર વ્યક્તિત્વથી લોકહિતના કાર્યોમાં હંમેશા અગ્રેસર રહી માનવતાની માજવત અને સેવાની સરવાણી વહેવડાવામાં રઘુવંશીઓ હંમેશા તત્પર હોય છે. આ યાદીમાં શ્રી પ્રવિણભાઈ કોટક અને પરિવારનું નામ અચૂક મુકી શકાય.

કોવિડ- ૧૯ કોરોના વાયરસની આ વૈશ્વિક મહામારી દરમિયાન માતૃસંસ્થા મહાપરિષદના માધ્યમ દ્વારા અને વ્યક્તિગત રીતે પણ શ્રી પ્રવિણભાઈ કોટક અને તેના પરિવાર તરફથી અનેક વિધ માનવતાપૂર્ણ સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા એક ઉત્તમ ઉદાહરણ અને પ્રેરણા સમાજને મળી છે. આપણે સૌ જાણીએ છીએ કે કોરોના મહામારીને લઈને લઈને દેશમાં ૨૫ માર્ચ, ૨૦૨૦ થી લોકડાઉનની શરૂઆત થઈ ત્યારથી લઈને અનલોકના સમય સુધી માતૃસંસ્થા મહાપરિષદ અને શ્રી પ્રવિણભાઈ કોટક પરિવાર દ્વારા માતૃસંસ્થા મહાપરિષદના માધ્યમથી મુખ્ય દાતા પરિવાર બની ૫૦૦૦ જેટલા રઘુવંશી જરૂરિયાતમંદ પરિવારોને સમગ્ર દેશમાં સ્થાક મહાજનો દ્વારા રાશન કીટ વિતરણ કરાવાયું.

ઈસ્કોન ગ્રુપ પરિવાર તરફથી અમદાવાદના વિવિધ વિસ્તારના વિવિધ જ્ઞાતિના અંદાજે ૧૫૦૦ ગરીબ પરિવારોને દુધની સાથે રેશન કીટનું વિતરણ કરવામાં આવ્યું. શ્રી પ્રવિણભાઈ કોટક દ્વારા પોતાના લક્ઝુરિયસ “ઈસ્કોન મોલ” ને ૧૦૦૦ શ્રમિકોનું શેલ્ટર હોમ રહેવા તથા જમવાની સગવડ સાથે બનાવી સમગ્ર ભારત દેશમાં આવી પહેલ કરી. ખરી માનવતાનું ઉદાહરણ પુરૂ પાડ્યું. સમગ્ર ભારતના પ્રથમ “કોરોના સ્પોન્સર્ડ ટેસ્ટ” ના દાતા બની અમદાવાદના ૧૫૦૦૦ની વસ્તી ધરાવતા રામાપીર ટેકરા વિસ્તારમાં શંકાસ્પદ લક્ષણ ધરાવતા વ્યક્તિઓના સેમ્પલ ટેસ્ટનો સંપૂર્ણ ખર્ચ ભોગવી પરિવારની દાતારદિલીના સૌને સાક્ષી બનાવ્યા. શ્રી ધનવાનભાઈ કોટકના નેતૃત્વમાં લોહાણા સમાજ સુરત દ્વારા જલારામ મંદિર સુરત ખાતે ચાલતા સદાવ્રત - ભોજન પ્રસાદ વિતરણાં તેઓના સેવાયજ્ઞને પ્રોત્સાહન પુરૂ પડવા શ્રી પ્રવિણભાઈ કોટકે પોતાના પરિવાર તરફથી રૂા. ૫ લાખ આપ્યા તો સાથે સાથે માતૃસંસ્થાના અન્ય જ્ઞાતિશ્રેષ્ઠીઓ શ્રી ધર્મેશભાઈ હરીયાણી તેમજ અન્ય ને પણ આ સદવ્રતમાં પોતાના સ્નેહાગ્રહથી દાન અપાવડાવ્યું. આમ, કોરોના કપરા સમયમાં માતૃસંસ્થાના ખરા પ્રમુખ સેવક તરીકે પોતની સેવાકીય નિષ્ઠા અને કુરજથી માતૃસંસ્થા મહાપરિષદની પરંપરાને જાળવવાનો નમ્ર પ્રયાસ શ્રી પ્રવિણભાઈ કોટકે પોતાની ટીમ સાથે કર્યો તે ખરા અર્થમાં માતૃસંસ્થા માટે ગૌરવપૂર્ણ ગણાશે.

**Lt. Shri Talakshibhai Dalchharam Kotak Charitable Trust**
**Ration Kit Help Detail**


| Sr No. | Name | Kit | Total Rs |
|---|---|---|---|
| 1 | Rajkot | 551 | 250000 |
| 2 | Shapur Sorath | 9 | 6750 |
| 3 | Upleta | 11 | 8250 |
| 4 | Bhanvad | 18 | 13500 |
| 5 | Dhoraji | 38 | 28500 |
| 6 | Bhayavadar | 10 | 7500 |
| 7 | Gondal | 35 | 26250 |
| 8 | Jetpur | 120 | 90000 |
| 9 | Surajkaradi | 118 | 88500 |
| 10 | Dwarka | 192 | 144000 |
| 11 | Junagadh | 180 | 135000 |
| 12 | Maliya Hatina | 15 | 11250 |
| 13 | Bhuj | 250 | 187500 |
| 14 | Bhachau | 55 | 41250 |
| 15 | Rapar | 35 | 26250 |
| 16 | Nakhtrana | 70 | 52500 |
| 17 | Anjar | 125 | 93750 |
| 18 | Thara | 52 | 39000 |
| 19 | Shami | 4 | 3000 |
| 20 | Sidhpur | 11 | 8250 |
| 21 | Keshod | 81 | 60750 |
| 22 | Bhabhar | 24 | 18000 |
| 23 | Disa | 72 | 54000 |
| 24 | Okha | 40 | 30000 |
| 25 | Diyodar | 52 | 39000 |
| 26 | Gandhidham | 69 | 51750 |
| 27 | Varahi | 28 | 21000 |
| 28 | Mandavi | 25 | 18750 |













# લોહાણા હિરોનું બહુમાન

કોવિડ-૧૯ કોરના વાયરસની વૈશ્વિક મહામારીને કારણે આપણા દેશ અને સમગ્ર વિશ્વમાં ભયનું મોજુ ફરી વળ્યુ, એક મોટુ સંકટ ઉભુ થયું. દુનિયાના તમામ દેશોએ તેનાથી બચવા પોતાના દેશવાસીઓને ઘરમાંજ રહેવા લોકડાઉન કરી દીધું. એ વખતે આ કટોકટીના સમયમાં ડોકટર્સ, નર્સીસ, પેરામેડિકલ સ્ટાફ, પોલીસ, સૈનિક, સફાઈ કામદાર વગેરે ફ્રન્ટલાઈન ફાઈટર (અગ્રીમ હરોળના યોદ્ધા) બન્યા, તો વિવિધ મહાજનો, સેવાકીય સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ, યુવા સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ, પ્લાઝમાં ડોનરર્સ તો કેટલાક વ્યક્તિગત સ્વરૂપે આમ જનતા અને દેશની સેવામાં પોતાના જીવની પરવા કર્યા વગર ખડે પગે રહી આપણા સૌની રક્ષા કરવા કોરોનાને હિમતભેર ટક્કર આપી, જેમા અસંખ્ય લોહાણા ભાઈ-બહેનો પણ હતા.

માતૃસંસ્થાના કર્મનિષ્ઠ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકની પ્રેરણાથી કોરોનાના કટોકટી જનક સમયમાં આ સૌ લોહાણા "કોરોના વૉરિયર્સ" ના હોશ અને જોશ તેમજ સમર્પણને બિરદાવવા માતૃસંસ્થા દ્વારા તેઓનું "લોહાણા હિરોઝ" તરીકે બહુમાન કરવાનું આયોજન થયું હતું. આપ સૌને જણાવતા ખુબજ આનંદ અને ગર્વ અનુભવાય છે કે કોરોના યોદ્ધા તરીકે લડી રહેલા આપણી જ્ઞાતિના હિરોઝનું સરકાર દ્વારાતો સન્માન થયું જ પરંતુ જ્યારે તેઓને ખબર પડી કે આપણી માતૃસંસ્થા, જ્ઞાતિ મૈયા પણ અમારૂ બહુમાન કરવા જઈ રહી છે ત્યારે સમગ્ર દેશ અને વિદેશમાંથી પણ ૧૨૦૦ જેટલા લોકોએ પોતે કરેલી સેવાકીય પ્રવૃતિઓની જાણકારી માતૃસંસ્થાને મોકલી લોહાણા જ્ઞાતિના ગૌરવરૂપ આ સૌ લોહાણા હિરોઝનું માતૃસંસ્થા તરફથી પ્રશસ્તી પત્ર થી બહુમાન કરવામાં આવ્યું અને હવે જ્યારે કોરોનાના કપરા કાળમાંથી અપાણે મુક્ત થયા બાદ શ્રી પ્રવિણભાઈની ઈચ્છા મુજબ તેઓનું જાહેર સન્માન કરવાનું પણ વિચારાયું છે.

સમાજમાં ખુબ સુંદર આવકાર પામેલ આ પ્રકલ્પ (પ્રોજેક્ટ) ને સફળ બતાવવા શ્રી કીરીટભાઈ ભીમાણી અને શ્રી ચંદ્રકાન્તભાઈ તન્નાએ વિશેષ કો-ઓડિનેટર તરીકે સુંદર જવાબદારી નિભાવી હતી તો સાથે સાથે આ સમગ્ર પ્રોજેક્ટના સકલનમાં વરિષ્ઠ હોદેદારો મંત્રીશ્રીઓ હરીશભાઈ ઠક્કર / શ્રી પીયુષભાઈ ગંઠા, શ્રી હિંમતભાઈ કોટક, શ્રી કે.સી.ઠકકર, શ્રી ઠાકોરભાઈ ઠકકર, શ્રી નીનીનભાઈ પાંધી, મુંબઈ, શ્રી જીતુભાઈ ઠકકર (નાસિક), શ્રી નરેન્દ્રભાઈ દાવડા (નાગપૂર), શ્રી સુરેશભાઈ ચંદારાણા, રાજકોટ, શ્રી વિનોદભાઈ ઑંધિયા, કલકતા, શ્રી ઋષીભાઈ નથવાણી, સરત, શ્રી મુકેશભાઈ સાગલાણી, ગોવા, શ્રી ભગવાનદાસ બંધુ, ડિસા, શ્રી અશોકભાઈ ગઢિયા, અમદાવાદ તેમજ શ્રી જય નાગોરા, મહાપરિષદના કાર્યાલયનો સહકાર અને માર્ગદર્શન પ્રાપ્ત થયા હતા.

શ્રી પ્રવિણભાઈ કોટકના કાર્યકાળના ઉતેમ પ્રકલ્પોમાંનો આ પ્રકલ્પ પણ સમાજ માં ખ્યાતિ પામ્પો, પ્રેરણાદાયી બની રહ્યો. મહાપરિષદના ઈતિહાસનું આ પણ અનેરૂ સંભારણું બની રહેશે.

# હોદ્દેદારોનો વર્કશોપ (કાર્યશાળા)

**તા. ૨૮ નવેમ્બર, ૨૦૧૫**

**હોટલ નમી રેસીડન્સી, અમદાવાદ**







માતૃસંસ્થાનો ધ્યેયમંત્ર સંગઠન-સંપ અને એકતાને ફળીભૂત કરવા શ્રી પ્રવિણભાઈ કોટકે પોતાના પ્રમુખપદના પ્રથમ વર્ષમાં સૌ પ્રથમ ૨૮નવેમ્બર, ૨૦૧૫ના રોજ અમદાવાદ ખાતે પોતાની ટીમના વિભાગીય ઉપપ્રમુખશ્રીઓ, સંયુક્ત મંત્રીશ્રીઓ, પ્રભારીશ્રીઓ, પીઆરઓ તેમજ વિભાગીય મંત્રીશ્રીઓ માટે એક દિવસના વર્કશોપનું આયોજન કર્યું હતું, જેમા દેશભરમાંથી મોટી સંખ્યામાં હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા. આ કર્યશાળાનો મુખ્ય હેતુ એ હતો કે દેશભરમાંથી જુદા જુદા હોદ્દા માટે પસંદગી પામેલા જ્ઞાતિશ્રેષ્ઠીઓ એકબીજાના પરિચયમાં આવે, એક બીજાના વિચારોની આપલે-કરે, અને એ રીતે પરસ્પર સદભાવ અને સંગઠન કેળવે. જો આ ભાવના તેઓમાં સુદ્રઢ બને તો જ તેઓ છેવાડાના જ્ઞાતિજન સુધી આ હેતુને સિદ્ધ કરી જ્ઞાતિમાં મહાપરિષદના મંત્ર સંગઠન અને સહકાર દ્વારા સેવાની ભાવનાનો આવિર્ભાવ કરી શકે. પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે સૌ પદાધીકારીઓને આહવાન કરતા જણાવ્યું કે જો જ્ઞાતિમાં સંપ, સંગઠન, સહકાર અને એકતાની ભાવના દ્રઢ હશે તો આપણા સમાજને પ્રગતી કરતા, વિકાસની હરણફાળ ભરતા કોઈ નહિ રોકી શકે. જ્ઞાતિના નાનામાં નાના વ્યક્તિ સુધી આપણે પહોંચી જ્ઞાતિ વિકાસમાં અવરોધક જે કોઈ પણ પરિબળો જેવા કે બેરોજગારી, ગરીબી, થેલેસિમીયા નાબુદી, શિક્ષણ, આરોગ્ય આ બધા પર જીત મેળવી આગળ વધીશું. ચાલો આપણે સૌ સાથે મળી સૌનો સાથ, સમાજનો વિકાસના મંત્રને ચરિતાર્થ કરીએ તેમ જણાવી સૌને આટલી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા બદલ ધન્યવાદ આપ્યા હતા. ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈએ પણ સંપ, એકતા અને સુહૃદય ભાવનો ઉલ્લેખ કરી સમાજની સેવા માટે હોદાનો શ્રેષ્ઠ સદઉપયોગ કરવા અપીલ કરી હતી. બંન્ને મંત્રીશ્રીઓએ જ્ઞાતિના યુવાનો સમાજના મુખ્ય પ્રવાહમાં વધુને વધુ જોડાય તે માટે યુવા ઉત્થાનની રચનાત્મક પ્રવૃત્તિઓ કરી તેઓને પ્રોત્સાહિત કરવાની સુંદર રજુઆતો કરી હતી. ત્યારબાદ ઉપસ્થિત દરેકે દરેક હોદ્દેદારશ્રીએ મહાપરિષદના મુખ્ય હેતુઓ પ્રકલ્પોને સિદ્ધ કરવા અને જ્ઞાતિવિકાસને હાંસલ કરવા પોત પોતાના વિચારો રજુ કરી આ કાર્યશાળા યોજવા બદલ શ્રી પ્રવિણભાઈ કોટકનો આભાર માન્યો હતો.









# શાબાશ રઘુવંશી

રાજકોટના શ્રી સંજયભાઈ લાખાણી દ્વારા પોતે કોરોના સંક્રમણથી મુક્ત થયા બાદ સતત પાંચમી વાર કુદરતે આપેલી અણમોલ ભેટ પ્લાઝમા ડોનેટ કરી દેશને કોરોના મુક્ત કરાવવાનાં શુભ આશયથી અન્ય કોરોના સંક્રમિતોને મદદ કરી રઘુવંશીઓનું ગૌરવ વધાર્યુ છે. રાજકોટના રાષ્ટ્રીય મઝદૂર કોંગ્રેસના રાષ્ટ્રીય  અધ્યક્ષ શ્રી સંજયભાઈ લાખાણીને માનવસેવા કરવા બદલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ તરફથી ખૂબ ખૂબ અભિનંદન...

# હોદ્દેદારોની ચિંતન શિબિર - ૧

**તા. ૧૧-૧૨-૧૩ જાન્યુઆરી, ૨૦૧૬**

**નાશીક**

## શ્રી લોહાણા મહાપરિષદના હોદ્દેદારોનો પરિસંવાદ, નાશીક





શ્રી લોહાણા મહાપરિષદની તા. ૧૦ અને ૧૧ ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ સુરત ખાતે યોજાયેલી પ્રથમ કારોબારી સમિતિની મીટીંગમાં નિમણુંક પામેલ તમામ હોદ્દેદારોની તા. ૧૧, ૧૨, જાન્યુઆરી, ૨૦૧૫ ના રોજ નાશીક મુકામે સમગ્ર ટીમનો પરિસંવાદ નાશીક લોહાણા મહાજન, ખીમજી ભગવાન ચેરીટી ટ્રસ્ટ અને માં ઝવેરબાઈ અરોગ્ય ભુવનના સંયુક્ત યજમાન પદે યોજાયો. સૌ પ્રથમ પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટક તથા પધારેલા તમામ હોદ્દેદારો સાથે માં ગોદાવરીના પૂજનનો લાભ લઈ સૌએ ધન્યતા અનુભવી હતી. આ સમગ્ર કાર્યક્રમનો સુંદર સંચાલન કરવા બદલ શ્રી જીતુભાઈ ઠક્કર, શ્રી બીપીનભાઈ બાટવીયા, શ્રી દિગ્વીજયભાઈ કાપડીયા તથા સમગ્ર ટીમના સુંદર આતિથ્ય બદલ યજમાન સંસ્થાઓનું સન્માન અને અભિવાદન કરવામાં આવ્યું હતું.













# વિરાટ અને ભવ્ય આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલન

**તા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૬**

**કમીજલા**





પહેલા હોદ્દેદારો અને કાર્યકરોમાં સંગઠન અને સહકારના પ્રયાસ બાદ રઘુવંશી સમાજના જનજન સુધી શ્રી લોહાણા મહાપરિષદની વિચારધારા અને ધ્યેય મંત્ર સાકાર કરવા સંત કવિ પ.પૂ. ભાણસાહેબ સમાધી સ્થાન કમીજણા ખાતે ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ ઐતિહાસિક આંતરાષ્ટ્રીય રઘુવંશી સંમેલન યોજાયું, જેમા લગભગ ૩૫ હજાર જેટલી જંગી સંખ્યામાં જ્ઞાતિજનો-અબાલ વૃદ્ધ ઉપસ્થિત રહ્યા. શ્રી લોહાણા મહાપરિષદના ઈતિહાસમાં આ સંમેલન એક સીમાચિહ્ન બની રહેશે. સમગ્ર દેશના ખૂણે ખૂણેથી અને વિદેશથી સંમેલનમાં ઉપસ્થિત રહેલાં સૌએ રઘુવંશી સમાજના ગૌરવશાળી ઈતિહાસની ઝલક મેળવીને આવો ભવ્ય વારસો ધરાવતા સમાજના પોતે અંગભૂત હોવાની ગૌરવાન્વીત અનુભૂતિ કરી. આ સંમેલન રઘુવંશી લોહાણા સમાજની વિરાટ શક્તિનું એક લઘુસ્વરૂપ હતુ. આવી શક્તિનો સાક્ષાત્કાર વ્યક્તિ અને સમાજને સમયાન્તરે થતો રહે તે જરૂરી છે, એવી સમજ પણ આ સંમેલન દ્વારા વિકસી. આવા સંમેલનો દ્વારા વ્યક્તિ અને સમાજના આત્મવિશ્વાસમાં અનન્ય વૃદ્ધિ થાય છે. એ જ આ સંમેલનની ફુળશ્રુતિ હતી. આ મારો સમાજ છે, ગતિશીલ છે અને હું તેનો અવિભાજ્ય અંગ છું એવી ભાવનાનું બીજારોપણ આ સંમેલનના માધ્યમથી થયું. અહિ કશું લેવાનું ન હતું, બલ્કે સમાજને કશુંક આપવાનું હતું. સમાજને માટે સંગઠન, સમર્પણ અને સેવાનો મેસેજ હતો. સમાજે માતૃસંસ્થાના માધ્યમથી સમાજના છેવાડાના વ્યક્તિ સુધી કંઈક આપવાનો મેસેજ હતો. શિક્ષણ અને આરોગ્યના પ્રકલ્પોની જાણકારી અને સમાજની નાનામાં નાની વ્યક્તિને ઉપયોગી થવા માટે તમામ પરિવારોને માતૃસંસ્થા સાથે સંપર્ક કરવા માટેના ''મીસ્ડ કોલ'' પ્રોજક્ટ, રક્તદાન પ્રોજેક્ટ, સ્વાસ્થ્ય સેવા માટેની જાહેરાત વગેરેએ સંમેલનમાં મંચ પર ઉપસ્થિત પૂ. મોરારીબાપુ અને તત્કાલીન મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ સહિતના મહાનુભવો અને ઉપસ્થિત સૌને અભિભૂત કર્યા હતા.









રઘુવંશી સંમેલનની દિવ્ય શરૂઆત ધ્વજવંદન ગીત તેમજ હનુમાન ચાલિસા પઠનથી થયા બાદ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈએ સૌનું હૃદયપૂર્વક સ્વાગત કર્યુ હતુ. ત્યારબાદ માતૃસંસ્થા દ્વારા હાથ ધરાયેલ અનેક વિધ પ્રવૃત્તિઓ અને પ્રોજક્ટની ઝલક રજુ કરાઈ હતી. સદ્‌ગુરુ ભાણ સાહેબ રામકથા સમિતિ વતી શ્રી પોપટભાઈ અખાણીએ પોતાની લાગણીઓ વ્યક્ત કરી આ સંમેલનના દિવસને સમગ્ર સમાજ માટે અભૂતપૂર્વ દિન ગણાવી ધન્યતા અનુભવી હતી. ધારાસભ્ય અને મહિલા અધ્યક્ષ સુશ્રી ડૉ. નીમાબેન આચાર્ય એ સરકારની લોકકલ્યાણ યોજનાઓનો લાભ લેવા સૌને અનુરોધ કરી તેમા પોતાનો સહયોગ આપવાની તૈયારી દર્શાવી હતી તો ધરાસભ્ય શ્રી મહેન્દ્રભઆઈ મશરૂ એ પણ પ્રેરક સંબોધન દ્વારા સંગઠણ અને સહકાર પર ભાર મૂકી શ્રી પ્રવિણભાઈને આ ભવ્ય સંમેલન બદલ અભિનંદન પાઠવ્યાં.












પૂર્વ પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણીએ પોતાના પ્રેરક ઉદબોધન દ્વારા જણાવ્યુ કે માતૃભૂમિ, જન્મદાત્રી, માતૃશક્તિ અને માતૃસંસ્થા એમ ચારેય માતાઓની જેટલી સેવા થાય તેટલી કરવાનું સૌને જણાવી શ્રી પ્રવિણભાઈ કોટકને તેમના કાર્યકાળના આરંભે જ આવું આંતરરાષ્ટ્રીય સંમેલન યોજવાની હિંમત ને બિરદાવી હતી. તેમણે લોકોને અસ્મિતા યુક્ત અને ભાવનાયુક્ત જીવન જીવવાનું જણાવી પરસ્પરના સંબંધો મજબૂત બનાવવા અને ટકાવી રાખવા અનુરોધ કર્યો હતો. ત્યારબાદ શ્રેષ્ઠી શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણીએ સંમેલનની વિશાલ જનમેદની થી અભિભૂત થઈ આનંદ વ્યક્ત કર્યો અને ૧૯૮૯માં યોજાયેલા પાંચમાં અધિવેશનની સ્મૃતિને વાગોળતા કહ્યુ હતુ કે આ સંમેલનમાં ૮૯૦૦ લોકોની હાજરી હતી, જ્યારે આટલી મોટી સંખ્યામાં કોઇ પણ સંમેલનમાં મે આટલી મોટી જનમેદની જોઇ નથી તેવું જણાવી તેઓએ શ્રી પ્રવિણભાઈ કોટકને અભિનંદન આપ્યા હતા. શ્રી મહેન્દ્રભાઈના સંબોધન દરમિયાન તત્કાલીન મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલનું આગમન થયું હતું. શ્રી મહેન્દ્રભાઈના પ્રવચન બાદ શ્રીમતિ આનંદીબેન ઉપરાંત સંમેલનમાં પૂ. મોરારીબાપુ, પૂ. જાનકીદાસ બાપુ તેમજ રામાયણી સંત શ્રી રમાબેન હરિયાણીનું બહુમાન કરવામાં આવ્યું હતું. દરમિયાનમાં વિદેશથી પધારેલા જ્ઞાતિશ્રેષ્ઠીઓને વિવિધ હોદ્દાઓના નિમણુંક પત્રો મહાનુભાવોના હસ્તે એનાયત થયા હતા, જેમાં યુકેના રશ્મિભાઈ ચતવાણી, મસ્કતના શ્રી દિલીપભાઈ પજવાણી, ઓમાનના શ્રી જીતેન્દ્ર તન્ના, યુએસએથી શ્રી સુરૂભાઈ માણેક, આફ્રિકાથી શ્રી અરૂણભાઈ સામાણી વગેરે જ્ઞાતિ શ્રેષ્ઠીઓ એ વિદેશમાં પણ જ્ઞાતિવિકાસ પ્રવૃત્તિઓને વધુ વેગ આપવા કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકે વિશાળ સંમેલનને સંબોધીત કરતા સૌથી પહેલા આટલી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા બદલ સૌ જ્ઞાતિજનોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો અને આપણા મુખ્યમંત્રી પટેલ સમાજના છે તેમ જણાવી સૌને માહિતગાર કર્યા કે લોહાણા સમાજ અને પટેલ સમાજ વચ્ચે વર્ષોથી ગાઢ અને ગહેરો સંબંધ છે કેમકે પૂજ્ય જલારામ બાપાના ગુરુ શ્રી ભોજલરામ બાપા પટેલ




સમાજના હતા, એવી જ રીતે શ્રીમતિ આનંદીબેન પટેલના દીકરીના સાસુ પણ લોહાણા સમાજના છે તેવું જણાવી મુખ્યમંત્રી સાથે પણ આપણા રઘુવંશી સમાજને ગાઢ નાતો છે તે બદલ પ્રસંનતા વ્યક્ત કરી હતી તો સાથે સાથે પૂ. મોરારીબાપુને આવકારી તેઓની પ્રેરક ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીના ''બેટી બચાવો'' અભિયાનમાં શ્રી લોહાણા મહાપરિષદ તરફથી રૂા. ૫,૦૦,૦૦૦નું અનુદાન અર્પણ કર્યું હતું. તત્કાલીન મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે આટલી વિશાળ જનમેદનીથી ભાવવિભોર થઈ જણાવ્યું કે હું અહિ આશીર્વાદ આપવા નહિ પણ આશીર્વાદ લેવા આવી છું. તેમણે પોતાની દિકરીના સાસુ લોહાણા હોવાનું ગર્વ અનુભવતા જણાવ્યું કે જો તમે પાટીદાર સમાજનો ઈતિહાસ જોશો તો ખબર પડશે કે રામના વંશજ લવ-કુશમાંથી અમે લવના વંશ જ સાથે જોડાયેલા હોવાનું જણાવી તેઓ પણ રઘુવંશના હોવાનું ગૌરવ ધરાવે છે તેમ કહી આ આંતર રાષ્ટ્રીય સંમેલનને મુબારકબાદી આપી શ્રી પ્રવિણભાઈ કોટક અને સમગ્ર રઘુવંશી સમાજનો આ સંમેલનમાં પોતાને સહભાગી બનાવવા બદલ આભાર માન્યો હતો.

## પૂજ્ય મોરારી બાપુએ પોતાના આશીર્વચન આ અભૂતપૂર્વ સંમેલનમાં આપેલા તે અહિ પ્રસ્તુત છે

### પૂ. મોરારિબાપુના આશિર્વચન



સૌપ્રથમ આ ભાણતીર્થમાં પૂજ્યપાદ ભાણસાહેબની જીવનચેતનાને પ્રણામ કરીને, પૂજ્યપાદ જલારામબાપાને સ્મરીને શ્રી લોહાણા મહાપરિષદનું સંમેલન અહીં જ્યારે થઈ રહ્યું છે ત્યારે આ સંમેલનમાં આશિર્વાદ આપવા માટે જેમની ઉપસ્થિતિ છે એવા પૂ. જનકીદાસજીબાપુ, અન્ય સંતગણ, પૂ. રણછોડબાપની રામસાધનાને પોતાના જીવનમાં વણીને રામકથા દ્વારા રઘુવંશને બધી જ જગ્યાએ ફેલાવતા પૂજનીય રમાબેન હરીયાણી, આપણને સૌને સામે પોતાનો રાજીપો વ્યક્ત કરવા માટે અને પોતાની વાત આપણા સુધી પહોંચાડવા માટે આવેલા આપણા ગતિશીલ ગુજરાતના પ્રણેતા આદરણીય બેન શ્રી આનંદીબેન, લોહાણા મહાપરિષદના સૌ પૂર્વ હોદ્દેદારો અને વર્તમાન પ્રમુખશ્રી પરમ સ્નેહી પ્રવિણભાઈ, દેશ વિદેશથી આવેલા સૌ વડીલો... આપ સૌ ભાઈ-બહેનો... બાપ, વિશેષ કંઈ નહીં કહેતા મારે એટલું જ કહેવું છે આપ રઘુવંશી કહેવડાવાનું જે સાત્વિક ગૌરવ અનુભવો છો અને તમારામાં જે ઉત્સાહ છે એ ઉત્સાહને નમન કરું છું. હું કોઈ સલાહ આપવા નથી આવ્યો, કોઈ ઉપદેશ આપવા નથી આવ્યો, પણ રામાયણમાં બે-ચાર વાતો લખી છે એ વાતો તમારા કાન સુધી નાખવા આવ્યો છું. રામાયણમાં રઘુવંશીના સ્વાભાવનું ચિત્રણ છે. હું કાલીદાસના રઘુવંશમાં નહીં જાઉં, પણ જે ગ્રંથ લઈને હું દુનિયામાં ફરું છું એ રામચરિત માનસમાં રઘુવંશીના અમુક લક્ષણો છે એ આપનામાં હોય જ. મને બેનનું વાક્ય બહુ ગમ્યું. બેન, આપે એમ કહ્યું કે આપણા બધામાં અમારામાં લેઉવા, કડવા લોહાણા આ બધાં જ એમાં રામનું લોહી ઊતર્યું છે, અને જ્યારે રામનું લોહી ઊતરે ત્યારે આપણામાં ક્યાંય હરામ ન આવી જાય એનું ધ્યાન રાખવું જોઈએ. આ મોટી જવાબદારી છે સાહેબ રઘુવંશીઓ, અને હું તમે જેને જે વંશમાં પોતાની જાત ને માનો છો અને છો એના ગળાફાટ ગાયન કરું છું એટલે મને કાંઈક તમને કહેવાનો અધિકાર છે.

તો બાપ પુષ્પવાટીકામાં મા જાનકી કિશોરીજીના રૂપમાં ગૌરીપૂજા કરવા આવ્યા અને એ વખતે ભગવાન રામ જાનકીજીના પગના નુપૂર, હાથના કંગન અને કટીભાગના કંદોરાનો અવાજ સાંભળી ભગવાન રામ લક્ષ્મણને કહે છે, આ કોણ આવે છે? મનરૂપી વિશ્વ પર કબજા કરવા માટે કામદેવનું આગમન તો નથી થયું ને? પણ સીતાજીને જોયા પછી રામ લક્ષ્મણને કહે છે કે તું મનમાં બીજો કોઈ ભાવ નહીં લાવતો બાપ આપણે તો રઘુવંશી છીએ. રઘુવંશીઓનું પહેલું લક્ષણ છે કે આપણું મન કોઈ દિવસ ખોટા રસ્તે ન જાય. પ્રવિણભાઈની પરંપરાઓમાં એના વડવાઓની પરંપરામાં રમચરિત માનસ ઊતર્યું છે. આ તલકશીબાપા અને મા હજી બેઠા છે આ પરિવારોમાં રામચરિત માનસના અખંડ પાઠ હજી થાય છે અને એ રામચરિત માનસની આ ચોપાઈ રઘુવંશીના એક લક્ષણને વ્યક્ત કરે છે કે સઘુવંશી એ કે જેનું મન કોઈ દિવસ ખરાબ માર્ગે ન જાય. મારે ને તમારે ઈ રામની કૃપાથી વધારે ને

વધારે ચરિતાર્થ કરવાનું છે. બીજું રઘુવંશીનું લક્ષણ રાચરિત માનસે બતાવ્યું કે, રઘુવંશીને ઘરે દશરથજીને ત્યાં વિશ્વામિત્ર આવ્યા અને દશરથજીએ કહ્યું હું તમારી શું સેવા કરું, માંગ હું ભું-દેન-ધેન-કોસા, જે માંગો તે આપુ, કારણ કે અમારા રઘુવંસીઓનો સ્વભાવ છે, અમારે આંગણે આવે એને કોઇ દવસ અમે ''ના'' શબ્દ ઉચ્ચારતા નથી, અમે ના ન પાડીએ, જે આપી શકીએ અમારી ક્ષમતા પ્રમાણે પણ કંઇ ન કહીયે એવું તો રઘુવંશી બોલે નહીં અને તમે તમારા સમાજ માટે કરો, ખૂબ કરો ભગવાન તમને ખૂબ સમજ અને સંપત્તિ આપે. બીજા માટે કરો પણ જ્યારે ભગવાન તમને ખૂબ ઢગલો કરી દેને પછી રઘુવંશીની બોર્ડરને ઓળંગીને રામ કેવટો સુધી ગયો છે, રામ શબરીઓ સુધી ગયો છે, રામ અહલ્યાઓ સુધી ગયો છે, રામ રીંછ વાંદરા સુધી, આ મારા રઘુવંશીઓએ માર્ગે પછી આગળ પહેલા તમે કરી લો બધું તમારી પ્રવિણતા પ્રમાણે! પણ મારા બાપ મને ખાતરી છે રઘુવંશીના કરે તો કોણ કરે! જેને ઓરડે, જેના ઘરે ના શબ્દ નથી આવતો અને બધા રઘુવંશીઓ હું કંઇ શપથ લેવડાવા નથી આવ્યો, હાથ ઊંચા કરાવવા નથી આવ્યો, પણ આજથી નક્કી કરજો કે હું ભલે સાવ રાંક હોઉં પણ મારા ઘરે આવે એને હું ના તો નહીં જ કહું પણ ખભા ઉપર હાથ મૂકીને ભલે ૧૦૦ રૂપિયા માગે તો હું ના આપી શકું પણ રૂપિયો તો આપીશ જ અને તમે કાંઇ ઓછું આપો એવા તો નથી જ તમે ઘણું આપી શકો...

પહેલું લક્ષણ મને ખરાબ રસ્તે ના જાય, બીજું લક્ષણ કોઇને ના ન કહેવાય, ત્રીજુ લક્ષણ ''કાળ હું ડરહી રણ હું રઘુવંશી'' રઘુવંશીએ છે કાળ સામે આવે તોય બીવે નહીં, ભગવાન તમને ખૂબ લાંબી દિર્ઘાયુ આપે. પ્રવિણભાઈના આ પાંચ વરસના કાર્યકાળમાં એના હાથે ઈશ્વર એવા કામ કરાવે કે તલકશીબાપાની આત્મા રાજી થાય. આ રઘુવંશી સમાજ પ્રસન્ન થાય. સમય તમારી સામે કાંપે, રણમાં કાળ આવે તો પાછો ન જા, રણમાં કોઇ દિવસે પીઠ ન દેખાડે એવું લક્ષણ રઘુવંશીએ બતાવ્યું. પણ એટલે આપણે અહીંયા યુદ્ધ નહીં, યુદ્ધ તો ઈશ્વર આખી દુનિયામાં બંધ થઈ જાય તો સારું આ યુદ્ધ જ શબ્દની, યુદ્ધની હવે વિશ્વને જરૂર નથી બુદ્ધની જરૂર છે. પણ જ્યારે જગતમાં આવી બધી પરિસ્થિતિ છે જ્યારે બધું થતું રહે છે એવા સમયમાં રણનો અર્થ એ છે કે જીવનમાં જ્યાં જ્યાં સંઘર્ષો આવે, જ્યાં જ્યાં મુશ્કેલીઓ આવે ત્યારે રઘુવંશી એ છે કે જે પાછા પગલાં ન ભરે. ગમે તેમ કરી આગળ વધતો જાય આવા રઘુવંશીના ઘણાં લક્ષણો છે. બધા કહી દેવા નથી મારી જોડે હજી સાત દિવસ છે તમને તોડી નાખવાનો છું. તોડી નાખવાનો એટલે તમારી પ્રત્યે લાગણી છે એટલે હવે તમે જેને રામના સંતાનો ગણો છો એ રામને ગળા ફાડીને ગાવું છું એટલે આ મોકો કેમ ચુકું. મારા આ પ્રહાર પ્રાસાદિક પ્રહાર છે અને મારા બાપ હું રાજી થાઉ છું.

હું તો સાધુ છું, મારી પાસે તો પ્રસન્નતા સિવાય બીજું કાંઇ નથી, પ્રવિણભાઈ બહુ રાજી થાવ છું બાપ, આખા રઘુવંશી સમાજ પર મારી પ્રસન્નતા છે. દેશ-વિદેશમાં જ્યાં બેસો ત્યાં રામભજન અને રોટલો ભુલતા નહીં. જય હો, બસ હવે છેલ્લે સાંબલો હું તો સાધુ છું સાહેબ પણ હંમેશા કહ્યા કરું કે જ્યારે રામજી મંદિર કે કૃષ્ણ મંદિરની પૂજા કરનારા અમે ગામડાના સાધુ, બાવાજી, વૈષ્ણવ અમે આરતી કરીએ આખું ગામ ભેગું થઇ અને પછી ફાળો કરી અન્નકૂટ કરે બેસતા વર્ષે. મહારાજ કંઇ ના કરી શકે મહારજ પાસે શુ હોય અન્નકૂટ, ઈ ગામ ફાળો કરે પણ મહારાજે ખાલી તુલસીનું પત્ર નાખવાનું હોય એમાં. એ તુલસી નાખે ત્યારે ઠાકોરજી જમે, બાકી એ અન્નકૂટ એમ નો એમ પડ્યો રહે. એમ લોહાણા મહાપરિષદનો તમે આખો અન્નકૂટ ભરશો સાહેબ પણ એક સાધુ તરીકે મારે તુલસીપત્ર નાખવું છે. તુલસીપત્ર નાનું જ હોય એટલે બીજો મોટા આંકડાની અપેક્ષા ન રાખતા પણ સાધુ છું અને જ્યારે સમાજની પ્રસન્નતા જોઉં આવા બધા દાતાઓ બેઠા છે બેન આટલી પ્રસન્તા વ્યક્ત કરે છે એવા સમયે મને એમ થાય કે તલગાજરડાનું એક તુલસી પત્ર હું તમારા અન્નકૂટમાં નાખતો જાઉં. ૧૧ હજાર રૂપિયા હનુમાનજીની પ્રસાદી રૂપે આ તમારા સમજની સેવા માટે તુલસીપત્ર આપ સ્વીકારો એવી પ્રવિણભાઈ અને આપ સૌને મારી વિનંતી. ખુશ રહો બાપ.



# વિદેશ પ્રવાસ

## તા. ૧૬ ડિસેમ્બર થી ૩૧ ડિસેમ્બર, ૨૦૧૬

### મસ્કત - ઓમાન, પૂર્વ આફ્રિકા



સંગઠન અને સહકારના પાયાને વધુ મજબુત બનાવવા શ્રી પ્રવિણભાઈ કોટકના નેતૃત્વમાં એક ડેલિગેશને તા. ૧૬ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર, ૨૦૧૬ એમ ૧૪ દિવસ ઓમાન-મસ્કત અને પૂર્વ આફ્રિકાનો પ્રવાસ ખેડી, માતૃસંસ્થાના ધ્યેય અને વિચારધારાનો ફેલાવો કરી આંતર રાષ્ટ્રિય સંબંધો વધુ મજબુત કરવાનો નમ્ર પ્રયાસ કર્યો હતો.

તા. ૧૬ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ સૌ પ્રથમ શ્રીપ્રવિણભાઈ કોટક અને ટીમ મસ્તક પહોંચી હતી જ્યા માતૃસંસ્થાના પીઆરઓ શ્રી જીતુભઆઈ તન્ના તથા પ્રભારી શ્રી દિનેશભાઈ પવાણીએ સૌનું એરપોર્ટ પર ભવ્ય સ્વાગત કર્યું. અહિ હોટલ સલાલા ખાતે મસ્તક રઘુવંશી પરિવાર દ્વારા આયોજિત સ્નેહ મિલન સમરોહમાં આફ્રિકાના શ્રી નવીનભાઈ કાનાબર, લોસ એન્જલસ, યુ.એસ.એ.થી શ્રી સુરૂભાઈ માણેક, લંડનથી શ્રી રશ્મિભાઈ ચતવાણી, દ્વારકાથી શ્રી મનસુખબાઈ બારાઈ, ગોવાથી શ્રી મુકેશબાઈ સાગલાણી પણ જોડાયા હતા. મોટી સંખ્યામાં ઉપસ્થિત મસ્કત રઘુવંશી સમાજ સમક્ષ માતૃસંસ્થા દ્વારા ચાલતી વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપ્યા બાદ શ્રી નીતીનભાઈ રાયચુરા, શ્રી કે.સી. ઠક્કર, શ્રી સુરૂભાઈ માણેક તથા અન્ય હોદ્દેદારોએ સંગઠન અને સંપથી સમાજની પ્રગતી અને વિકાસની સુંદર રજુઆતો કરી હતી. અત્રે ઓમાન ક્રિકેટ ટીમના કેપ્ટન શ્રી અજય લાલચેતાનું પ્રવિણભાઈ દ્વારા બહુમાન કરાયું. સાંસ્કૃતિ સમિતિ અધ્યક્ષ શ્રી જીતેન્દ્ર ઠક્કરે પણ ગીતનું વિમોચન કર્યુ હતું. પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકે પોતાના પ્રેરક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે હું તો અહી ભાઈચારાનું ભાથુ લઈ ને લાગણીની લ્હાણી કરવા આવ્યો છું. આપણે સૌના સાથ દ્વારા, સંગઠન દ્વારા સમાજના જનજન સુધી પહોંચી રઘુવંશી સમાજનો વિકાસ કરવો છે એમ જણાવી મસ્કત રઘુવંશી સમાજને અભિનંદન પાઠવ્યા હતા તેમજ મહાપરિષદના મુખ્ય પ્રકલ્પો શિક્ષણ અને આરોગ્ય દ્વારા સમાજસેવામાં જોડાવા અનુરોધ કર્યો હતો. ત્યાર બાદ સુંદર આયોજન બદલ મસ્કદના હોદેદારોનું સ્મૃતિચિહ્નથી બહુમાન કરાયુ હતું.







તા. ૧૮ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ ઓમાનના શ્રી જલારામ











મંદિરની મુલાકાત યોજાઈ, જ્યાં સૌએ પ્રાર્થના ભજન તેમજ ધૂન કરી અંતે ભોજન-પ્રસાદનો લાભ લીધો હતો અને પૂ. જલારામબાપાના દર્શન અને આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી હતી. બપોર પછી હાકા હાઉસ ખાતે રઘુવંશી બિઝનેશ મીટનું આયોજન થયું હતું. જેમા ઓમાનના વેપાર વાણિજ્ય જગતના શ્રેષ્ઠીઓ સાથે વિચારની આપ-લે થઇ ત્યારે શ્રી પ્રવિણભાઈ એ સૌ રઘુવંશી ભાઈઓને વેપારના ક્ષેત્રમાં એક બીજાના હરિફૂ બનવાને બદલે એકબજાના પુરક બની સૌનો વિકાસ થાય તે રીતે વ્યાપારના વ્યવહાર કરવા અપીલ કરી હતી. તા. ૧૯ ડિસેમ્બરના રોજ ઈન્ડિયન એમ્બેસી ખાતે ભારતના રાજદુત શ્રી ઈન્દ્રમણી પાંડેની શુભેચ્છા મુલાકાત યોજાઇ હતી. શ્રીપાંડેએ ભારત અને ઓમાનના ઘનિષ્ઠ સંબંધો માટે ગુજરાતીઓ, રઘુવંશીઓ અને કચ્છીઓની સકારાત્મક ભૂમિકા બદલ આનંદ વ્યક્ત કર્યો હતો. સાંજે ઓમાનની પ્રતિષ્ઠિત અને હજારો પરિવારોની જીવાદોરી સમાન વ્યાપારી સંસ્થા શ્રી ખીમજી રામદાસ કંપનીના માલીક શ્રી કનકશીભાઈ સાથે પણ શ્રી ચન્દ્રકાન્તભાઈ ચોથાણીના સંકલનથી મુલાકાત થઈ, જ્યા માતૃસંસ્થાની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઇ તેઓએ શ્રી પ્રવિણભાઈ અને ટીમને અભિનંદન સાથે ઉત્તરોત્તર પ્રગતી માટે શુભેચ્છા પાઠવી હતી. સાંજે ભોજન બાદ મોડી રાત્રે સૌ કંપાલા (આફ્રિકા) જવા રવાના થયા હતા.

# પૂર્વ આફ્રિકા પ્રવાસ (તા. ૨૧ ડિસેમ્બર થી ૩૧ ડિસેમ્બર, ૨૦૧૬)



તા. ૧૬ થી ૨૦ ડિસેમ્બરના મસ્કત અને ઓમાનના સફળ પ્રવાસ બાદ તા. ૨૦ ડિસેમ્બર સાંજે ૫:૦૦ કલાકે કંપાલા એરપોર્ટ ખાતે સ્થાનિક મહાજનો દ્વારા માતૃસંસ્થાના ડેલીગેશનનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. તા. ૨૧ ડિસેમ્બરના રોજ લોહાણા કમ્યુનિટિ ઓફ કંપાલા દ્વારા આયોજિત સ્નેહમિલનમાં કંપાલાના પ્રમુખ શ્રી સંજયભાઈ અઢીયા અને ટીમ દ્વારા સૌનું બહુમાન થયુ તેમજ સૌને કંપાલા લોહાણા સમાજની વિવિધ પ્રવૃત્તિઓથી માહિતગાર કરવામાં આવ્યા. શ્રી પ્રવિણભાઈ કોટકે પ્રેરક ઉદ્‌બોધનમાં કંપાલાની યંગ અને ડાયનેમિક ટીમની ભારોભાર પ્રસંશા કરી માતૃસંસ્થાના સેવાયજ્ઞમાં તન, મન અને ધનથી સૌને જોડાવા અપીલ કરી હતી. લોહાણા સમાજને સંગઠીત કરવા અને રાખવા મહેતા પરિવાર તેમજ માધવાણી પરિવારના યોગદાનને યાદ કરી તેઓએ કૃતજ્ઞતા વ્યક્ત કરતા જણાવ્યું છે તેઓએ ઉભી કરેલી સંગઠન અને સેવાના ભવ્ય વારસાને પરંપરા દ્વારા જાળવી રાખવી એ આપણા સૌની નૈતિક જવાબદારી અને ફરજ છે. આ પ્રસંગે શ્રી પ્રવિણભાઈ કોટકે કંપાલાના શ્રી અજયભાઈ અઢીયા, શ્રી વિનયભાઈ દાવડા તથા શ્રી સંજયભાઈ ચંદારણાને માતૃસંસ્થાના વિવિધ હોદ્દાઓની વિશેષ જવાબદારીઓ સોંપી અને શુભેચ્છા પાઠવી હતી, તેમજ માતૃસંસ્થા વતી દાતા શ્રી સુધીરભાઈ રૂપારેલીયા અને મહાજનના ઉમળકાભેર આતિથ્ય બદલ સૌનું સન્માન કર્યુ હતું.





તા. ૨૨ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ સૌએ માતૃસંસ્થાના પ્રથમ પ્રમુખશ્રી નાનજી કાલીદાસ મહેતાના સુપુત્ર શ્રી મહેન્દ્રભાઈ મહેતાની શુભેચ્છા મુલાકાત લીધી. શ્રી મહેન્દ્રભાઈએ પોતાના પિતાશ્રી તેમજ સવિતા દીદીના સમાજમાં કરેલા સમર્પણ અને યોગદાનને વાગોળી સૌને માહિતગાર કર્યા હતા. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની હાલની પ્રવૃત્તિઓ અને વિકાસગાથા વિશે જાણી તેઓએ ખૂબ રાજીપો વ્યક્ત કર્યો હતો અને શ્રી પ્રવિણભાઇ તેમજ ટીમને આશીર્વાદ પાઠવ્યા હતા.





તા. ૨૩ ડિસેમ્બરના રોજ સૌ કિસુમું પહોંચ્યા અને સાંજે કિસુમુ લોહાણા મહાજન દ્વારા યોજાયેલ સ્પોર્ટ્સ ફેસ્ટિવલના ઉદ્‌ઘાટન સમારોહમાં પ્રેરક હાજરી આપી. બપોરના ભોજન બાદ લોહાણા મહાજન ઓફ ઈસ્ટ આફ્રિકા (LMEA)ની સાધારણ સભામાં યોજાયેલ સ્નેહ મિલનમાં સૌ જોડાયા, જ્યા શ્રી લોહાણા મહાપરિષદની બધી પ્રવૃત્તિઓથી સ્થાનિક શ્રેષ્ઠીઓને માહિતગાર કરાયા. શ્રીપ્રવિણભાઈ કોટક તેમજ
















LMEAના પ્રમુખ શ્રી આનંદભાઈ ગઢિયાના અધ્યક્ષ સ્થાને તેમજ સેક્રેટરી શ્રી આકાશભાઈ દેવાણીના આયોજનથી યોજાયેલ આ મિટિંગમાં કિસુમું, કંપાલા, દાર-એ-સલામ, મોમ્બસા, અરૂસા, ન્વાન્ઝા, નૈરોબી વગેરે વિસ્તારના પ્રતિનિધિઓ જોડાયા હતા. આ સભામાં LMEAના નવા પ્રમુખ તરીકે શ્રી આકાશ દેવાણીની વરણી કરવામાં આવી અને હવે પછીના આગામી ૩૫મો ફેસ્ટિવલ દારે સલામ ખાતે તેમજ ૩૬મો ફેસ્ટિવલ નૈરોબી ખાતે યોજાવાની પણ જાહેરાત કરાઈ હતી. સભામાં શ્રી પ્રવિણભાઈ કોટક દ્વારા મહાપરિષદની વિવિધ પ્રવૃત્તિઓ દર્શાવતું સાહિત્ય, બ્રોશર તેમજ સામયિક શ્રી રઘુકુળ વિશ્વ સૌને આપી માતૃસંસ્થાનો હેતુ, ધ્યેય અને પ્રવૃત્તિઓ વિશે સૌને અવગત કર્યા હતા. ઈસ્ટ આફ્રિકાના સૌ સભ્યોએ પણ માતૃસંસ્થા સાથેના સંબંધો વધુ ગાઢ બનાવવા બંને પક્ષે સંવાદ અને સહકાર વેગવંતો બને અને એ દ્વારા જ્ઞાતિ વિકાસ થાય તેવી ઈચ્છા વ્યક્ત કરી સાથ-સહકાર માટે ખાત્રી આપી હતી.

રાત્રે યોજાયેલા રાસ-ગરબા કાર્યક્રમમાં પણ સૌનુ ઉમળકાથી સ્વાગત કરાયુ હતું, જ્યા શ્રી પ્રવિણભાઈ કોટકે આગામી વર્ષ ૨૦૧૭માં સિદ્ધપુર ખાતે યોજાનાર શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ અને સામુહિક માતૃતર્પણમાં જોડવા સૌને અપીલ કરી આમંત્રણ પાઠવ્યું હતું. તા. ૨૬ ડિસેમ્બરના રોજ વિવિધ પ્રવૃત્તિઓને લઈને મુલાકાતનો દોર ચાલુ રહ્યો. દિવસ દરમિયાન વિવિધ રમગ ગમત, મહિલાઓની વિવિધ હરિફાઈઓ, શ્રી પ્રવિણભાઈ કોટકે પ્રેરક ઉદબોધન કરી માતૃસંસ્થાને આ સમારોહમાં સહભાગી બનવા સ્નેહપૂર્વકના આમંત્રણ બદલ આયોજકોનો આભાર માન્યો હતો. આમ તા. ૨૯ ડિસેમ્બર સુધીના અહિના રોકાણ બાદ તા. ૩૦ અને ૩૧ ડિસેમ્બરે સૌ હોદ્દેદારો શ્રી લોહાણા મહાજન નૈરોબીની શુભેચ્છા મુલાકાતે પહોંચ્યા. અહિ માતૃસંસ્થાના આફ્રિકાના પ્રભારી શ્રી અરૂણભાઈ સામાણી તથા નૈરોબીના જ્ઞાતિ શ્રેષ્ઠીઓ સાથે થયેલ મુલાકાત અને જ્ઞાતિ વિકાસ અંગેના વિચાર વિમર્સ યાદગાર બની રહ્યા તેમજ માતૃસંસ્થા અને સ્થાનિક મહાજનો વચ્ચે આત્મિયતા કેળવાઈ.

શ્રી લોહાણા મહાપરિષદ આફ્રિકા વિભાગના ઉપપ્રમુખશ્રી નવીનભાઈ કાનાબાર, પ્રભારી શ્રી અરુણભાઈ સામાણી, ફેસ્ટિવલ ચેરમેન શ્રી આનંદભાઈ ગઢિયા તેમજ નૈરોબી શહેરના જ્ઞાતિ શ્રેષ્ઠીઓએ શ્રી પ્રવિણભાઈ કોટક અને હોદ્દેદારો એ માતૃસંસ્થામાં આંતરરાષ્ટ્રિય સંગઠન અને સહકાર વધુ દ્રઢ અને વેગવાન બનાવવા ના હેતુથી અહીં આટલો મોટો સમય ફાળવ્યો તે બદલ સૌનો હૃદયપૂર્વક આભાર માની માતૃસંસ્થાના વિકાસ માટે અને રઘુવંશી સમાજની પ્રગતિ માટે તન, મન અને ધનથી સહકાર આપવા ખાત્રી ઉચ્ચારી હતી તેમજ અવારનવાર માતૃસંસ્થાને આ રીતે અહી પધારવા સ્નેહાગ્રહ પણ કર્યો હતો. આમ, શ્રી પ્રવિણભાઈ કોટકનો માતૃસંસ્થાની વિચારધારા અને ધ્યેયને જનજન સુધી પહોંચાડવાનો આ પ્રયત્ન વિદેશ પ્રવાસના રૂપમાં ખૂબ જ ફળદાયી રહ્યો.







2015-2020

# સિદ્ધપુર મહાયજ્ઞ : મહાપરિષદની યશકલગીની વધુ એક અદભૂત સિદ્ધિ

**તા. ૨૫ ઓક્ટોબર થી ૧ નવેમ્બર, ૨૦૧૭**

**સિદ્ધપુર**





# શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ
# સામૂહિક માતૃતર્પણ
# માતૃવંદના મહોત્સવ



## આયોજનના મુખ્ય મનોરથી પરિવારો

### શ્રીમદ્ ભાગવત સપ્તાહના મુખ્ય યજમાન



ISCON BUILDING THE FUTURE



માતુશ્રી સરસ્વતીબેન
તલકશીભાઈ દલછારામ
કોટક પરિવાર

માતુશ્રી ચંદ્રાબેન
મદનલાલ રૂપનારાયણ
ગુપ્તા પરિવાર

પ્રવિણ ટી. કોટક, જયેશ ટી. કોટક, જતીન એમ. ગુપ્તા, અમિત એમ. ગુપ્તા
અલ્કા પી. કોટક, કવિતા જે કોટક, ધ્વનિ જે. ગુપ્તા, ગિતિકા એ. ગુપ્તા
સમસ્ત જે. પી. ઈસ્કોન પરિવાર, અમદાવાદ

### ભોજન પ્રસાદના મુખ્ય યજમાન



GOKUL



બા શ્રી હંસાબા ચંદનસિંહજી
માધુસિંહજી રાજપૂત
પરિવાર

અ. સૌ. શ્રીમતી ભીખીબા બલવંતસિંહજી
ચંદનસિંહજી રાજપૂત
પરિવાર

બલવંતસિંહજી રાજપૂત
સમસ્ત ગોકુલ પરિવાર, સિદ્ધપુર

### માતૃવંદના મહોત્સવના મુખ્ય યજમાન



Lakhi Group



શ્રીમતી જમનાબાઈ
હોલારામજી લખી

શ્રીમતી પુષ્પાબાઈ
વિશનદાસ લખી

દિલીપભાઈ લખી પરિવાર
સમસ્ત લખી ગ્રુપ, મુંબઈ

### સામૂહિક માતૃતર્પણના મુખ્ય યજમાન



OPG POWER GENERATION PVT. LTD.



માતુશ્રી ગીતાદેવી
ઓમપ્રકાશ ગુપ્તા

અ. સૌ. શ્રીમતી સુધાબેન
અરવિંદભાઈ ગુપ્તા

અરવિંદભાઈ ગુપ્તા પરિવાર
સમસ્ત ઓપીજી ગ્રુપ, ચેન્નઈ

જેવુ નામ એવા બધાજ ગુણ ધરાવતા માતૃસંસ્થાના કર્મઠ અને મજબુત મનોબળવાળા શ્રી પ્રવિણભાઈ કોટકની સબળ રાહબરી હેઠળ સિદ્ધપુર ખાતે ''મા''નો મહાયજ્ઞ સમગ્ર રઘુવંશી સમાજ અને શ્રી લોહાણા મહાપરિષદના ઈતિહાસમાં કદાચ પ્રથમ જ વખત લોહાણા જ્ઞાતિની સાથે સર્વજ્ઞાતિય ધાર્મિક મહોત્સવ આટલી મોટી સકુળતાથી વિના વિઘ્ને આટલો ભવ્ય અને દિવ્ય બની રહ્યો તેને છેલ્લા ૨૦ વર્ષની મહાપરિષદની સફરમાં શ્રી યોગેશભાઈ લાખાણીના કાર્યકાળ દરમિયાન તેમની સફળ આગેવાનીમાં યોજાયેલ અભૂપૂર્વ ષષ્ટમ અધિવેશન પછી મહાપરિષદની આ વધુ એક અદભૂત સિદ્ધિ ગણાવી શકાય.

શરૂઆતમાં ઘણાને આ ભગીરથ કાર્ય અઘરું લાગતું હતુ, તો કેટલાકને અશક્ય લાગ્યું. તો વળી કેટલાકે તો એનો નકારાત્મક પ્રચાર પણ કર્યો ત્યારે શ્રી પ્રવિભભાઈ કોટક થોડા નિરાશ થયા પણ હતાશ સહેજ પણ ન થયા. એ વખતે પૂજ્ય ભાઈશ્રીની એ પક્તિઓ: ''ભગવત કાર્ય અને સેવૌના કાર્યમાં મુશ્કેલી, વિઘ્નો અને ટીકા-ટીપાણીઓ તો થવાના જ, પણ તેનાથી આપણે નાસીપાસ થવાને બદલે આપણો ભાવ અને શુભ આશય જાળવી કાર્ય પ્રભુને સોંપી દેવુ'' બસ પૂ. ભાઈશ્રીના આ બુલંદ હોંસલાથી બળ મળ્યું અને મહાપરિષદની પાટણની કારોબારીમાં શ્રી પ્રવિણભાઈએ પોતે મુખ્ય મનોરથી બની રૂપિયા એકાવન લાખની જાહેરાત કરી. માત્ર એટલું જ નહીં. પણ પોતાના આગ્રહ અને વિનંતીથી અન્ય જ્ઞાતિના બીજા ત્રણ એકાવન-એકાવન લાખના મનોરથી તૈયાર કર્યા. શ્રી બળવંતસિંહ રાજપુત, ગોકુલ ઓઈલ ઈન્ડ, શ્રી અરવીંદભાઈ ગુપ્તા, ઓપીજી પાવર, ચૈનાઈ અને શ્રી દિલીપભાઈ લેખી, ડાયમંડ કિંગ મુંબઈ, અગિયાર લાખના દૈનિક આઠ મનોરથી બનાવ્યા અને પછી તો ''rest is the history''.

આ ભવ્ય મહાપર્વની વિશેષતાઓની સૌથી દિવ્ય વિશેષતા એ હતી કે આ માત્ર દિવંગત માતાઓના તર્પણ અને પૂણ્યાર્થે નહીં પણ હયાત માતાના શ્રેયાર્થે, તેઓની ઉપસ્થિતિમાં ઋણ અદા કરવાનો સૌને મોકો મળ્યો, પરિણામે હજારો હયાત માતાઓના, શ્રી પ્રવિણભાઈ અને મહાપરિષદને હૃદયના આશીર્વાદ પ્રાપ્ત થયા, જેને સૌથી મોટી ઉપલબ્ધિ ગણાવી શકાય. આ પાવન પર્વની સફળતા પાછળની બીજી વિશેષતા એ પણ રહી કે મુખ્ય ભાગવત કથાની સાથે સાથે દરરોજ વૃક્ષારોપણ થતું રહ્યું, આરોગ્ય મંદિરમાં રક્તદાન અને હેલ્થ ચેકઅપ થયા, થેલેસેમિયા ટેસ્ટ થયા તો સાથે સાથે પૂજ્ય ભાઈશ્રીની સાથે સ્વચ્છતા અભિયાન પણ થયું. કેટલી ઉમદા અને પ્રેરણાદાયી પ્રવૃત્તિઓની એક ઉમદા સંદેશ મહાપરિષદ દ્વારા સમાજમાં ગયો!!!

આ જ્ઞાનયજ્ઞની ત્રીજી વિશેષતા એ હતી કે રોજ સવારે ૯:૩૦ થી બપોરે ૨:૦૦ વાગ્યા સુધીની નિયમિત કથાની શરૂઆતમાં ગુજરાતના સિદ્ધહસ્ત વક્તાઓ ''મા'' વિશે ૧૫-૨૦ મિનિટ પોતાના મનનીય વિચારો રજુ કરતા અને ત્યારબાદ પૂજ્ય ભાઈશ્રી ''મા'' ના વિવિધ સ્વરૂપો વર્ણવી ''મા'' ના ભાવજગતમાં સૌને ભીંજવી અને વાત્સલ્યના વરસાદમાં પલાળી સૌની આંખો ભીની કરાવતા સતત આઠ દિવસ ''મા'' નો મહિમા ''મા'' ની ભક્તિ, માની શક્તિ, માની મમતાનું ગાન ને એક અભુતપૂર્વ અવિસ્મરણિય પર્વ ન ગણાવી શકાય !!!





















પૂજ્ય ભાઈશ્રીની રસાળ શૈલી, શ્લોક, સ્તુતિ અને ભજન દ્વારા હજારો પ્રત્યક્ષ ભાવિક ભક્તો અને સંસ્કાર ટીવીના માધ્યમથી સાક્ષી બનતા લાખો ભક્તોને ભક્તિના રંગમાં એવા રસતર બોળ કરી દેતા કે કથાનો ચાર થી પાંચ કલાકનો સમય જાણે પલક ઝબકારામાં પૂરો થતો હોય તેવું સૌએ અનુભવ્યું હતું. ટૂંકમાં, જેના વાત્સલયના ધોદમાં જો ખુદ સુરજ પણ પલળે તો એ પણ પોતાની ગરમી ભૂલી જાય એવો અમૃત ભરેલો "મા" ના સ્વરૂપના ઘડામાંથી પૂજ્ય ભાઈશ્રીએ સૌને ઘુંટડાં પીવડાવ્યા એ સહભાગી બનેલા સૌ માટે જીવનભરની પ્રસાદી ગણાશે!!!

આ ભવ્ય સમારોહની ચોથી વિશેષતા એ હતી કે પહેલા દિવસને બાદ કરતા રોજ કથા બાદ બપોર પછી એવા જ ભવ્ય કાર્યક્રમો: પૂજ્ય જલારામબાપની જન્મ જયંતિ ઉજવણી, આંતરરાષ્ટ્રીય એવોર્ડ સમારોહ, મહાજન સમારોહ, "મા તે મા" નાટક, સંમેલન, યુવા સંમેલન અને છેલ્લા દિવસો સાંજે બિંદુ સારોવરમાં પૂ. ભાઈશ્રીની/મહિમા સાથે સામુહિક માતૃતર્પણ!! આમ સવારે ૯:૩૦ થી રાત્રે ૧૨:૦૦ વાગ્યા સુધીના વ્યસ્ત કાર્યક્રમો છતાં કોઈ વિઘ્ન વગર સાંગોપાંગ સફળતા મળી એ દર્શાવે







છે કે પૂજ્ય જલારામ બાપાની ચેતના, શ્રી લક્ષ્મીનારાયણદેવની હાજરી, હજારો માતાઓના આશીર્વાદ શ્રી પ્રવિણભાઈ અને મહાપરિષદની ઉમદા ભાવના સાથે હાજરાહજુર હતા!!!



આવો, આ ભવ્યાતિભવ્ય અને દિવ્યાતિદિવ્ય માહોલમાં સફળપૂર્વક સંપન્ન થયેલા ભાગવત જ્ઞાનયજ્ઞ (કથા) અને સામુહિક માતૃવંદના સમારોહનું શબ્દ ચિત્ર ટૂંકમાં નિહાળી આપણે પાવન થઈએ..



તા. ૨૫ ઓક્ટોમ્બર ૨૦૧૭ ની એ ક્ષણ આવી. લાભ પાંચમના એ પવિત્ર દિવસે માતૃગયા તીર્થ સિદ્ધપૂરનો અતિ પ્રાચીન એવા બ્રહ્માંડેશ્વર મહાદેવથી સેંકડો જ્ઞાતીશ્રેષ્ટીઓ અને અસંખ્ય પોથી યજમાન પરિવારો સાથે શોભાયાત્રાની શુભ શરૂઆત થઈ. હજારો ભાવિક ભક્તો અને સમગ્ર સિદ્ધપુર નગર પવિત્ર સરસ્વતી નદીની જલયાત્રા અને પોથી યાત્રાનું ભક્તિભાવપૂર્વક સાક્ષી બન્યું. લગભગ સવારે ૯.૧૧ કલાકે શોભાયાત્રા/પોથીયાત્રામાં શ્રી ગોવિંદ માધવ મંદિરથી પૂ.ભાઈશ્રી રમેશભાઈ અને મુખ્ય મનોરથી પરિવારો અને દૈનિક યજમાન પરિવારો પણ સાથે જોડાયા. વચ્ચે બિંદુ સરોવર મુકામે શ્રી કપિલ મુનિના મંદિરે દર્શન માટે રોકાયા બાદ લગભગ ૧૧.૨૦ કલાકે ભવ્યાતિભવ્ય શોભાયાત્રા મુખ્ય પોથીજી સાથે કથા મંડપમાં પ્રવેશી ત્યારે હજારો ભાવિક ભક્તોએ ખૂબ જ ભક્તિભાવ પોથીજી અને પૂજ્ય ભાઈશ્રીનું પોતાના સ્થાન પર ઉભા થઈ જોરદાર તાળીઓના ગડગડાટથી ભવ્ય સ્વાગત કર્યું. પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા વ્યાસપીઠે બીરાજમાન થતા જ પોથી પૂજન અને ભાવપૂજન થયું.



પૂ. રઘુરામ બાપાએ શ્રી ભરતભાઈ તથા પરિવાર સાથે પોતાના દૈનિક નિત્યક્રમના નિયમોને બાજુએ મુકી સિદ્ધપુર કથા દરમિયાન એક દિવસ પરિવાર સાથે રાત્રી રોકાણ કર્યુ હતું. તેમજ ભોજન કક્ષમાં ભોજન પ્રસાદ સૌને પોતાના હાથે જલારામના પ્રસાદ સ્વરૂપે સૌને પીરસી રૂા. ૧૫ લાખનું અનુદાન પ્રસાદી રૂપે અર્પણ કરી શ્રી પ્રવિણભાઈના આયોજનની પ્રસંનતા વ્યક્ત કરી આશીર્વાદ પાઠવ્યા હતા. ભારતીય સંસ્કૃતિ અને કથાની પરંપરા મુજબ સાંદિપની આશ્રમના ઋષિકુમારોએ વેદપાઠનું પઠન કરીને વાતાવરણને દિવ્ય બનાવ્યા બાદ ઉપસ્થિત સંતો જલારામ ધામ વિરપૂરના ગાદિપતિ પૂજ્ય રઘુરામ બાપા. પૂ.જાનકીદાસ બાપુ









(કમીજલા), અન્ય સંતો મહંતો દ્વારા કથા મંડપની ડાબી બાજુ તેમજ જમણી બાજુ ગુજરાતના મુખ્યમંત્રીના પ્રતિનિધિ સુશ્રી અંજલિબેન વિજયભાઈ રૂપાણી, માતુશ્રી સરસ્વતીબેન તલકશીભાઈ કોટક, માતુશ્રી હંસાબા ચંદનસિંહજી રાજપૂત, નિમાબેન આચાર્ય તેમજ અન્ય માતૃશક્તિઓના કરકમળે દિપ પ્રાગટ્ય દ્વારા આ ભવ્ય કથા - જ્ઞાનયજ્ઞનો શુભારંભ થયો. પ્રથમ દિવસની શરૂઆતમાં દિવ્ય પ્રાર્થના અને દિપ પ્રાગટ્ય બાદ મુખ્ય મનોરથી અને મહાપરિષદ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સૌને શબ્દોથી આવકારી આ કથાના વિચારથી માંડીને તેને મૂર્તિમંત સ્વરૂપ કઈ રીતે અપાયું તેની વિગતે વાત કરી તેમાં આર્થિક, બૌદ્ધિક અને સમયદાન દ્વારા સહયોગ આપનાર સૌને યાદગાર કર્યા, તેઓને અભિનંદન આપી આભાર પ્રગટ કર્યો તો ગોકુલ એજ્યુકેશન કેમ્પસના માલિક અને બીજા મુખ્ય મનોરથી શ્રી બલવંતસિંહજી રાજપૂતે મહાપરિષદ દ્વારા યોજાયેલ આ મહાયજ્ઞમાં તેઓને સામેલ કર્યા તે બદલ મહાપરિષદ અને પ્રવિણભાઈનો આભાર માની પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે આ આઠે આઠ દિવસ આ સમગ્ર કેમ્પસ આપ સૌનું જ છે, ક્યાંય કોઈ પણ પ્રકારની તકલીફ પડે તો અમારો સંપર્ક કરજો અને અમને આપની સેવાનો મોકો મળ્યો તે બદલ પ્રસન્નતા વ્યક્ત કરી હતી. અન્ય પ્રાસંગિક ઉદ્‌બોધનમાં મહામંત્રી શ્રી હિમાંશુભાઈએ ભાગવતકથા અને 'મા'ના આ પર્વની સુચારુ કર્મકાંડ વિધિઓ, યજ્ઞશાળા, માતૃમંદિર, આરોગ્ય મંદિર વિગેરે ઉપલબ્ધ પ્રવૃત્તિઓ અને સેવાઓની વિગતે વાત કરી. ત્યારબાદ પૂજ્ય ભાઈશ્રી દ્વારા પ્રથમ દિવસની કથાનો આરંભ થયો. માની મમતા અને માનું ઋણ તથા ભક્તિને કેન્દ્રમાં રાખી પૂજ્ય ભાઈશ્રીએ કરૂણામૂર્તિ માઁને ત્યાગમૂર્તિ તરીકે વર્ણવી જણાવ્યું કે માઁ









એટલે ''તપ'' અને 'તપ' એટલે 'માઁ'' જેવી ને જેટલી કે માથી વધુ તપસ્વીની આ જગતમાં અન્ય કોઈ ન હોઈ શકે. આમ પ્રથમ દિવસે પૂ.ભાઈશ્રીએ માનો મહિમા સમજાવતા ઉદાહરણ આપ્યું કે એક બાળક દ્વારા માને પ્રશ્ન પૂછાયો કે, ''મા Holidayનો અર્થ શું થાય ?'' ત્યારે ઉત્તરમાં મા બોલી, ''બેટા Holiday એટલે શું એ મને શી ખબર, કેમ કે હું તો માઁ છું'' આ ઉદાહરણ દ્વારા ભાઈશ્રીએ ૨૪ કલાક અને ૩૬૫ દિવસ કામ કરતી માઁનું મૂલ્ય સૌને સમજાવ્યું.



તા.૨૬ ઓક્ટોબર, ૨૦૧૭ના કથાના દ્વિતિય દિને કથામાં સુચારુ સંચાલન કરતા ઉદ્‌ઘોષક ચંદ્રકાન્ત તન્નાએ સૌને પોથી પૂજા, યજ્ઞ, વૃક્ષારોપણ, રક્તદાન વગેરેની જરૂરી માહિતી આપી. નિર્ધારિત કરેલ માઁ વિષય પરના ગુજરાતના સિદ્ધ હસ્ત વક્તાઓમાં પ્રથમ દિવસે શ્રી ભાગ્યેશ જહા તેમજ દ્વિતિય દિને પધારેલા ડો. શરદ ઠાકરનો પરિચય આપવા જાણીતા હાસ્ય કલાકાર શ્રી જગદીશભાઈ ત્રિવેદીને આમંત્રણ આપ્યું. જગદીશભાઈએ માઁના મહિમાની પૂર્વભૂમિકા આપી વક્તાનો પરિચય આપ્યા બાદ, ડૉ. શરદ ઠાકરે કેટલાક સત્ય પ્રસંગો દ્વારા માનું ઋણ અને માનો આપણા પ્રત્યેનો વ્યવહાર કેવો હોવો જોઈએ તે સુંદર રીતે સમજાવ્યું. ત્યારબાદ બરાબર ૧૦.૧૫ કલાકે ઋષિકુમારોનો વેદ પાઠ બાદ પૂજ્ય ભાઈશ્રીએ દ્વિતિય દિવસની કથામાં માના જુદા જુદા સ્વરૂપો પૈકી કથા પણ માં છે તેમ કહી સમજાવ્યું કે આ કથાનું શ્રવણ કરવું એ માને ધાવવા બરાબર છે. ભાગવત કથાના બાર સ્કંધ છે એમ માના પણ બાર અંગો છે તેમ જણાવી પૂજ્ય ભાઈશ્રીએ આઈટીના આ યુગમાં ચોવીસ કલાક ''મોબાઈલ'' પકડીને ફરતા મનુષ્યને હયાત માનો હાથ પકડવાની પણ જરૂરત છે તેવી શીખ આપી હતી.

કથા બાદ આ જ દિવસે સાંજે ગોકુલ કેમ્પસના ઓડિટોરીયમમાં શ્રી ભાગ્યેશ જહા રચિત ''મા તે મા'' નામના સુંદર નાટકની પ્રસ્તુતિ ગુજરાતના ખ્યાતનામ કલાકારો દ્વારા થઈ ત્યારે સૌ માના વાત્સલ્યમાં ભાવવિભોર થયા. માત્ર એટલું જ નહિ પરંતુ ઉપસ્થિત પૂ. ભાઈશ્રી, પ્રવિણભાઈ કોટક તેમજ અન્ય વરિષ્ઠ શ્રેષ્ઠીઓ અને બુદ્ધિજીવી લોકોની પ્રશંસા પ્રાપ્ત કરી.














દ્વિતિય દિનની જેમ હવે પછીના બધા જ દિવસો સવારના ૯.૩૦ થી શરૂ કરી રાત્રીના ૧૨.૦૦ સુધી કથાની સાથે શ્રી જગદીશ ત્રિવેદી દ્વારા ‘‘લોકડાયરા’’માં હાસ્યની હોડીમાં સૌને બેસાડી ખુબ હસાવ્યા. આમ તૃતિય દિવસ રાત્રીના ૧૨.૩૦ સુધી વિવિધ પ્રવૃત્તિઓથી ધમધમતા રહ્યા.

તા.૨૭ ઓક્ટોબર, ૨૦૧૭ના રોજ કથાના તૃતિય  દિવસે નિત્ય ક્રમ મુજબ કથાની પૂર્વ ભૂમિકા બાદ ખ્યાતનામ વક્તા શ્રી જય વસાવડા દ્વારા મા વિષય પર મનનીય વક્તવ્ય થયું અને ત્યારબાદ પૂજ્ય ભાઈશ્રીએ ત્રીજા દિવસની કથામાં ‘જન્મ દાત્રી માઁ’’ને કેન્દ્રમાં રાખી જલારામ જયંતિના પવિત્ર અવસરે જુદા જુદા અવતારી મહાપુરુષોની માતાઓનો મહિમા વર્ણવી પૂજ્ય જલારામ બાપાને યાદ કરી જણાવ્યું જલારામ બાપાના નામથી ચાલતી કોઈ સંસ્થાને મે નબળી જોઈ નથી. વધુમાં ભાઈશ્રીએ જણાવ્યું કે, પૂ. જલારામ બાપાના આખાય જગતમાં મંદિરો છે પણ આપણે એને ભગવાન  નથી બનાવ્યો એ બદલ સમગ્ર રઘુવંશી સમાજ અને તેના ભક્તોને હું અભિનંદન આપું છું. આજે જ્યારે હળાહળ ઘોર કળીયુગ છે ત્યારે આ થાક્યા પાક્યા કળીયુગને જ્યારે ઝોલું આવી જાય છે ત્યારે પૃથ્વી પર ‘‘જલારામ બાપા જેવા મહાપુરુષો પ્રગટ થાય છે’’ તેમ જણાવી ભાઈશ્રીએ કહ્યું કે જેમણે સૌ માટે જાતને તો દઈ દીધી પણ જાયાને પણ દઈ દીધી એ છે સંત જલારામ. આમ મહાપુરુષો અને ભગવાનના આગમન માટે જન્મદાત્રી માનું પિતા કરતા વિશેષ મહત્ત્વ ‘બીજ કરતાં ક્ષેત્રનું મહત્ત્વ છે’’ તે વાક્ય દ્વારા દ્વિતિય દિવસના અંતે સારરૂપે બતાવ્યું.

તૃતિય દિનના કથાના અંતે જલારામ જયંતિના પવિત્ર દિવસે હજારોની સંખ્યામાં ઉપસ્થિત સૌ ભાવિક ભક્તોએ જલારામ બાપાનો ભોજન પ્રસાદ લીધા બાદ બપોરે સિધ્ધેશ્વરી ગરબા મંડળ દ્વારા આનંદના ગરબાનું સુંદર આયોજન કથા મંડપમાં જ થયું જેમાં ખૂબ મોટી સંખ્યામાં બહેનો અને ભક્તો ઉપસ્થિત રહ્યા. સાંજે ૪.૩૦ કલાકે ઓડિટોરિયમ ખાતે ‘‘સિધ્ધપુરથી સોમનાથ અને વૈદિક સરસ્વતી’’ વિષય પર ભારત ઈતિહાસ વિકાસ પરિષદ દ્વારા પરિસંવાદનું આયોજન થયું જેમાં ડૉ. ગિરીશ ઠક્કર, શ્રી હર્ષદભાઈ બ્રહ્મભટ્ટ, સુશ્રી દિપુબા, ડૉ. પી.એસ. ઠક્કર તથા શ્રી હિમાંશુ ઠક્કર દ્વારા વિચારધારા પ્રસ્તુત કરાઈ હતી. બંને સમયે કથામાં ગર્ભમાં રહેલું બાળક નવ માસ દરમિયાન અસંખ્ય વાર માને પેટમાં પાટા મારે છે તેમ છતાં મા તેને ક્ષમા આપે છે તેમ આપણે પણ અસંખ્ય કૃત્યો દ્વારા ધરતી માને પાટા મારતા હોઈએ છીએ તો પણ એ આપણને ક્ષમા આપી માફ કરી દે છે. આજે આપણે ધરતી માનું પોષણ કરવાને બદલે શોષણ કરવા લાગ્યા છીએ. આપણે ધરતીમાંથી સોનુ કાઢ્યું, ચાંદી કાઢી, કોલસો ને ખનીજ તત્વો કાઢી લીધા પણ તેના બદલામાં તેનું પોષણ કરતા નથી એમ કહી પૂ.ભાઈશ્રીએ વૃક્ષારોપણનું મહત્ત્વ સમજાવી ધરતીની પણ કાળજી લેવી આપણી નૈતિક ફરજ છે તેમ સમજાવ્યું આપણે વિકાસ કરવો જ

જોઈએ પણ વિવેકરહિત વિકાસ એ વિકાસ નથી, વિનાસ છે તેમ કહી સમજાવ્યું કે જ્યારે ધરતી પાપ સહન ન કરી શકી ત્યારે ધરતી દેવીએ ગાયનું રૂપ લીધું અને ભગવાનને આ દુષ્ટોથી બચાવવા વિનંતી કરી એ પ્રભુએ ધરતીનો બોજ હળવો કરવા માનવરૂપે અવતરવું પડ્યું, અને આ રીતે પૂજ્ય ભાઈશ્રીએ પોતાની આગવી અને અનોખી શૈલીમાં શ્રીમદ્ ભાગવતમાં એવા તો ડુબાડી દીધા કે રોજ ૧.૩૦ કલાકે પૂરી થતી કથા કૃષ્ણજન્મોત્સવ વખતે ૫.૩૦ કલાકે પૂરી થઈ તો પણ માનવ મહેરામણનું જાણે ઘોડાપૂર આવ્યું હોય તેવું દૃષ્ય રચાયું. સૌ ભાવિક ભક્તોએ પૂ.ભાઈના આ ભાવજગતમાં કૃષ્ણજન્મોત્સવને સંગીતના તાલે નંદ ઘેરે આનંદ ભયોના નાદ સાથે નાચગાન કરીને માણ્યો.











તા.૩૧ ઓક્ટોબર, ૨૦૧૭ના રોજ કથાના સાતમા દિવસે મા વિષય પર બોલનારા નિત્ય દિનના વક્તાઓમાં ઉમદા કવિ અને મૃદુભાષી શ્રી તુષાર શુક્લએ માના વિશ્વમાં વિહાર કરાવી હયાત માનું મુલ્ય સમજાવ્યું અને સૌને ભાવવિભોર કરી દીધા હતા. પૂજ્યભાઈશ્રીએ માનો વિશાળ મહિમા સાતમા દિવસે સમજાવતા કહ્યું કે માના ખોળા જેટલી વિશાળતા આ દુનિયામાં ક્યાંય નથી. આજે પૂજ્ય ભાઈશ્રીએ માના અન્ય સ્વરૂપોમાં નદીમા અને ગાયમાનું અનેરૂ મહત્ત્વ સમજાવી તેનો મહિમા કર્યો. સિધ્ધપુર મહાતીર્થની સરસ્વતી નદીનો મહિમા વર્ણવી ભાઈશ્રીએ કહ્યું કે સરસ્વતી ગુપ્ત છે પણ એ લુપ્ત ન થાય તે જોવાનું કામ આપણું છે. પ્રાચીન સમયથી માનવ જીવનની ઉન્નતીમાં નદીનું આગવું સ્થાન રહ્યું છે. ગુજરાતની જીવાદોરી સમાજ નર્મદા નદીને યાદ કરી પૂજ્ય ભાઈશ્રીએ ગુજરાતના વિકાસની પણ વાત કરતા નદીમાનું મહત્ત્વ સમજાવ્યું હતું. તો સાથે સાથે ગાય માનું ગાન કરી ભાઈશ્રીએ ભાગવત કથાના વિવિધ દ્રષ્ટાંતો ટાંકી કહ્યું કે મંદિર કૃષ્ણની ઓફિસ (Office) છે તો ગૌશાળા એ તેનું (Residential Address) છે. વ્રજ નામ જ બ્રહ્મરજથી થયું છે. જે કૃષ્ણના ચરણરજથી બની છે, જે ગાયની ખરીથી થયેલ રજ છે એ છે વ્રજ રજ. કૃષ્ણ ગો-રજમાં સ્નાન કરે એટલે એ સમયને ગોરજ એટલે કે સંધ્યાકાળ કહેવાય છે.

આ રીતે ગાયમાતાનું મહત્વ સમજાવી પૂજ્ય ભાઈશ્રીએ આપણા દેશમાં ગૌ હત્યા ન થાય, ગૌમાંસ માટે ગાયોની કતલ ન થાય તે જોવાની સૌની ફરજ પરત્વે ધ્યાન દોર્યું. ગાય માતાનું માત્ર ધર્મની દ્રષ્ટિએ જ મહત્ત્વ ન જોતા, આરોગ્યની દ્રષ્ટિએ પણ એટલું જ મહત્વ છે એ સમજવું જોઈએ.

તા.૧ નવેમ્બર, ૨૦૧૭ ને બુધવાર એટલે માતૃવંદના અને શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞનું અંતિમ ચરણ એટલે કે છેલ્લો દિવસ. નક્કી થયેલા કાર્યક્રમ મુજબ સવારે ૭.૦૦ કલાકે વિશેષ રૂપે નિર્મિત યજ્ઞશાળામાં મહાવિષ્ણુયાગ માટે મુખ્ય યજમાન શ્રી પોપટભાઈ અખાણી પરિવાર અને તમામ યજ્ઞકુંડ યજમાન પરિવારોએ દિવ્યતાનો અનુભવ કર્યો. માની વ્યાખ્યાનમાળામાં અંતિમ મણકો પૂરવા જાણીતા વક્તા શ્રી










ભદ્રાયુ વચ્છરાજાણીએ અત્યાર સુધી ન ખેડાયેલા અને ન બોલાયેલા આધુનિક મોમને કેટલાક મુદ્દાઓને પોતાના વક્તવ્યમાં વણી લઈ આધુનિક માને સુંદર રીતે કેટલીક ચેતવણીદર્શક  નોટીસ પાઠવી દીધી. કથાના નિત્યક્રમ મુજબ ઋષિકુમારો દ્વારા વેદપાઠનું ગાન થયા બાદ પૂજ્ય ભાઈશ્રીએ આજે સંસ્કારદાત્રી માનું સ્વરૂપ રજુ કરી કહ્યું કે માનવીની ઉન્નતિ અને વિકાસમાં જન્મદાત્રી માની સાથે સાથે જે જે વ્યક્તિ પાસેથી સંસ્કાર પ્રાપ્ત થયા હોય છે તે સૌ આપણી સંસ્કારદાત્રી મા છે. એ આપણા શિક્ષક છે ગુરૂના સ્વરૂપે હોઈ શકે, મિત્રના સ્વરૂપે પણ હોય, ભાઈ કે બહેન હોય શકે, કંપનીના બોસ હોઈ શકે કે પાડોશી પણ હોઈ શકે. જીવનમાં જે જે વ્યક્તિએ આપણને કંઈ શીખ આપી સંસ્કાર સિંચન કર્યું છે તે બધાને મા જેવું મહત્ત્વ આપી તેનો મહિમા સમજવો જોઈએ. આમ પૂજ્ય ભાઈશ્રીએ માતૃગયા તીર્થ સિધ્ધપુરની મા દેવહુતિની આ પવિત્ર ભૂમિમાં સામૂહિક માતૃવંદના - માતૃતર્પણ અને શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞમાં ખરા અર્થમાં આપણા સૌની 'મા' બનીને સંસ્કારદાત્રી તરીકે ભાગવત દર્શન અને માના વિવિધ સ્વરૂપોનું દર્શન કરાવી આપણને સૌને ધન્યતા બક્ષી. લગભગ બપોરે ૨.૦૦ કલાકે શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞનું ભાવવાહી રીતે સમાપન થયા બાદ શ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી બલવંતસિંહજી રાજપૂત, શ્રી હિમાંશુભાઈ ઠક્કર દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન અને આભારવિધિ થયા બાદ પૂજ્ય ભાઈશ્રી યજ્ઞશાળામાં પધાર્યા અને શ્રીફળ હોમ કરીને શ્રી યજ્ઞનારાયણને આહૂતિ અર્પણ કર્યા બાદ મહાવિષ્ણુયાગનું સમાપન કરાવ્યું.







જે જે પોથી યજમાન પરિવારો ઉપસ્થિત ન રહી શક્યા હોય તે તમામ વતી સામૂહિક રીતે સંકલ્પિત થઈ તમામ બ્રહ્મ દેવો દ્વારા પૂ.ભાઈશ્રીની ઉપસ્થિતિમાં સાંજે ૫.૦૦ કલાકે બિંદુ સરોવર મુકામે સામૂહિક માતૃતર્પણની વિધિ સિધ્ધપુર ગોર મંડળ, શ્રી જયદેવ મહારાજ, સાંદિપની પરિવારના ઋષિકુમારો તથા સ્થાનિક બ્રહ્મદેવો દ્વારા સંપન્ન કરવામાં આવી. પૂ.ભાઈશ્રી લગભગ સાંજે ૭.૦૦ કલાકે બિંદુ સરોવરથી સિધ્ધપુર ક્ષેત્રની સંવેદનાઓ સાથે પોતાના ગંતવ્ય સ્થાને પરત ચવા માટે રવાના થયા.

માતૃવંદના મહોત્સવમાં શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞના સાક્ષી બનવા સંતો, મહંતો ઉપરાંત શ્રી પુરુષોત્તમ રૂપાલાજી, સુશ્રી આનંદીબેન પટેલ, શ્રી કેશુભાઈ પટેલ, શ્રી ભૂપેન્દ્રસિંહજી ચૂડાસમા, શ્રી શંકરભાઈ ચૌધરી, શ્રી ઋત્વિજ પટેલ, શ્રી નરહરિ અમીન, શ્રી અતુલભાઈ પંડ્યા, શ્રી રજનીભાઈ પટેલ, શ્રી જયનારાયણભાઈ વ્યાસ તથા અન્ય રાજકીય આગેવાનો અને ઉદ્યોગપતિઓ પણ પધાર્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમમાં મુખ્ય કાર્યક્રમોની સાથે સાથે રક્તદાન કેમ્પ પણ આરોગ્ય મંદિરમાં સતત રહ્યો સાથે સાથે દરરોજ વિવિધ મહાનુભાવો દ્વારા સુનિશ્ચિત કરેલ જગ્યામાં પર્યાવરણ અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણીના માર્ગદર્શન હેઠળ વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું.

કથાના સાતેય દિવસનું સુંદર સંચાલન ઉદઘોષક પ્રોફે. ચંન્દ્રકાન્ત તન્નાએ કરી પૂજ્ય ભાઈશ્રીની પ્રશંસા અને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા તેમ બપોર પછીના દરેક કાર્યક્રમોનું સંચાલન પણ ખુબ સુંદર રીતે કરેલ. ભોજન, ઉતારા તથા અન્ય એજન્સીઓ સાથે ખૂબ સુંદર રીતે સંકલન કન્વીનર શ્રી પોપટભાઈ અખાણીએ કરેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા કથા મંડપ તથા બેનર વ્યવસ્થા માટે શ્રી હર્ષદરાય ઠક્કર, ઉતારા વ્યવસ્થામાં શ્રી અજયભાઈ ઠક્કર, શ્રી મધુકરભાઈ મજીઠીયા, શ્રી મુકેશભાઈ ગોવાણી, શ્રી પ્રવિણભાઈ ભગદેવ, શ્રી ભરતભાઈ માવાણી, વિશેષ આમંત્રિત મહેમાનો સાથે સંકલનમાં શ્રી મહેન્દ્રભાઈ સોમાણી, શ્રી ભવાનભાઈ કોટક, શ્રી હરીશભાઈ ઠક્કર, માતૃમંદિરમાં શ્રી જયદેવ મહારાજ તથા ઓફિસ કાર્યાલયના સ્ટાફ જય નાગોરા, નિધિ તન્ના, મહેશભાઈ, રિધ્ધિ ખત્રી દ્વારા સંકલન કરવામાં આવેલ. કાર્યાલય વિભાગમાં શ્રી અશોકભાઈ ગઢિયા, શ્રી ભાઈલાલભાઈ ઠક્કર, શ્રી રમેશભાઈ અનમી, શ્રી પ્રવિણભાઈ ગંદા, શ્રી શશીકાન્તભાઈ કાનાણી, શ્રી ભરતભાઈ ઉનડકટ, શ્રી નીતીનભાઈ ઠક્કર, શ્રી જીતુભાઈ પૂજારા, ઉપરાંત ભોજન વ્યવસ્થામાં શ્રી વિપુલભાઈ ઠક્કર, શ્રી હસુભાઈ ભગદેવ, શ્રી મનુભાઈ ગોકલાણી, શ્રી ધર્મેશભાઈ બજાજ, શ્રી ચુનીભાઈ ઠક્કર, ડીસાના તમામ સભ્યો, અન્ય સંકલનમાં શ્રી ધવલભાઈ આચાર્ય તથા શ્રી જીજ્ઞેશભાઈ ઠક્કર તથા પ્રેસ અને મિડિયા સાથે સંકલનમાં શ્રી વિનોદભાઈ ગોકલાણી તથા સિધ્ધપુરના શ્રી નિરંજનભાઈ ઠાકર સમર્પિત ભાવે સક્રિય રહ્યા હતા.




# હોદ્દેદારોની ચિંતન શિબિર - ૨

**તા. ૨૧ સપ્ટેમ્બર, ૨૦૧૮**

**મા વૈષ્ણોદેવી ધામ, જમ્મુ**

## શ્રી લોહાણા મહાપરિષદના હોદ્દેદારોનો પરિસંવાદ





તા.૨૧ સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ માં વૈષ્ણોદેવી ધામ, જમ્મુ ખાતે માતૃસંસ્થાના વરિષ્ઠ હોદ્દેદારોની ચિંતન બેઠક અત્યંત સફળતાપૂર્વક યોજાઈ. આ બેઠકના યજમાન તરીકે યાત્રા પ્રવાસન સમિતિના અધ્યક્ષ શ્રી નીતીનભાઈ ઠક્કર (નવભારત ટૂર્સ પરિવાર) હતા. અત્રે ઉલ્લેખનીય છે કે આ સમગ્ર ત્રણ દિવસીય કાર્યક્રમમાં પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકની ઉપસ્થીતી બદલ શ્રી નીતીનભાઈ ઠક્કરે માતૃસંસ્થાનો આભાર વ્યક્ત કર્યો હતો. વધુમા 'શ્રી નીતીનભાઈ ઠક્કર` જણાવ્યું હતુ કે માતૃસંસ્થા દ્વારા મને મળેલી જવાબદારીના ભાગરૂપે મેં ફૂલ નહી પણ ફૂલની પાંખડી સ્વરૂપે મારી ભાગીદારી નોંધાવવાનો નમ્ર પ્રયાસ કર્યો છે અને ભવિષ્યમાં પણ યાત્રા પ્રવાસન સમિતિ દ્વારા જે પણ કાર્યો કરવા યોગ્ય લાગશે તે માટે હું હંમેશા તત્પર રહીશ. આ સમગ્ર કાર્યક્રમનો સુંદર સંચાલન કરવા બદલ શ્રી નીતીનભાઈ ઠક્કર તથા સમગ્ર પરિવારનું સન્માન અને અભિવાદન કરવામાં આવ્યું હતું.









# શ્રી લોહાણા મહાપરિષદની સ્થાયી સમિતિઓના પંચવર્ષીય અહેવાલ

2015-2020

## શિક્ષણ સમતિ



માતૃ સંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મુખ્ય પ્રકલ્પોમાંનો સૌથી અગ્રીમ પ્રકલ્પ કે જેને પ્રમુખ સેવક શ્રી પ્રવિણભાઈ કોટકે પોતાના કાર્યકાળમાં હંમેશા પ્રાધાન્ય આપ્યું તે પ્રકલ્પ એટલે શિક્ષણ. મિત્રો કોઈ પણ જ્ઞાતિ, સમાજ કે રાષ્ટ્રની ઉન્નતી તેના શિક્ષણના સ્તર અને પ્રગતી પર નિર્ભર હોય છે. માતૃસંસ્થાની આ શિક્ષણ સમિતિના રાષ્ટ્રિય અધ્યક્ષની જવાબદારી મને સોંપી શ્રી પ્રવિણભાઈ કોટકે મારી મનગમતી સેવાકીય પ્રવૃત્તિ અને કાર્યક્ષેત્રને વધુ વિસ્તૃત બનાવી જ્ઞાતિ સેવાનો મોકો આપ્યો તે બદલ હું આનંદ અને ગર્વની લાગણી સાથે શ્રી પ્રવિણભાઈ અને માતૃસંસ્થાનો હૃદયપૂર્વક આભાર માનું છું.

છેલ્લા પાંચ વર્ષની અમારી પ્રવૃત્તિઓની વાત કરીએ તો શ્રી પ્રવિણભાઈની સાથે મે અને મારી ટીમનો એક જ ધ્યેય છે કે આર્થિક સંકળામણને કારણે જ્ઞાતિનો એક પણ દિકરો કે દિકરી ઉંચ અભ્યાસક્રમથી વંચિત ન રહે. આ માટે માતૃસંસ્થા દ્વારા શ્રી રોનક પ્રતાપભાઈ દત્તાણી શિષ્યવૃત્તિની સાથે સાથે અમોએ ઉચ્ચ અભ્યાસ માટે દર મહિને નિયમિત પણે દેશ ભરના યુવક યુવતીઓને તેઓની વ્યક્તિગત મુલાકાત ગોઠવી જરૂરિયાત મુજબ રૂા. એક લાખની મર્યાદામાં તેઓનો અભ્યાસ પૂર્ણ થાય ત્યાં સુધી સહાય આપી. આ હાયર એજ્યુકેશન સહાયને ખૂબ જ સારો પ્રતિસાદ પ્રાપ્ત થયો. અત્યાર સુધીમાં જ્ઞાતિના હજારો યુવક યુવતિઓને માતૃસંસ્થા મહાપરિષદ, શ્રી ખીમજી ભગવાનદાસ ટ્રસ્ટ, મુંબઈ વતી શ્રી સતીષભાઈ વીઠલાણી અને મારા વ્યક્તિગત સહયોગ સાથે કરોડો રૂપિયાની સહાય આપવામાં આવી છે. જ્ઞાતિની શૈક્ષણિક ઉન્નતિ દ્વારા રઘુવંશીઓના વિકાસમાં થયેલા અમારા નમ્ર પ્રયાસ બદલ ગૌરવની લાગણી અનુભવાય છે.



આર્થિક સહયોગની સાથે સાથે જ્ઞાતિના યુવક યુવતિઓ IAS, IPS, UPSC, GPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરે તે માટે તમામ સપોર્ટ - ઈકોનોમિકલ, ઈમોશનલ, એકોમોડેશન તેમજ ગાઈડન્સ અને ટ્રેઈનિંગ આપવાનો પ્રયત્ન પણ હાથ ધરાયો હતો. આ માટે માતૃસંસ્થાના ઉદ્‌ઘોષક પ્રો. ચંદ્રકાન્ત તન્નાના આમંત્રણ અને આયોજનથી વિદ્યાનગરની શ્રી જલારામ લોહાણા વિદ્યાર્થી ભવન ખાતે શ્રી પ્રવિણભાઈ કોટક અને અમારી ટીમના અગ્રણી સભ્યો શ્રી ભરતભાઈ મોદી, શ્રી નિલેષ સુચક, શ્રી દિલીપભાઈ પંખી, શ્રી વસંતભાઈ અનારકટ, શ્રી જયેશભાઈ ઠક્કર, શ્રી નિરવભાઈ ઠક્કર અને સ્થાનિક શ્રેષ્ઠીઓની

ઉપસ્થિતિમાં આણંદ અને ખેડા જિલ્લાના ૧૨૦ જેટલા ઈચ્છુક યુવક-યુવતિઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીના માર્ગદર્શનનો એક દિવસિય ઓરિએન્ટેશન સમારોહ જ્ઞાતિના ત્રણ ડેપ્યુટી કલેક્ટરશ્રીઓ સર્વશ્રી પંકજભાઈ ઓધિંયા (વડોદરા), શ્રી શૈલેષભાઈ ગોકલાણી (આણંદ) અને નવનિયુક્ત યુવાન ડેપ્યટી કલેક્ટર શ્રી કલ્પેશ ઉનડકટના મુખ્ય વક્તવ્યો સાથે સફળતાપૂર્વક સંપન કર્યો. આ ઉપરાંત અમદાવાદ માતૃસંસ્થા કાર્યાલય પર ત્રણેક મહિના સુધી જ્ઞાતિના ૨૦ જેટલા યુવક યુવતિઓને શ્રેષ્ઠ તજજ્ઞો દ્વારા સિવિલ સર્વીસીસમાં જવાની તાલીમ પણ સફળતાપૂર્વક આપવામાં આવી હતી. એ જ રીતે ૨૯ એપ્રિલ, ૨૦૧૮ના રોજ અમદાવાદ ખાતે ૩૦૦ કરતા પણ વધુ







વિદ્યાર્થીઓ માટે ધો. ૧૦ અને ધો. ૧૨ પછીની કારકીર્દી માટેના અવકાશ અને ઉપલબ્ધીઓ અંગેનો કારકિર્દી માર્ગદર્શન પરિસંવાદ વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કર, પૂર્વપ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણી અને ટ્રસ્ટીશ્રી પરેશભાઈ ભૂપતાણીની નિશ્રામાં, શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી ધર્મેશભાઈ હરીયાણીના માર્ગદર્શનથી ડૉ. સ્નેહલ દેસાઈના મુખ્ય વક્તા સ્થાને સફળતાથી સંપન થયો. શ્રી નિલેશ સુચક તથા શ્રી નિરવ ઠક્કરે ધો. ૧૦ અને ૧૨ પછીના વિવિધ પ્રકલ્પો અંગે સુંદર માહિતી આપી હતી. આ પ્રસંગે શિક્ષણ સમતિના વરિષ્ઠ હોદ્દેદારશ્રીઓ, હિમાંશુ ઠક્કર, ચારૂસેટ યુનિ. ડૉ. અમિત ગણાત્રા, નિરમા યુનિ.ના ડૉ. ધવલભાઈ પૂજારા, સાલ યુનિ. ઈસ્ટિટ્યૂટના ડાયરેક્ટર ડૉ. રૂપેશ વસાણીનું શિક્ષણના ક્ષેત્રમાં મુલ્યવાન યોગદાન બદલ બહુમાન કરવામાં આવ્યું હતું. કારકિર્દી માર્ગદર્શનનો આ દોર દર વર્ષે ધો. ૧૦ અને ધો. ૧૨ના પરિણામ પછી શિક્ષણ સમિતિના દરેક હોદ્દેદારો દ્વારા જ્ઞાતિના દિકરા - દિકરીઓને રૂબરૂમાં કે ફોનથી આપવાનું આયોજન થાય છે, જેનો મોટી સંખ્યામાં સો જ્ઞાતિજનો લાભ પણ લે છે. ટૂંકમાં શિક્ષણ સમિતિ દ્વારા જ્ઞાતિના યુવક-યુવતિઓને શિક્ષણને લગતી તમામ મદદ, માર્ગદર્શન અને સહકાર આપવાનો અમારો નમ્ર પ્રયાસ હોય છે જેમા અમોને ઘણી સફળતા પ્રાપ્ત થઈ છે તેનો આનંદ અને ગર્વ વ્યક્ત કરી સૌને નમ્ર અપીલ કરુ છું કે આવો, આપણે સૌ સાથે મળી જ્ઞાતિની પ્રગતી માટે માતૃસંસ્થા દ્વારા થઈ રહેલા આ શિક્ષણ યજ્ઞમાં આપણી તન, મન અને ધનથી આહુતી આપી ગૌરવ અનુભવીએ.



**શ્રી ધર્મેશભાઇ હરિયાણી, અમદાવાદ**
**રાષ્ટ્રીય અધ્યક્ષ - શિક્ષણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ**

# આરોગ્ય સમિતિ



On July 2015 When LMP New Committee was formed under Praveen Bhai Kotak as President at that time **Dr. Nandalal Mansata- was appointed as Chairman**. He is Renowned ENT Surgeon and Bhishma Pitamah for Lohana Health care Sector. He is working as Chairman for Health Since 1975 in Lahana Mahajan, Ahmedabad. He was also Chairman for Jalaram Mandir Khamasa and Jalaram Mandir Paidi. He was Chairman in Akhil Gujarat Lohana Samajj for So many Years from its conception. He was Vice President for LMP health Samiti when Nanu Bhai Majethia was Vice President of LMP Body . Till 2014 all financial management was done by Dr. Nandalal Mansatta Sir based on contributions from different Donors.

But after 2015 when Himmat Bhai Kotak became Treasurer in LMP and Praveen Bhai Kotak as President of LMP he was never required to bother about finances and all patients were supported by LMP.

In September 2015 there was 1st Meeting of **LMP Health Samiti** under guidance of Chairman-Dr. Nandalal mansata was held. In which **Dr. Naresh Bhai Suchak was declared as General Secretary of Health Samiti & Dr. Bhavdeep Ganatra as Jt. Secretary of LMP Health Samiti. T**hey decided to have Planning committee and Executive committee as at that time LMP was giving Maximum Emphasis on **Education and Health**.

**Lohana Maha Parishad (LMP) had expectation from Health samiti as follows.**

- To Help our Gyati Bandhu during Medical need or Emergency
- To help people who are on long term medications
- To Help if any Gyati Bandhu in case they needs any Financial Help
- To decide how much funds to be given for certain Diseases?
- To Guide our Gyati Bandhus when some Doctor suggest them for Surgery or any Major Operations?
- To create Healthy, Wealthy and Prosperous Lohana Community
  For this there were certain decisions taken like to have
- One Executive Committee in Ahmedabad for coordination with LMP.
- One Doctor can came once a week on some nominal honorarium or free to scrutinize files or Proposals for Financial help.
- It was also decided that max. Financial Support would be Rs. 1,00,000/ Patient.
- It was also decided to create awareness about Generic medicines and Group Insurance for weaker section of our community through local Mahajan Support.
- It was also a point how to support Thalesemia Patients?
  To achieve this objective all Doctors involved decided to meet once a Month in LMP office.
  We had meetings once a month with various Doctors and received their suggestions to achieve our objectives with lot of Brain Storming.

There was a discussion how to do Research and Development for Thalesemia patients. **Dr. Bhavesh Acharya Chairman of Red Cross Society supported to conduct Thalesemia Tests under Red Cross Society.** Arogya Sena Doctors visited Thalesemia Day care Centre to see if any Research and Development can be planned.

**Dr. Neema Achrya helped in getting official Maa Amrutham Yojana Registration centre in LMP office to register all Lohana senior Citizens registration through Local Mahajan in case they find difficulty.**



In June 2018 there was a meeting in Sola Bhagwat Vidapeeth where 20 Doctors were invited but for certain constraints only 5 Doctors could come. So it was thought how to involve more people and it was decided to utilize Technology for communication purpose.
From July 2018 we were meeting every week on teleconferencing between 9.00pm to 9.30pm which was arranged by Dr. Naresh Suchak from Bhavnagar (Paid). Then it was decided to meet once to implement everything that was decided over teleconferences.
Dr. Naresh Bhai Suchak during meetings always emphasized on Doctors well being also. So he always recommended Meditation for All. Particularly he believes That Vipashana Meditation has helped him a lot and wanted Maximum people to get benefitted out of this Meditation Technique.

On 30th December 2018 a meeting was organized at Sola Bhagwat Vidyapeeth which was presided by Praveen Bhai Kotak with other LMP office bearers and around 75+ Doctors from India & Gujarat.
**Dr. Nandlal Mansatta ji** Welcomed all Doctors and Invitees.
**Dr. Naresh bhai Suchak – Gen. secretary –LMP Health Committee** Gave an outline of program.
He described aim and Objective of this Sammelan-

- No Lohana family member enters Emergency for health.
- Whether they need Medical opinion/Concessional Consultation/ Expert reference/ Financial Support/ anything related to health how we can help as a Community? We should have a good support in Ahmedabad being connected entire India.
- We wish every family in our community to be physically fit and Healthy.
- We need to discuss roles as Medical Doctors in LMP Vision for reaching last family of Lohana Community.

**Dr. Acharya from kutchh represented Kutchh and Bhuj zone** gave a new name as **Lohana Aarogya Sena**. He described that all Lohanas are having everything but Health.
**Dr. Himanshu Thakkar from Rajkot represented Saurashtra Zone.** He suggested that Lohana Maha Parishad, Local Mahajan and Aarogya Samiti should create a Chain by which we can reach to last family of every Mahajan.
**Dr. Mukund karia from Surat represented South Gujarat Zone** suggested if we start referring Lohana Doctors then lot of cost on treatment can be saved -As our doctors will not do anything bad for patients.
**Dr. Paresh Ruparelia from Ahmedabad represented Central Gujarat Zone** gave a good suggestion to support young Generation when they want to choose medicine as career. He also recommended that traditional therapies can be preferred as Prevention than entering into Emergencies.
**Dr. Vasant Ganatra from Palanpur represented North Gujarat Zone** He said maximum deaths happens due to accident. So we need to give lot of awareness in our community on Driving and Parking on Highways or long Drives. He also suggested Yoga as prevention of Diseases.
**Dr. Dilip Raichura from Mumbai represented Maharashtra** he suggested that all Mahajan has different committees or departments as in Mumbai they have 25 committees. Lohana Mahajan wadi can be used for different activities. We should give importance to Education and health aspects.
**SJ T. Jignesh Gokani from Hyderabad represented South India** suggested LMP to create a mechanism through Aarogya Samiti to connect all Mahajans internally. He also suggested there are lot of Govt. Policies which Mahajan can adopt and can support Lohana families.

LINE OF ACTION by LMP AAROGYA SENA for creating better tomorrow-presented by Jignesh Gokani.

- ➢ We need to create mechanism by which every family gets connected to respective local Lohana Mahajan.
- ➢ Every Lohana Mahajan will decide 3 to 10 volunteers for medical emergency support.
- ➢ These 3 to 10 people will have access to Zone level LMP Aarogya Sena and LMP office bearers for medical needs. Finally Patients details will reach to CORE TEAM of LMP Aarogya sena.
- ➢ Every Mahajan should display names of 3 to 10 Volunteers with their phone numbers for health.

➢ In the same banner Mahajan should display minimum 3 Zone Level Arogya Sena Doctors Names.

So the whole mode of operandi would be, in case of medical need family members get in touch with volunteers of Local Mahajan and these volunteers will get it touch with Zone level Doctors. Finaly zone level Doctors will get in touch with LMP Core Team Aarogya sena if there is serious issue.

LMP Core Team Aarogya sena will recommend or suggest medical assistance or Management best for patients' welfare including Financial Support.

This is also recommended for financials to be contributed by 4 contributors

✓ 25% of the bill by family,

✓ 25% of bill by Local Mahajan,

✓ 25% of bill (Maximum Rs 1 lakh/patient) by LMP,

✓ 25% by LMP Arogya sena.

Then one next meeting happened in April 2019 in Surat where above points we finalized and

Few more suggestions during open discussion when 10 other Lohana Samaj office bearers were there-

- All Local Mahajans can become bridge between patients and Lohana Arogya Sena.
- Lohana community patients pay sometimes very heavily in hospitals due to ignorance of Patients and their attendants. For any patients right guidance at the time of need is very important.
- Directory of Specialist Doctors and hospitals are provided to the Mahajan the same can be circulated to all family in the form of pamphlets, PDF, Electronic.
- Every Lohana Doctor should allocated weekly once time slot of 2 hours for consultation of Lohana patients in their own clinic.
- We can create electronic platforms/ mobile application for easy Communication & management.
- Awareness program about Aarogya Sena and Medical Topic with various activities under Mahajan.
- Global insurance plan for all Lohana community if Govt Policy is not available like Maa Amrutam Yojana.
- We also need to pay Attention to Thelesemia and sickle disease which is very prevalent in our community.

**LMP Arogya Sena had declared Zone Committee in Surat as heads as follows**

| | | |
|---|---|---|
| (1) | Kucth Bhuj Zone | **-Dr. Aacharya , -Dr. Ashok, -Dr. Nitin Thakkar, -Dr Chandrakant Bhai.** |
| (2) | Saurastra Zone | **-Dr. Janakbhai Thakkar, -Dr. Himanshu Thakkar, -Dr.Neeta ben Thakkar, -Dr. R K Thakkkar, - Dr. Bharat Kanabar, -Dr. Deepak Bhagde** |
| (3) | North Gujrat Zone | **-Dr. Vasantbhai Ganatra, -Dr. Akhani , -Dr. Suresh Thakkar** |
| (4) | Central Gujrat Zone | **-Dr. Bhavdeep Ganatra, -Dr. Paresh Ruparel, -Dr. Dharmesh Thakkar** |
| (5) | South Gujrat Zone | **-Dr. Mukund Kariya, -Dr. Nikunj Vithalani** |
| (6) | Maharastra Zone | **-Dr. Dilip Raichura.** |
| (7) | South India Zone | **-SJ T. Jignesh Gokani** |

**CENTRAL CORE COMMITTEE MEMBER OF LMP AAROGYA SENA**

| | | |
|---|---|---|
| 1. | Dr. Nandlal Mansatta | - ENT Surgen |
| 2. | Dr. Naresh Suchak | - Paediatrician |
| 3. | Dr. Neema ben Acharya | - Gynecologist |
| 4. | Dr. Bhavesh Acharya | - Chairman Red Cross Society |
| 5. | Dr. Kanabar | - Orthopedic Surgeon |
| 6. | Dr. Anish Chandarana | - Cardiologist |
| 7. | Dr. Bhavesh | - Cardiologist |
| 8. | Dr. Paresh Ruparel | - Diabetes Foot surgeon- Gangrene |
| 9. | Dr. Dharmesh Thakkar | - Dentist |
| 10. | Dr. Mukund Karia | - Radiologist |

11. Dr. Nikunj Vithalani - Oncologist
12. Dr. Acharya - MD Physician
13. Dr. Janak Thakkar - Dermatologist
14. Dr. Vasant Ganatra - General Surgeon
15. Dr. Suresh Thakkar - Urologist
16. Dr. Dilip Raichura - Gynecologist
17. Dr. Sunil Popat - Gastroenterologist
18. Dr. Neetaben Thakkar - Gynecologist
19. Dr. Dhaval Nathwani - Pathologist
20. Dr. Nandani - Pathologist

To finally implement this Program in June 2019 meeting was planned in Rajkot and for this a preparation Meeting was done in Rajkot. But for certain unavoidable Reasons this meeting could not happen.

- We had decided to have separate office for scrutinizing and processing of Medical Files.
- We also suggested creating Separate Funds only for Health Purposes the way we have for Education.
- We had approved a Mobile Application for Communications between Doctors and patients through Local Mahajans.

From March 2020 -During COVID-19 Pandemic various Doctors in Lohana community Particularly Kutch Bhuj and North Gujarat, Central Gujarat, Saurashtra and South Gujarat LMP Doctors had given Free Online consultations or seeing reports of Patients on What's up they helped our Local Mahajan or Gyati Bandhus.
In few cases when Beds were not available they used their influence to get Gyati bandhu Beds also.

It is proud moment for Entire Lohana Community that During COVID-19 Pandemic **Vaidya Rajesh Bhai Kotecha secretary for Ministry of AYUSH, GOI** headed Entire Ministry of AYUSH and has created or approved Treatment Protocols and was responsible for implementation Team for Prevention Measures including development of **Sanjeevani Mobile Application**- We are proud that 1st time in Bharat Varsh Traditional Therapies were also working Hand and Hand with Ministry of Health and was Headed by **vaidya RAJESH BHAI KOTECHA.**
On Behalf of Lohana Mahaparishad's Arogya Samiti objectives Jignesh Gokani had met Vaidya Rajesh Bhai Kotecha secretary, Ministry of AYUSH in Delhi.

**- Dr. Nandlalbhai Manseta, Ahmedabad**
**Chairman - Medical Committee, Shree Lohana Mahaparishad**

**- Dr. Nareshbhai Suchak, Bhavnagar**
**Secretary - Medical Committee, Shree Lohana Mahaparishad**



# પર્યાવરણ સમિતિ



સંગઠન, સહકાર દ્વારા સેવાના ધ્યેયને વરેલી માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ખૂબ જ કર્મઠ અને દિર્ઘદ્રષ્ઠા પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે લોહાણા સમાજની સેવાને પ્રગતીની સાથે સમાજ, રાષ્ટ્ર અને સમગ્ર માનવ જાતીની સેવામાં પણ માતૃસંસ્થા મહાપરિષદ માધ્યમ બની સહયોગ આપી શકે તેવા ઉમદા હેતુથી પ્રથમ વખત “પર્યાવરણ સમિતિ”ની રચના કરી અને તેના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ની જવાબદારી મને સોપી. આમતો હું મારા અંગત શોખ અને ભાવનાને લઈને પર્યાવરણ જાગૃતિ અને જાળવણી માટે ઘણા સમયથી મારી સેવા અને સહયોગ આપતો હતો, પરંતુ વિઝનરી પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે મને મહાપરિષદનું પ્લેટફોર્મ આપતા મારા ઉત્સાહમાં વધારો થયો તેમજ કાર્યક્ષેત્ર રાષ્ટ્રીય ફલક સુધી વિસ્તર્યું. મે અધ્યક્ષ તરીકે મારા ઉપાધ્યક્ષ તેમજ મહામંત્રીને સાથે રાખી રાષ્ટ્રીય કક્ષાએ ત્રણસો કરતા પણ વધારે પર્યાવરણ પ્રીય સભ્યોને પર્યાવરણ સમિતિમાં સામેલ કર્યા લોહાણા સમાજ તેમજ આમ જનતામાં પ્રકૃતિ જતન અને લોકજાગૃતિનું મહાઅભિયાન સમાજના શ્રેષ્ઠીઓ અને વિવિધ સંસ્થાઓ સાથે સંકલન કરી શરૂ કર્યું.



- સૌથી પહેલા “વૃક્ષો વાવો ધરતી બચાવો”ના મહાઅભિયાન સાથે અમારી સમિતિએ જ્ઞાતિમાં કે સમાજમાં કોઈ નાના-મોટા કાર્યક્રમો થાય ત્યારે તે સમારોહની શરૂઆત વૃક્ષારોપણથી થાય તેવી મુહિમ ચલાવી. લોકો પોતાના જન્મદિવસે, પરિવારની કોઈ સારા પ્રસંગે પણ વૃક્ષો વાવી પ્રકૃતિ જતનમાં સહયોગ આપતા થયા. અમારા આ અભિયાનના ભાગરૂપ રાષ્ટ્રીય કક્ષાએ ૫૦૦ જેટલા વૃક્ષારોપણ શ્રી પ્રવિણભાઈના કાર્યકાળમાં થયા છે તેમા લગભગ ૨૫૦૦૦ જેટલા વૃક્ષો અમોએ રોપ્યા છે તેનું અમે ગૌરવ અનુભવીએ છીએ.
- લોકોમાં વીજ વપરાશ અંગે જાગૃતિ આવે તે માટે “અર્થ અવર”ની ઉજવણી, પ્રકૃતિ સાથેનું માનવ જીવનના જોડણને ઉજાગર કરવા યોજાયેલ “વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી સ્પર્ધા”, પર્યાવરણ અને પ્રકૃતિ ચિત્ર સ્પર્ધા ખૂબ સરસ પ્રતિસાદ પ્રાપ્ત થયો.









- વિશ્વમાં ઉદભવી રહેલા જળ સંકટ અંગે લોકોને અવગત કરી જળ એ જ જીવન છે એ હેતુ સાથે ‘‘પાણી બચાવો જીવન બચાવો’’ અભિયાનને લઈને રાષ્ટ્રીય કક્ષાની નિબંધ સ્પર્ધા સફળતા પૂર્વક યોજાઈ.
- પ્રકૃતિ સાથે પક્ષીઓનો સીધો સંબંધ છે. સમિતિ દ્વારા ચકલીઓના માળા તથા પક્ષીઓ માટે પાણીના કુંડાના વિતરણનું ‘‘જીવદયા અનુકંપા’’ અભિયાન નિરંતર ચાલે છે
- આપણા ધાર્મિક તહેવારોને પણ પ્રકૃતિ સાથે જોડવાનું ઉમદા કાર્ય સમિતિ દ્વારા થાય છે, જે અંતર્ગત ગણેશ ઉત્સવમાં બાપાની ‘‘ઈકો ફ્રેન્ડલી’’ મૂર્તિ ભક્તો દ્વારા લેવામાં આવે તેના માટે લોક જાગૃતિ અભિયાન ચાલે છે.
- હોળીના તહેવારમાં પાણીનો બગાડ અટકે તે માટે તિલક હોળીની શુભ શરૂઆત કરી સમગ્ર માનવજાતીને નવી રાહ ચીંધવાનો પ્રયત્ન કર્યો.
- તુલસીનું આપણા સનાતન ધર્મમાં વિશેષ મહત્વ છે અમારી સમિતિ દ્વારા મોટામોટા કાર્યક્રમોમાં, લગ્ન સમારંભોમાં ફુલના હારને બદલે તુલસીના રોપા આપી સ્વાગત કરવાનું શરૂ કરાવી ધાર્મિક તેમજ વૈજ્ઞાનિક રીતે ખૂબ જ ઉપયોગી તુલસીના રોપા દ્વારા જનકલ્યાણનો નવીનતમ અભિગમ શરૂ કર્યો.
- **“say no to plastic ”** અભિયાન અંતર્ગત પર્યાવરણ સમિતિ અધ્યક્ષ શ્રી કિરીટભાઈ દ્વારા પાંચ હજાર કરતા પણ વધુ કાપડની બેગનું વિતરણ કરી જુદા જુદા સમારંભોમાં લોકોને પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ કરવા જાગૃતિ ફેલાવવામાં આવે છે.
- મનુષ્ય ઈકોસિસ્ટમનો એક ભાગ છે. જમીન પર અથવા પામીમાં રહેલી બધી જીવંત સજીવોના અસ્તિત્વ માટે જીવસૃષ્ટિની વિવિધતા મહત્વપૂર્ણ છે. આપણે એ સમજવાની જરૂર છે કે જ્યારે કોરાકની સાંકળ અને પ્રજાતિઓની રેન્કિંગ હોઈ શકે છે, ત્યારે દરેક જીવંત પ્રજાતી બીજી જીવંત વસ્તુ સાથે જોડાયેલ હોય છે, અને તે મલીને આ પૃથ્વી ગ્રહ પર વૈવિધ્યસભર જીવન સ્વરૂપોનું નેટવર્ક બનાવે છે. આ થીમને લઈને ગત ૫ જૂન, ૨૦૨૦ થી આપણે પણ વિશ્વની સાથે સેલિબ્રેટ બાયોડાયવર્સિટીને લઈને પૃથ્વી પરના તમામ સજીવોને રીસ્પેક્ટ આપી ‘‘**Live and Let live**’’ (જીવો અને જીવવા દો)નું અભિયાન શરૂ કર્યું છે.

આમ, પર્યાવરણ સમિતિ દ્વાર પ્રાચિન ઋષિ પરંપરા જાળવણી થાય અને એ દ્વારા સમગ્ર દેશ અને વિશ્વનું કલ્યાણ થાય તેવા ભાવ સાથે અમારી સમિતિ વિવિધ પ્રકલ્પો દ્વારા લોકોમાં પર્યાવરણ જગૃતિ અને જાળવણીની પ્રવૃતિ કરે છે.

**શ્રી કિરીટભાઈ ભીમાણી, અમદાવાદ**
**રાષ્ટ્રીય અધ્યક્ષ - પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ**

# રમતગમત સમિતિ



વર્ષ ૨૦૧૫-૨૦૨૦ ના વર્ષ માટે આપણાં લાડીલા પ્રમુખ શ્રી પ્રવીણભાઈ કોટક ની મહાપરિષદ ના પ્રમુખ તરીકે ઉલ્લાસભેર વરણી થઈ. શ્રી પ્રવીણભાઈ કોટકે ૨૦૧૦-૨૦૧૫ ની મારી કામગીરી જોઈને ફરીથી મને શ્રી લોહાણા મહાપરિષદની રમતગમત સમિતીના અધ્યક્ષ તરીકે ૨૦૧૫-૨૦૨૦ માટે નિમણુંક આપી.

માતૃસંસ્થાના પૂર્વજોએ આપણી જ્ઞાતિના યુવાનો માટે અનેક સમિતિઓ ની રચના કરેલી જેમાં રમતગમત સમિતિ દ્વારા આપણી જ્ઞાતિના બાળકો-યુવાનો આગળ આવે તેવું તેમનું વિઝન હતું. ખરેખર આપણાં પૂર્વજોનું આ વિઝન વંદનીય છે.

૨૦૧૫ થી ૨૦૨૦ દરમિયાન માતૃસંસ્થાના ભારતના સાતેય વિભાગોમાં ઉપાધ્યક્ષો અને અન્ય હોદ્દેદારોની નિમણુંક કરી, કુલ ૩૧ હોદ્દેદારો રાષ્ટ્રીય કક્ષાએ કાર્યરત છે તેમજ સૌરાષ્ટ્ર-કચ્છ-ગુજરાતમાં જે મોટા વિભાગો છે તેમાં જીલ્લા ઉપાધ્યક્ષોની તેમજ અન્ય હોદ્દેદારોની નિમણુંક આપી જેથી રમતગમત સમિતિ જીલ્લા/તાલુકા લેવલે સ્થાનિક મહાજન/મંડળો સાથે રહીને પ્રવૃતિઓ કરી શકે અને માતૃસંસ્થાનો વ્યાપ વધી શકે.

૨૦૧૫ થી ૨૦૨૦ માતુશ્રી પાર્વતીબેન નરસીદાસ કાથરાણી પરિવાર દ્વારા આયોજીત આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ટુર્નામેન્ટ ટોટલ ૪ રમાઈ જેમાં આંતરરાષ્ટ્રીય કક્ષા ના બારામતી સ્ટેડિયમ ખાતે ઓડીશા ભુવનેશ્વર કટક ખાતે સ્થાનિક મહાજન ના સહયોગ થી ટુર્નામેન્ટ યોજાઈ. ત્યારબાદ પ્રમુખ શ્રી પ્રવીણભાઈ કોટક ના ઘનિષ્ટ પ્રયાસોથી વિદેશની ઓમાન ની ટીમો પણ જોડાઈ જેથી આ પહેલી એવી સમિતિ બની કે જે આંતરરાષ્ટ્રીય સમિતિ બની અને વિદેશ વિભાગના ઉપાધ્યક્ષ તેમજ અન્ય હોદ્દેદારો ની નિમણુંક થઈ. આ ઉપરાંત ૨૦૧૫-૨૦૨૦ દરમિયાન રમતગમત સમિતિ એ પોતાની સમિતીના કાર્યક્રમોના બે બે સોવેનીયારો બહાર પાડીને પહેલી એવી આંતરરાષ્ટ્રીય સમિતિ બની કે જેને પોતાના દળદાર સોવેનીયરો બહાર પાડ્યા.

બીજી ટુર્નામેન્ટ સૌરાષ્ટ્ર વિભાગમાં રાજકોટ લોહાણા મહાજન અંતર્ગત ડે એન્ડ નાઈટ રમાઈ. ત્યારબાદ ચોથી ટુર્નામેન્ટ સૌરાષ્ટ્રના ગાંધી જન્મભૂમી પોરબંદર ખાતે રમાઈ. ચોથી ટુર્નામેન્ટ નવી મુંબઈ ખાતે નવી મુંબઈ લોહાણા સમાજ ના સહયોગ થી સંપન્ન












થઈ. આ ટુર્નામેન્ટ ના મુખ્ય સ્પોન્સર શ્રી હેમંતભાઈ કાથરાણી તથા અન્ય સ્પોન્સરશ્રીઓ નો સહયોગ મળ્યો.

રમતગમત સમિતિની ૨૦૧૫-૨૦૨૦ દરમિયાન બે રાષ્ટ્રીય સ્તરની મીટીંગ માતૃસંસ્થાના પ્રમુખ શ્રી પ્રવીણભાઈ કોટક તથા અન્ય હોદેદારોના સાન્નિધ્યમાં યોજાઈ જેમાં પરિષદના વરિષ્ઠ હોદેદારોએ માર્ગદર્શન પૂરું પાડ્યું.

દરેક વિભાગોના ઉપાધ્યક્ષો ના માર્ગદર્શન હેઠળ વિભાગવાઈઝ સિલેક્શન, ટુર્નામેન્ટો તેમજ ચેસ, કેરમ, ટેબલ ટેનીસ, તેમજ ઈન્ડોર આઉટડોર ટુર્નામેન્ટો યોજાઈ જેમાં જ્ઞાતિજનો એ બહોળી સંખ્યામાં હાજરી આપી અને એકતાના દર્શન કરાવ્યા.

**શ્રી પિયુષભાઇ મજીઠીયા, પોરબંદર**
**રાષ્ટ્રીય અધ્યક્ષ - રમતગમત સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ**

**શ્રી પ્રકાશભાઈ ઠકરાર, ગોંડલ**
**મંત્રી - રમતગમત સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ**






# પ્રોફેશનલ સમિતિ



Professional Committee headed by 'Shilpang V. Karia' has carried out majorly following activity during tenure of 5 years:

- Connecting Businesses & Professionals through various seminars as follows:
  - Each year Seminar on Union Budget at Ahmedabad
  - Seminar on Union Budget in 2020 at Porbandar.
  - Personality Development Seminar along with Business Development Committee in 2017 at Ahmedabad.
  - Seminar of GST at the time of Implementation of GST in India at: Ahmedabad, Rajkot, Deesa, Porbandar, Chennai.
- One of the landmark project to connect community through the platform of IT: 'LOHANA CONNECT' Conceptualized, Designed & Developed by professional committee chairman 'Shilpang Karia' was launched as first phase of 'Business & Profession' at 'Dubai', which itself is known as place for connecting worldglobally.
- Initiated for 'Lohana Connect' Registration drive at various Meeting of Shree Lohana Mahaparishad,Shree GhoghariLohana Mahajan-Mumbai, Shree Dakshin Bharat Lohana Samaj, Chennai, Hyderabad.

**Concept Note:**

1. To make "LOHANA CONNECT" as gateway for all type of major activities of LMP & to serve the various need of community people across the globe through single digital platform.
2. There are majorly 6 portal planned for development of 'Lohana Connect', to connect community for various activities required by community globally.

- Business & Profession (Already live)
- Family Information – Community Census along with unique identity card for community (Ready for launch)

Planned Developments:

- Matrimonial
- Education
- Medical
- Job Portal

3. Help Lohana Mahajan / organization across the globe to use this mobile application for various activities they carry out for community people situated in their respective mahajan area / city.They will have community data mahajan wise and across the globe also within samemobile application.
4. Matrimonial is need of hour and for which community needs to be connected across theglobe on single platform









which will help to select appropriate partner by using searchfacility.

5. Education & Medical activities being carried out by LMP will be supported by the IT system in themanner that human efforts for the verification of forms will be greatly reduced and larger number of needy community peoples will get the benefits.

6. Job Portal:Our community mainly being in business and profession requires trusted and capable man power; also youth of the community requires right opportunity to connect with the good employer.

7. We need one mobile application which serve as a gateway for the community peopleto make connection with community people / mahajan / community organizationcarrying noble activities &shreelohanamahaparishad. All needs to be connected.

8. Community people will not install various mobile apps for various activities / variousneeds; they will install only one app as a gateway for all activities / all needs.

9. Mahajan will also prefer this common gateway mobile application where they can havedatabase of their own mahajan database of community as a global, rather than makingseparate app and separate expenditures.

10. Even historically in IT field, it is proved that common gateway application for all need is a successful rather than separate mobile application for each activity / each area.

11. It may happen that all community people may not be in need of all portals activities, so if separate app made large community people can't be gathered on single platform.All activities / features on same platform will help to pull large community people on a single platform

**- Shree Shilpangbhai Kariya**
**Chairman - Professional Committee, Shree Lohana Mahaparishad**

LOHANA CONNECT
Connecting Community Globally
Shree Lohana Mahaparishad
Professional Committee Initiative

**Kindly register to *"LOHANA CONNECT"* Mobile Application**
Link for iOSUsers :https://apps.apple.com/in/app/lohana-connect/id1469091743?ls=1

Link for Android Users
:https://play.google.com/store/apps/details?id=com.lohanaconnect

# લગ્ન વિષયક સમિતિ







સુજ્ઞ જ્ઞાતિ બંધુઓ,

સર્વ પ્રથમ, શ્રી લોહાણા મહાપરિષદ ના ઈતિહાસમાં પહેલી વખત લગ્નવિષયક સમિતિ ની રચના કરવા બદલ આપણા લાડીલા પ્રમુખ શ્રી પ્રવીણભાઈ કોટક ને અભિનંદન, તેમજ આ મહત્વની કાર્યવાહી અમારી ટિમ ને સોંપવા બદલ અમો સહુ હૃદયપૂર્વક થી મહાપરિષદ તેમજ પ્રમુખસાહેબના આભારી છીએ, જીવન ના અન્ય સંસ્કારો માં પરિણય સંસ્કાર એક ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે, રઘુવંશી પરિવાર જે આજે વિશ્વભરમાં વિસ્તૃત છે તેઓને પોતાનાજ સમાજ માંથી મનગમતું પાત્ર શોધવું એ એક જટિલ અને કપરી સમસ્યા છે. અમારી સમિતિ નું એક માત્ર લક્ષ્ય રહેલ છે કે આ સમસ્યા માંથી જટિલતાની બાદબાકી તેમજ સરળતા નો સરવાળો કેમ થાય. આપણી જ્ઞાતિ માં પરિણય પસંદગી રૂપી યજ્ઞ ની ધૂણી ધખાવીને અનેક જ્ઞાતિબંધુઓ નિસ્વાર્થભાવે વિશેષ સેવા આપી રહેલ છે, તેઓનું કાર્ય સરળ કરવા સાથે તેઓને એક તાંતડે બાંધી અને આ કાર્યની ઉપયોગીતા માં વધુ માં વધુ વધારો થાય તેવો પ્રયાસ નિરંતર કરવામાં આવેલ, નાના નાના સ્થળોએ તેઓને સહકાર, માર્ગદર્શન તેમજ, આધુનિક ટેકનોલોજી નો ઉત્કૃષ્ટ ઉપયોગ કરવા માટે સલાહ-સૂચન આપવા સદા તત્પર રહેલ. અમદાવાદ તેમજ મુંબઈ મધ્યે સફળતાપૂર્વક ગ્લોબલ યુવા સંમેલન યોજવામાં આવેલ, તેમજ સૌરાષ્ટ્રમાં વસતા આપણા જ્ઞાતિબંધુના લાભાર્થે પૂજ્ય જલારામબાપા ના આશ્રયે ચોટીલા મધ્યે પરિચય પસંદગી નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવેલ. મહાપરિષદ દ્વારા આયોજેલ દરેક કાર્યક્રમ દાખલારૂપી તેમજ પૂર્ણ રીતે સફળ નીવડેલ. ત્યાર બાદ ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૦ માં દુબઈ મધ્યે, વિશ્વભરમાં ફેલાયેલ આપણી જ્ઞાતિના લાભાર્થે એક ગ્લોબલ મેટ્રીમોની નું આયોજન સંજોગવસાત, સારા પ્રતિસાદ હોવા છતાં મુલતવી કરવું પડેલ. નજદીકના ભવિષ્યમાં કોરોના મહામારી ને લીધે એક ×ઓનલાઈન ગ્લોબલ પરિચય પસંદગી કાર્યક્રમ× યોજવાનું નક્કી કરવામાં આવેલ છે. આપ સહુની સુખાકારી ની પ્રાર્થના સાથે...



**શ્રી હસમુખભાઈ દાવડા, સિંકદરાબાદ**
**રાષ્ટ્રીય અધ્યક્ષ - લગ્ન વિષયક સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ**



# સામાજિક સુરક્ષા સમિતિ



આત્મિય જ્ઞાતીજનો,

સામાજિક સુરક્ષા અહેવાલ આપ સૌ સમક્ષ રજુ કરતાં અત્યંત હર્ષ અને ગૌરવની લાગણી અનુભવું છું. મારા ગમતા વિષયમાં મારી રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તરીકે નિમણૂંક સુરત મીટીંગમાં થઇ.

દેશના અલગ-અલગ વિસ્તાર અને વિભાગમાંથી આ વિષયમાં રસ ધરાવતાં જ્ઞાતીના સેવાભાવી ૩૧ ભાઈઓ બહેનોનો સંપર્ક કરી એક વોટ્સઅપ ગ્રૂપ બનાવવામાં આવ્યું.

વિચારોનું આદાન પ્રદાન થયું. અમદાવાદ-જામનગર-નાસિકની મીટિંગમાં આ સમિતિ અંતર્ગત આવતાં કાર્યોની છણાવટ પૂર્વક ચર્ચા-વિચારણા અને વિચારવિમર્શ થયા.

મુંબઇની મીટિંગમાં મારી નિમણૂંક ઉપાધ્યક્ષના સ્થાને રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે કરી પ્રમુખશ્રીએ કાર્ય કરવાની ઉમદા તક આપી.

સામાજિક સુરક્ષાની વાત કરવી હોય તો સૌપ્રથમ વ્યક્તિગત સુરક્ષાની વાત વિચારવી રહી

માનવીય પ્રગતિના પગથીયા રોટી-કપડા મકાન-સુરક્ષા સામાજિક પ્રતિષ્ઠા આધ્યાત્મિક વિકાસ હોઇ શકે.

જ્યાં સુધી વ્યક્તિને રોટી મેળવવાની તકલીફ હશે ત્યાં સુધી મેલાઘેલા કપડા પહેરી ચલાવી લેશે આપણી આંખ સામે આવા ભીખારીઓ ઘણા જોવા મળે છે. માણસની રોટીની જરૂરીયાત પૂર્ણ થયે વ્યવસ્થિત અને સુઘડ કપડાં પહેરવાનું શરૂ કરશે. રોટી કપડાં પછી ત્રીજી જરૂરીયાત મકાનની છે.

આ ત્રણ જરૂરીયાત પૂર્ણ થયે સુરક્ષા આવે છે જેને માણસ પોતાની આવક અને સંપત્તિને સુરક્ષિત રાખવાના પ્રયત્ન કરે છે. પોતાની સ્થાવર જંગમ મિલ્કત સ્કુટર, ગાડી વગેરેના વીમા ઉતરાવે છે.

સામાજિક ક્ષેત્ર ત્રણ સ્તરે સુરક્ષા મેળવવી જરૂરી છે.

### તનની સુરક્ષા

માણસ શારિરીક રીતે સુરક્ષિત હોવો જરૂરી છે તે જ રીતે સમાજ પણ સંગઠીત અને સુરક્ષિત હોવો જોઇએ. એકતા અન્ય સમાજ સામે આપણા સમાજને સુરક્ષિત રાખી શકે છે.

વ્યાયામ-કસરત કુશ્તી-કરાટે જેવા અનેક વિધ કાર્યક્રમો માજન લેવલે થઇ શકે જે કોઇ મહાજન આવા કાર્યક્રમો કરવા ઇચ્છશે તેઓને આ સમિતિ મદદરૂપ થશે અને આયોજન કરાવી આપશે.

### મનની સુરક્ષા

પ્રાર્થના -પ્રણાયમ-ધ્યાન વ્યક્તિના મનને મજબુત કરે છે. સ્વસ્થ રાખે છે. આ કોઇપણ કાર્યમાં આ સમિતિ મહજનને મદદરૂપ થશે.


### ધનની સુરક્ષા

સરકારશ્રીની ઘણી બધી યોજનાઓ છે જેનો મહાજન લેવલે ખ્યાલ આપી આપણા સમાજને વધુને વધુ લાભ અપાવવામાં આ સમિતિ મદદરૂપ થશે. વડાપ્રધાનશ્રીની જીવન વીમા પોલીસી રૂા. ૩૩૦/- અને અકસ્માત વીમા પોલીસીના રૂા. ૧૨/-માં દરેક બેંકો મારફતે મેળવી શકાય છે સમાજના જરૂરીયાત મંદ વ્યક્તિઓના આવા વીમા પ્રિમિયમ જે મહાજન ભરશે તેઓને ૫૦ ટકા રકમ મહાપરિષદ તરફથી આપવામાં આવશે. તો દરેક મહાજનને આ બાબતે કાર્ય કરવા નમ્ર વિનંતી છે.

આ સિવાય ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ પણ જરૂરીયાતમંદ પરિવારોને લાભ અપાવી શકાય.

**શ્રી નટુભાઈ જી. આચાર્ય, ડીસા**
**રાષ્ટ્રીય અધ્યક્ષ - સામાજીક સુરક્ષા સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ**

# થેલેસિમીયા સમિતિ



આપણી લોહાણા જ્ઞાતિમાં થેલેસિમીયા રોગનું પ્રમાણ વધુ જોવા મળે છે જેનો આપણે ઈતિહાસ જાણીએ છીએ. આ એક વારસાગત રોગ છે. થેલેસિમીયાની જાણકારી વ્યક્તિના લોહીના પરીક્ષણથી ખ્યાલ આવે છે. થેલેસિમીયા માયનોર અને મેજર હોય છે. થેલેસિમીયા માયનોર કોઈ રોગ નથી પરંતુ લોહીની ખાસ પ્રકારની ઉણપને કારણે હોય છે પરંતુ બને એટલે કે પુરુષ અને સ્ત્રી જો થેલેસિમીયા માઈનોર હોય અને લગ્ન કરે તો તેમના સંતાનોમાં થેલેસિમીયા મેજર રોગ થવાની સંભાવના વધી જાય છે. જન્મ લેતા બાળક થોડા સમય પછી લોહી શરીરમાં બનતું નથી તેથી બહાર થી લોહી આપવું પડે છે અને તેને ચડાવવું પડે છે. ગુજરાતમાં આજે ૮૦૦૦ થી વધુ બાળકો થેલેસિમીયા મેજર રોગથી પીડાઈ રાહ્યા છે. આપણી જ્ઞાતિમાં આનું પ્રમાણ વધારે છે. આથી આપણી જ્ઞાતિના શ્રેષ્ઠી શરૂઆતમાં જાગૃત ન હતા પરંતુ હવે જાગૃત થયા છે. તેમાં શ્રી લોહાણા મહાપરિષદના છેલ્લા પંદર વર્ષ થી સ્વ. શ્રી જયંતિભાઈ કૂંડલીયા, શ્રી યોગેશભાઈ લાખાણી આ અંગે પગલાં લેવાની શરૂઆત વ્યાપક પ્રમાણમાં કરી. તેઓએ આભાર મને સોપ્યો, સમગ્ર ગુજરાતમાં છેલ્લા ૩૫ વર્ષ આ કાર્ય હું કરતો હતો મને ખૂબ પ્રોત્સાહન મલ્યું અને શ્રી લોગાણા મહાપરિષદમાં આના માટેના ખાસ થેલેસિમિયા સમિતિ બનાવી તેના અધ્યક્ષ તરીકે જવાબદારી મારા ઉપર આવી, સમિતિમાં વિવિધ પ્રદેશોમાં સભ્યોને નિમણૂંક આપી સર્વે કાર્ય શરૂ કર્યું. પરંતુ તા. ૪ જુલાઈ ૨૦૧૫ના રોજ શ્રી યોગેશભાઈ લાખાણીના અનુગામ ને આપણા ૧૩ પ્રમુખ તરીકે શ્રી પ્રવિણભાઈ કોટક જાહેર થયા. અમદાવાદ કાર્યક્રમ હોવા છતા તેમના સ્વભાવ તેમજ સમાજ સેવાના કારણે તેઓ મજબુત સંગઠન બનાવવાના સંકલ્પ સાથે ઘણી બધી સ્થાયી સમિતિઓ બનાવી. વારંવાર મુલ્યાંકન કરી સ્થાપનાભક સૂચનો સાથે જ્ઞાતિના વિવિધ કાર્યક્રમો થવા લાગ્યા એમા થેલેસિમીયાને જ્ઞાતિમાં નાબૂદ કરવાનું બીડુ જોડાયુ. જ્ઞાતિના દરેક યુવક યુવતિના સગાઈ પહેલા અગાઉ જે યોજના હતી તેમાં મોરપીંછ ઉમેર્યુ અને જાહેર કર્યુ છે યુવક-યુવતિના થેલેસિમીયા પરીક્ષણનાં ખર્ચો શ્રી લોહાણા મહાપરિષદ પરીક્ષણ દિઠ રૂા. ૨૦૦/- બસો ભોગવશે આને કારણે સમિતિના દરેક સભ્યોને જ્ઞાતિ માટે કઈક કરી છુટવાની ભાવનાને વેગ મળ્યો, શ્રી પ્રવિણભાઈ કોટક તથા સમગ્ર ટીમે અમોને ખૂબજ મદદ કરી.

હવે જ્ઞાતિના સમુહ લગ્નો હોય, પસંદગી મેળા હોય, કોઈપણ કાર્યક્રમ હોય, વિવિધ સંસ્થાઓ જાગૃત થઈ સમય અનુસાર થેલેસિમિયા ટેસ્ટ કરવા સૌને હાકલ કરવામાં આવી. ગામે ગામથી લોહાણા મહાજન વાડી લગ્ન માટે જોઈતી હોયતો થેલેસિમિયા પરીક્ષણ લગ્ન કરનાર યુવક-યુવતિના હોવા જોઈએ, તેમજ દરેક પસંદગી મેળા આયોજકો લગ્ન માટે કાર્ય કરતી વ્યક્તિઓ આ માટે સહકાર માગવામાં આવ્યો, કે બાયોડેટામાં થેલિસિમીયાના પરિક્ષણથી માહિતી આપવી પછી જ ફોર્મ સ્વીકાર્ય બને. આ માટે શ્રી પ્રવિણભાઈ કોટકે અમોને ખૂબ સહકાર આપ્યો, આવા પ્રોગ્રામો કરી સમાજમાં જાગૃતિ લાવી આપણી જ્ઞાતિ માટે આ કલંકને નાબૂદ કર્યું.

છેલ્લા પાંચ વર્ષમાં લગભગ ૧૫૦૦૦ થી વધુ પરીક્ષણ થયા રૂા. ૨૦૦ (બસો) લેખેનો વાત કરી એતો શ્રી લોહાણા મહાપરિષદને ૩૦ લાખ થી વધુ ખર્ચ આ માટે કર્યુ. બહુ મોટી વાત છે. શ્રી પ્રવિણભાઈ કહેતા કે આ માટે જેટલો ખર્ચ થશે શ્રી લોહાણા મહાપરિષદ આ માટે તૈયાર છે. આ માટે વિવિધ શહેરો માટેની બ્લડ બેંક તેમજ ખાસ કરીને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીનો ફાળો મુલ્યવાન છે જ્યારે ફોન કરીએ તેની ટીમ કોઈ પણ ગામમાં જઈ થેલેસિમીયાના પરીક્ષણનું કાર્ય કરી સાથે એની સેવાને સલામ.

શ્રી પ્રવિણભાઈ કોટના સબળ નેતૃત્વ હેઠળ અને ગવર્નર શ્રી યોગેશભાઈ લાખાણીના આપણી જ્ઞાતિએ અનેક કાર્ય માટે ગુજરાતના મહામહિમ રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી હસ્તે સન્માન કરવામાં આવેલ છે. તા. ૮-૧૧-૨૦૧૬નો રાજ રાજભવન ખાતે ગવર્નરશ્રી શ્રી ઓ.પી. કોહલી સાહેબશ્રીના વરદ હસ્તે શ્રી લોહાણા મહાપરિષદને થેલેસિમીયા નાબૂદી માટે શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ વિશિષ્ઠ એવોર્ડથી નવાજવામાં આવ્યા. આ સમયે સમિતિના ઉપાધ્યક્ષ શ્રી ભરતભાઈ ઉનડકટ રાષ્ટ્રીય મંત્રીશ્રી અલ્પેશભાઈ જોબનપુત્રા  સહમંત્રી શ્રી મુકેશભાઈ ગોવાણી તથા શ્રી લોહાણા મહાપરિષદના સંયુક્ત મંત્રીઓ શ્રી રધુવીરભાઈ ગાઢીયા તેમજ શ્રી મિતલભાઈ ખેતાણી ઉપસ્થિત



રહ્યા હતા. આપણા સમાજમાં થેલેસિમીયા પ્રત્યે જે જાગૃતિ આવી છે તેને કારણે સમાજમાં છેલ્લા બે વર્ષમાં આપણી જ્ઞાતીમાં થેલેસિમીયા મેજર બાળકનો જન્મ થયો નથી. શ્રી લોહાણા મહાપરીષદમાં સ્થાયી સમિતિ જે થેલેસિમીયા માટે કાર્ય કરી હતી તેનું મુખ્ય પીઠબળ શ્રી પ્રવિણભાઈ કોટકનું હતું તેમજ સમિતિના દરેક સભાસદો ગામે ગામ જે સંસ્થાઓ તેમજ મહાજનશ્રીઓ આ અંગે આ પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરી સહકાર સહયોગ આપ્યો છે અને આ માટે મદદ કરતા સર્વે વ્યક્તિઓનો સમિતિ વતિ આભારની લાગણી વ્યક્ત કરૂ છુ.

**શ્રી ડો. રમેશચંદ્ર જે. ભાયાણી, રાજકોટ**
**રાષ્ટ્રીય અધ્યક્ષ - થેલેસિમિયા સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ**

## કેળવણી સમિતિ



કેળવણી એટલે જે કેળવે તે આજના આ વૈશ્વિકરણ અને ભૌતિગવાદના યુગમાં જેમ ભણતરની સાથે ગણતરની જરૂરત હોય છે, તેવી જ રીતે અત્યારે શિક્ષણની સાથે સાથે કેળવણીની પણ એટલી જ જરૂરત છે, કદાચ એથી પણ વધુ કોઈ પણ વ્યક્તિ ગમે તેટલી ધનવાન હોય, કૌશલ્યવાન હોય પરંતુ જો ગુણવાન ન હોય તો એ વ્યક્તિ સર્વ સ્વીકાર્ય બનતી નથી. કેળવણી વ્યક્તિને શીલવાન, સુસંસ્કૃત, સંસ્કારી અને સદ્‌ગુણી બનાવે છે. આવી વ્યક્તિ સમાજમાં સર્વસ્વીકાર્ય, સફળ અને પ્રીતીપાત્ર હોય છે. માતૃસંસ્થાના દિર્ઘ દષ્ટા પ્રમુખ સેવક શ્રી પ્રવિણભાઈ કોટકે કેળવણી સમિતિના રાષ્ટ્રિય અધ્યક્ષ તરીકે મને જવાબદારી સોપી બદલ હું માતૃસંસ્થા અને શ્રી પ્રવિણભાઈ કોટક પરત્વે આભારની લાગણી વ્યક્ત કરૂ છું.

શ્રી પ્રવિણભાઈના કાર્યકાળ દરમિયાન અમારી સમિતિ દ્વારા વિવિધ સ્થળોએ કેળવણી વિષયક સમારોહ દેશભરના સમિતિના હોદ્દેદારો દ્વારા થયા. મહાપરિષદના સાતેય વિભાગોમાં જ્યારે પણ જ્ઞાતિ વિકાસ લક્ષી, કાર્યક્રમો યોજાયા ત્યારે અમારી સમિતિના એ વિભાગના હોદ્દેદારોએ સાથે રહી કેળવણી વિષયક પ્રવૃત્તિને પીઠબળ પૂરૂ પાડ્યું. શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ રાધનપુર સંચાલિત કોલેજીસના વિદ્યાર્થીઓ માટે પર્યાવરણ સમિતિ અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણીની સાથે પર્યાવરણ અને કેળવણી સમિાતિના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ તેમજ પર્યાવરણ જાગૃતિ અને જાળવણી પરિસંવાદ દ્વારા યુવક યુવતિઓમાં પ્રકૃતિ પાણી અન્ન બચાવો અંગે સુંદર કેળવણી આપવાનો સમારોહ ટ્રસ્ટના પ્રમુખ શ્રી મહેશભાઈ મુલાણી, વિવિધ સંસ્થાના આચાર્યશ્રીઓ અધ્યાપક ગણ અને ૫૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં યોજાયો.

આ જ પ્રમાણે કેળવણી સમિતિના ઉપાધ્યક્ષ શ્રી ચન્દ્રકાન્ત તન્નાના આમંત્રણ અને આયોજનથી તેમજ પર્યાવરણ સમિતિના સહયોગથી પેટલાદની કોમર્સ કોલેજની અને એન.એસ.એસ.ના ૩૦૦ સેવાર્થી વિદ્યાર્થીઓને શિસ્ત, સંસ્કાર, રાષ્ટ્ર સેવા પર્યાવરણ જાળવણી, પ્રકૃતિપ્રેમ જેવા મુલ્યનિષ્ઠ ગુણો વિકસાવતો એક સુંદર પરિસંવાદ શ્રી કિરીટભાઈ ભિમાણીના મુખ્ય વક્તા તરીકે સફળતાપૂર્વક યોજાયો હતો. આ સમારોહના અંતે કોલેજના આચાર્ય ડૉ. રાજેશ મોદી, એનએસએસ પ્રોગ્રામ કોઓર્ડિનેટર પ્રો. જે એમ. પટેલ, શ્રી કિરીટ ભીમાણી, શ્રી ચંદ્રકાન્ત તન્ના અધ્યાપક ગણ અને વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કરી દરેક વૃક્ષનું જતન કરવાના વિદ્યાર્થીઓએ સપથ લીધા હતા.

કેળવણી સમિતિ દ્વારા આવા અનેક કેળવણી વિષયક સમારોહ સમયાંતરે થતા રહેતા હતા. માતૃસંસ્થા મહાપરિષદના લોકપ્રીય પ્રમુખ શ્રી પ્રવિણ કોટક દ્વારા રઘુવંશી સમાજને અનેક પ્રકલ્પો દ્વારા ઘણુ બધુ અર્પણ થયું છે તે ખરેખર પ્રસંશીનય અને ઉદાહરણીય બની રહે તેવી શુભેચ્છા સહ.

**શ્રી મહેશભાઈ મુલાણી, રાધનપુર**
**રાષ્ટ્રીય અધ્યક્ષ, કેળવણી સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ**

# બિઝનેશ ડેવલોપમેન્ટ સમિતિ

## વ્યક્તિમત્વ વિકાસ, વ્યવસાયલક્ષી અભિગમ, સ્ત્રીશક્તિને ઉજાગર કરી આત્મનિર્ભર બનાવવી



શ્રી લોહાણા મહાપરિષદ પ્રમુખશ્રીએ સોંપેલી ઉપર મુજબની જવાબદારી ૫ વર્ષ સફળ રીતે સંભાળી વિવિધ ઉપક્રમો તથા સભા ચર્ચાસત્ર ગોઠવી જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરેલ છે. જેમાં પ્રમુખ શ્રી પ્રવીણભાઈ પોતે ૪ કાર્યક્રમોમાં હાજર રહીને સદર કમિટીને પ્રોત્સાહિત કરેલ છે. તે માટે અંતકરણપૂર્વક આભારી છું.

વિશેષ એટલે જે જે ગામોમાં કાર્યક્રમોમાં યોજ્યા ત્યાંના મહાજનના પદાધિકારીઓના સ્વાગત, ખુશીથી લેવાયેલી સહભાગ તથા વ્યવસ્થાકીય મદદ આંખને ઊડીને વળગે તેવી અપ્રતિમ રહી હતી. તેઓ સહુનો મનપૂર્વક આભાર.

સાહજીક જ શરૂઆત કરેલ નાસિકથી જેમાં શ્રીમતી  નીતા અરોરા, શ્રી ઉપેન્દ્ર દિનાણી તથા મારો સહભાગ હતો. શ્રી જયંતભાઈ ઘેલાણી મુખ્ય અતિથી હતા. લગભગ ૨૫૦ જ્ઞાતીજનોની હાજરી હતી.

માલેગાવનાં કિશોરભાઈના આતિથ્યમાં સુંદર કાર્યક્રમ થયો જેમાં સહભાગ નીતાબેન અરોરા, એમ.ડી. શુગરના અનિલ લોઢા તથા મારો હતો. ૬૦ જ્ઞાતીજનોની હાજરી હતી. મુખ્ય અતિથિ દત્તાણી ડ્રેસેસ હતા. ધુલિયામાં ૧૫૦ જ્ઞાતિજનોની હાજરીમાં સુંદર કાર્યક્રમ થયો જેમાં મુખ્ય વક્તા મારી સાથે રમેશભાઈ હતા. ઔરંગાબાદની ૪ સ્ટાર હોટેલમાં મહાજને સુંદર કાર્યક્રમનું આયોજન કરેલ જેમાં ૪૦ સભાસદો હાજર હતા. પુનામાં ખચાથચ ભરાયેલા ૫૦૦ની કેપેસીટીના હોલમાં શ્રી ધીરેન્દ્રભાઈ રાજાની સુંદર વ્યવસ્થામાં મહેમાન વક્તાઓએ મારી સાથે રહી ઉપસ્થિતિના હૃદય જીતીત લીધા હતા. કાર્યક્રમ માટે પ્રમુખ શ્રી પ્રવીણભાઈ જાતે હાજર રહી સંપૂર્ણ કાર્યક્રમને આશીર્વાદ અપેલ હતા.

પુનામાં ફરી બીજી વખત શ્રી ધીરેન્દ્રભાઈના આગ્રહે મોટી ઉપસ્થિતિમાં કાર્યક્રમ અયોજવામાં આવેલ. ન્યુ મુંબઈ, વાશી, કલ્યાણ, બદલાપુરમાં ૨૫૦ જ્ઞાતિજનની હાજરીમાં પૂર્ણ દિવસનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવેલ. નવી મુંબઈ મહાજનના વરિષ્ઠ કાર્યકર્તા તથા પદાધિકારી હાજર રહી અતિઉત્તમ વ્યવસ્થા સાથે કાર્યક્રમ પાર પડેલ. અમદાવાદમાં શિલ્પાંગભાઈના અધિપત્ય નીચે જી.આય.ડી.સી. આય.આય.ટી. હોલમાં પ્રમુખશ્રી પ્રવીણભાઈ કોટકની અધ્યક્ષતામાં તથા ગુજરાત રાજ્યના જી.એસ.ટી. કમિશનરની મુક્ય અતિથિરૂપે હાજરીમાં જી.એસ.ટી. ચર્ચાસત્ર બાદ વ્યક્તિત્વ વિકાસ તથા સ્વાવલંબી યુવાશક્તિનો ૨ કલાકનો અખંડિત કાર્યક્રમ યોજાયેલ. શ્રી શિલ્પાંગભાઈની અથાગ મહેનતથી લગભગ ૩૦૦ ઉપરાંત સી.એ. તથા જ્ઞાતિજનો હાજર રહ્યા હતા.

અથાગ પ્રયત્નો છતાં મુંબઈ તથા રાજકોટમાં કાર્યક્રમ યોજાઈ ન શકવાનું દુઃખ છે પરંતુ શ્રીમાન સતીષભાઈ વિઠલાણી તથા શ્રીમાન પિયુષભાઈ ગંઠાના માર્ગદર્શનમાં ૨૦૨૧માં ત્યાં પણ ડંકો વગાડશું. મારા મત મુજબ આપણી યુવાશક્તિ વ્યવસાયલક્ષી બનાવીને માત્ર નોકરીની પાછળ ન દોડાવતા ભવિષ્યના વ્યાપારી, ઉદ્યોજક, વ્યાવસાયિક બનાવવા તરફ આપણી મહાપરીષદે લીધેલ આ અભિગમ આપણી જ્ઞાતિને તથા દેશને તારશે તેમાં લેશમાત્ર શંકા નથી.

સ્ત્રી દાક્ષણ્યની મોટીમોટી વાતો કરવાથી આપણી બહનો, દિકરીઓ આગળ નહીં વધે અને સ્વાવલંબી સન્માનપૂર્વકનું જીવન નહીં માણી શકે. માટે ગૃહકાર્ય તથા કુટુંબની જવાબદારીઓ સંભળાય સાથે જ સ્વાવલંબી બનવા નાનામોટા ગૃહ ઉદ્યોગ ચલાવતા શીખવું જ પડશે અને તે માટે આ કમિટીનો ભગીરથ પ્રયત્નો છે. બાલપણમાં બાપના ધાકમાં - જુવાનીમાં પતિની મરજી ઉપર તથા વૃદ્ધાવસ્થામાં દિકરા-વહુની દયા ઉપર જીવનારી બિચારી ભારતીય ગુજરાતી નારીનું બીરુદ ફગાવી દઈ આફણી બહનો, દિકરીઓને પણ મીસેસ સત્યમુર્તી જેવા બનાવાનું આપણા પ્રમુખશ્રીનું સ્વપ્ર છે. તે પૂરું કરવાનો ભગીરથ પ્રયત્ન આ કમિટિએ કરવાનું બીડું ઝડપેલ છે.

અર્થાત્ યુવાશક્તિને ઉજાગર કરવા તથા સ્ત્રીઓને સ્વાવલંબી બનાવવા હેતુ તેમના વ્યક્તિમત્વનો વિકા, વિચારમંથન, કર્તુત્વવિકાસ થવો અત્યાવશ્યક હોઈ તેને માટે નિમ્નલિખિત ગુણો પ્રાપ્ત કરવા અથવા વિકસાવવા જરૂરી હોઈ તેના પરિપાઠ લેવામાં આવ્યા. ● પહેરાવ ● તૈયાર થવું ● બેસવું ઊઠવું ● ચાલવું ● સંભાષણ કલા ● કોમ્યુનિકેશન ● વક્તૃત્વ કલા ● નિર્ણયશક્તિ તથા પ્રક્રિયા ● સમયપાલન તથા સમયસૂચકતા ● સામાન્ય જ્ઞાન જેવી વિવિધ વિષયોની પોતાની આગવી શૈલી.

મેં પોતે તથા મારા સહકારીઓ ઘણી મહેનત લીધેલ તથા ઉપસ્થિત સભાસદો દરેક શહેરમાં પ્રભાવિત થયા તથા ઉપસ્થિત સભાસદો દરેક શહેમાં પ્રભાવિત થયા તથા જીવનમાં સફળતા મેળવવા ઉત્કૃષ્ટ વ્યક્તિત્વ, વિચાર, આચાર પ્રાપ્ત કરવા અઘરા છે પરંતુ અશક્ય નથી. કારણે અબ્રાહમ લિંકન, મહાત્મા ગાંધી તથ લાલ બહાદુર શાસ્ત્રી જન્મજાત નેતા હતા. જ્યારે સચિન તેંડુલકર, સ્ટેફીગ્રાફ, ઈન્દિરા ગાંધી માર્ગદર્શન તથા શિક્ષણથી અપ્રતિમ થયા તો આપણા જ્ઞતિ યુવકો તથા પહેનો, માતાઓ કેમ ન થાય!

આપણા સર્વે પદાધિકારીઓ, મહાજનો તથા ખાસ કરીને નાશિકના યુથકલબ તથા મહાજન સાથે જ મહિલા મંડળની બહેનોનો સાથ સહકાર અદ્વિતીય રહ્યો છે. જે હું સાભાર વર્ણવું છું.

**શ્રી દિગ્વિજયભાઈ કાપડીયા, નાસિક**

**રાષ્ટ્રીય અધ્યક્ષ - બિઝનેસ ડેવલોપમેન્ટ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ**

# સમાધાન સમિતિ



આદરણીય જ્ઞાતિ બંધુ વંદન, સફળતાનું રહસ્ય સમાધાન આ ઉક્તિ મારા મત પ્રમાણે એકદમ ઉચિત છે. જીવન ના હર કોઈ કાર્યમાં પછી તે બીઝનેસ હોઈ કે વહેવાર હોઈ જો તેમા સમાધાન (Compromise) ની વૃત્તિ અપનાવવામાં આવે તો તે કાયમ સફળ જ રહે છે. તેવું મારૂં માનવું છે અને હર કોઈ સમસ્યાનું નિવારણ પણ સમાધાન જ છે.

આપણી વૈશ્વિક માતૃસંસ્થા મહાપરિષદની પ્રવૃત્તિથી આપ સૌ સુપેરે વાકેફ છો. વિવિધ સમિતિઓ દ્વારા જ્ઞાતિ ઉત્કર્ષ ને કલ્યાણની અનેક પ્રવૃત્તિઓ/યોજનાઓ સુંદર રીતે ચાલી રહી છે. વિવિધ સમિતિઓ પૈકી એક સમિતિ કે જે ‘‘સમાધાન સમિતિ’’ તરીકે કાર્યરત છે અને સમાજના નાના મોટા આર્થિક કે સામાજીક પ્રશ્નો જે મહાપરિષિદ સમક્ષ આવે છે. તેમાં સમાધાન સમિતિ દ્વારા યોગ્ય કાર્યવાહી કરી બંને પક્ષકારોને સાથે બેસાડી જરૂર જણાયે સમાજનાં જે તે વિસ્તારના વડીલો, આગેવાન જ્ઞાતિ જનોને સાથે રાખી તેમના સલાહ સુચન, સહકાર મેળવીને મહાપરિષદના વરિષ્ઠ હોદેદારો, સમાધાન સભ્યો, સાથે મળી યોગ્ય તે નિરાકરણ લાવવાના સધન પ્રયાસો કરે છે અને શક્ય ત્યાં સુધી સમાધાન કરી સુખદ પરિણામ પણ લાવે છે. જેમકે આપણે કહીએ છે કે ‘‘ઘીના ઠામમાં ઘી પડી રહ્યું.’’ સમાધાન સમિતિનું કાર્યક્ષત્ર વૈશ્વિક છે. સમાધાન સમિતિના અધ્યક્ષ તરીકે વડોદરાના શ્રી ઠાકોરભાઈ ઠક્કર હતા ત્યારે હું તેમની સાથે ઉપાધ્યક્ષ તરીકે કાર્ય કરતો હતો પરંતુ શ્રી ઠાકોરભાઈ ઠક્કરની ગુજરાત ઝોનનાં અધ્યક્ષ તરીકે નિમણુંક થતાં સમાધાન સમિતિના અધ્યક્ષ તરીકેનો પદભાર માન. પ્રમુખશ્રી, પ્રવિણભાઈ કોટક અને મહાપરિષદ કમીટી સભ્યો દ્વારા મને સોપવામાં આવ્યો છે. જે બદલ હું ધન્યવાદ કરૂં છું. જો કે મારૂં કહેવું છે કે સમાધાન સમિતિના અધ્યક્ષપદથી ગૌરવ પ્રાપ્ત કરવું તે યોગ્ય નથી. કારણ સમાધાન સમિતિની પ્રવૃત્તિ સમાજને કોઈ ઉંચાઈ તરફ કે તેનાથી કોઈ વિકાસની તરફ લઈ જાય છે. તેવું તો કદાપી કહી શકાય નહી જ વળી આ પ્રવૃત્તિમાં કોઈ જશની અપેક્ષા રાખવી તે પણ અસ્થાને છે. બલ્કે એમ કહી શકાય કે જો સમાજને તંદુરસ્ત રાખવો હોઈ તો સમાધાન કે સમાધાન સમિતિની કદી જરૂર પડવી જ ન-જોઈએ ટુંકમાં સમાધાન સમિતિની પ્રવૃત્તિને વખાણવા લાયક કહેવાનું મારૂં જરા પણ માનવું નથી. માત્ર એટલું કહીશ કે ‘‘ઘર હોઈ ત્યાં બે વાસણ ખખડતા પણ હોઈ’’ આવા નાના મોટા વિવાદો થાય તેમાં કોઈ માધ્યસ્થિ કરનાર હોઈ તો તેનાં પરિણામો વિપરીત નહીં પણ સુખદ આવે છે. કહે છે કે ‘‘હંમેશા પારકી મા કાન વિંધે’’ તેમ મધ્યસ્થી કરનાર વ્યક્તિ દ્વારા બંને પક્ષકારોને સાંભળી યોગ્ય તે નિર્ણય લેવાની સક્ષમતા હોઈ તો કોઈ પણ ઝગડો આગળ વધતાં જરૂર અટકાવી શકાય છે.



હું મને મળેલ પદભાર ને યોગ્ય ન્યાય આપવાનો હરહંમેશ પ્રયત્ન કરતો રહું છું. જરૂર જણાયે સમાજના આગેવાનો, વડિલો સાથે પરામર્શ કરી આગળની કાર્યવાહીઓ કરવાની કોશીશ કરૂ છું અને પરિણામ સ્વરૂપ મારા હસ્તક આશરે આઠ થી દશ કેસોમાં સુખદ સમાધાનનું સ્ટેજ લાવી શક્યો છું. તથા વધુમાં હાલમાં ત્રણ-ચાર કેસ પેન્ડીગમાં છે. તે પણ ઉકેલવાના પુરા પ્રયત્નો કરતો રહીશ બાકી તો મારી પ્રવૃત્તિમાં કાર્યવાહીનું કોઈ રજીસ્ટર રાખવાનું હોતું નથી. કે આવું રજીસ્ટર રાખવું પણ ન-જોઈએ તેવું હું માનું છું. કારણ મારા કેસમાં તો સંખ્યા ગણવાની આવતી નથી કે તેવું કોઈ ગૌરવ લેવાનું હોતું નથી. ઘણી વખત તો આ પ્રવૃત્તિથી બે પક્ષકારો માંથી કોઈ એક પક્ષકારને તો માધ્યસ્થી પ્રત્યે મન-મટાવ થઈ જાય છે. પણ તેને દરગુજર કરવા અને મારી આ પ્રવૃત્તિમાં જરૂર જણાયે સાથે સરકાર આપવા અપીલ કરૂં છું. વધુમાં એટલું જ કે મારા કામને હું હરહંમેશ વફાદાર રહીશ છતાં કોઈ ભુલચુક થાય તો આ ક્ષણે ક્ષમાયાચના સહ...

**શ્રી મગનલાલ રૂપારેલ, વડોદરા**
**રાષ્ટ્રીય અધ્યક્ષ - સમાધાન સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ**

# સાંસ્કૃતિક સમિતિ



પ્રમુખ શ્રી પ્રવીણભાઈ કોટક ના અધ્યક્ષ પદે નિમાયેલી, કારોબારીમાં મેં, જીતેન્દ્ર ઠક્કર એ સાંસ્કૃતિક સમિતિ ના અધ્યક્ષ તરીકે નિમણૂક મેળવી હતી. આ પાંચ વર્ષ દરમિયાન કમિટીની રચના કરી.. જેમાં લોહાણા સમાજના જાણીતા કલાકારો ને સમિતિના સભ્ય તરીકે નિમણૂક આપી હતી. જેમાં મુંબઈના ખ્યાતનામ કલાકાર અને આવનારી ફિલ્મ ફિલ્મ ×જયેશભાઈ જોરદાર× ના લેખક - દિગ્દર્શક દિવ્યાંગ ઠક્કર, વિપુલ વિઠલાણી, ભરત ઠક્કર, શૈલેષ ઠક્કર, કેતા ઠક્કર જેવા જાણીતા ચહેરાઓને આ સમિતિમાં સ્થાન આપવામાં આવ્યું હતું. રાજેશ ઠક્કર અને હર્ષદ ઠક્કર જેવા કલા કાર ઉપરાંત વેપારી મિત્રોને પણ સ્થાન આપવામાં આવ્યું હતું. કમિટીની બેઠક સમિતિના ઉપપ્રમુખ રાજેશ ઠક્કર ના સાનિધ્યમાં, વિસલીંગ રિસોર્ટ ખાતે યોજવામાં આવી હતી.આ બેઠકમાં ઘણા નામાંકિત ચહેરાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં શ્રી હિંમતભાઈ કોટકે ઉપસ્થિત રહી ખાસ પ્રોત્સાહન આપ્યું હતું. મંત્રી શ્રી હિમાંશુ ઠક્કર પણ આ બેઠકમાં ઉપસ્થિત રહી પોતાના વિચારો રજૂ કર્યા હતા.

આ સમિતિએ સૌથી અગત્યનું અને ગૌરવ કામ કર્યું એ કે, 'રઘુવંશી ગૌરવગાન' ની રચના કરી, અમિત એવા સંગીતકાર પાસે આ ગીતનું સંગીત તૈયાર કરાવ્યું. અને રૂપિયા ૪૦ હજારના ખર્ચે ગીત ની ડીવીડી તૈયાર કરવામાં આવી. આ તમામ ખર્ચ સમિતિના પ્રમુખ જીતેન્દ્ર ઠક્કર, ઉપપ્રમુખ રાજેશ ઠક્કર અને સભ્યશ્રી હર્ષદ ઠક્કર અને મયુર ઠક્કર દ્વારા ઉપાડવામાં આવ્યો હતો. આ રઘુવંશી ગૌરવગાન નું વિમોચન ડીસા ખાતે યોજાયેલ કારોબારી બેઠકમાં કરવામાં આવ્યું હતું. ગીતકાર અને જ્ઞાતિ ના વડિલ જમુભાઈ ઠક્કર નું સન્માન કરી, સેકડો જ્ઞાતિ શ્રેષ્ઠીઓની હાજરીમાં આ ગીત રજુ કરવામાં આવ્યું.. અને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું હતું. આ ગીતને youtube ઉપર એક જ દિવસમાં ૩૫૦૦ જેટલા રઘુવંશીઓએ માણ્યું હતું . દેશ-વિદેશમાં આ ગીતની ખૂબ પ્રશંસા થઈ છે. ભવિષ્યમાં આ જ ગીત ઉપર અમારા કારોબારી સભ્ય કેતા ઠક્કર અને હર્ષા ઠક્કર દ્વારા નૃત્ય તૈયાર કરીને મંચન કરવાની યોજના હતી. પરંતુ સંજોગો વસાત આ સપનું સાકાર થઈ શક્યું નહીં .સમિતિ નો ઉત્સાહ ઘણો હતો. ઘણા કાર્યક્રમો કરવા હતા. પરંતુ સંજોગોએ સાથ આપ્યો નહીં અને આ સપના અધૂરા જ રહી ગયા. જેના કારણો માં ઉતરવાનો હવે કોઈ અર્થ નથી. પરંતુ આવી આંતરરાષ્ટ્રીય કક્ષાના સભ્યો ધરાવતી સમિતિ કદાચ આ સાંસ્કૃતિક સમિતિ એકમાત્ર હશે, તેમ મારું દ્રઢપણે માનવું છે. આ સમિતિનો સદ ઉપયોગ ન થઈ શક્યો તેનો રંજ છે. પ્રવીણભાઈ કોટક પણ આ સમિતિ થી ખુશ હતા અને તેમની ઈચ્છા પણ ભવ્ય કાર્યક્રમો કરવાની હતી. પરંતુ એ કોઈ અગમ્ય કારણોસર થઈ ન શક્યું.. જય જલારામ. જય રઘુવંશ..


**શ્રી જીતેન્દ્ર ઠક્કર, અમદાવાદ**
**રાષ્ટ્રીય અધ્યક્ષ, સાંસ્કૃતિક સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ**







# વાત્સલ્ય સમિતિ



વાત્સલ્ય એટલે પ્રેમ-હૂંફ-લાગણી-કરુણા જે કોઈ પણ જીવિત માટે દર્શાવી શકાય. કોઈ માટે વાત્સલ્યની લાગણી જન્મવી એ માનવસહજ સ્વભાવ છે. આમ વાત્સલ્ય ખૂબ જ મોટું અને સેવાકીય કામ છે. જરૂરિયાતમંદને મદદ કરવી તે પછી અનાજ સહાય, વિધવા સહાય, આરોગ્ય સહાય, ધાર્મિક હોય કે સામાજિક અન્યને વાત્સલ્ય આપી હૂંફ આપવી. તે છે. માનનીય પ્રમુખશ્રી પ્રવીણભાઈ કોટકે આ નવા જ વિષય માટે શ્રી લોહાણા મહાપરિષદમાં વાત્સલ્ય સમિતિનું ગઠન કર્યું તે તેમની સમાજ પ્રત્યેની સંવેદના અને પ્રેમ-લાગણી બતાવે છે. આવડા મોટા પડકારરૂપ કાર્ય માટે મને વૈશ્વિક વાત્સલ્ય સમિતિનો અધ્યક્ષ બનાવ્યો. તે માટે હું હૃદયપૂર્વક આભાર માનું છું.

અમો એ અમારી સમિતિ દ્વારા પાંચ વર્ષ દરમિયાન વૃદ્ધાશ્રમની મુલાકાત, જરૂરિયાતમંદ જ્ઞાતિ પરિવારોને માસિક અનાજ સહાય, વિધવા બેનોને માસિક પેન્શન સહાય, ધાર્મિક કાર્યક્રમો દ્વારા વડીલોને આનંદ કરાવવો વગેરે અનેકવિધ કાર્યક્રમો કરેલ છે. મેડિકલની કિટ ગામે-ગામ મહાજનોને ટોકન કિંમતે મોકલાવેલ છે. જેમાં ૩૪ મેડિકલ આઈટમો (લિસ્ટ મુજબ) જેની બજાર કિંમત આશરે રૂ. ૨૫૦૦૦/- થાય તે દરેક મહાજનોને માત્ર રૂ. ૫૧૦૦/-ના ટોકન ભાવે આપવાનું જાહેર કરેલ અને ભારતભરમાંથી આજે પણ તે કાર્ય ચાલુ જ છે.

કોઈમ્બતુર મુકામે તારીખ - શ્રી લોહાણા મહાપરિષદની કારોબારી સભામાં અમારી સમિતિના ઉપાધ્યક્ષ શ્રી જીતુભાઈ પૂજારા અને મંત્રીશ્રી પ્રવીણભાઈ જી. ઠક્કરે મંચ ઉપરથી આ સેવાની જાહેરાત કરેલ હતી. ભારતભરમાં દરેક વિભાગોમાં આવી પ્રવૃત્તિઓ અમારા સમિતિના વરણી પામેલ હોદ્દેદારશ્રીઓ તરફથી ચાલતી રહે છે. મુંબઈ, સહ મહારાષ્ટ્રના વાત્સલ્ય સમિતિના વિભાગીય ઉપપ્રમુખ શ્રીમતી મિનાબેન ઠક્કર અને તેમની સમગ્ર ટીમે પાંચ વર્ષ દરમિયાન મુંબઈ, પૂના, નવી મુંબઈ, નાસિક, અકોલા, નાગપુર વગેરે સ્થળોએ લોકલ મહાજનોને સાથે રાખી અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા શ્રી લોહાણા મહાપરિષદને સતત વેગવંતુ રાખેલ છે.

વિશેષ જણાવવાનું કે વાત્સલ્ય સમિતિ મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગનાં ઉપાધ્યક્ષ શ્રી મીનાબેન ઠક્કરે વિવિધ મહાજનશ્રીઓના પ્રતિનિધિ કાર્યકરોનાં સહકારથી સંગઠન રચી શ્રી લોહાણા મહાપરિષદના જ્ઞાતિ ઉપયોગી કાર્યોની મૂળ ધારામાં સાંકળવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. આ સમગ્ર ટીમ દ્વારા સૌ પ્રથમ તા. ૧૭-૪-૨૦૧૬ના રોજ 'આધ્યાત્મ થી વાત્સલ્યની ખોજ' કાર્યક્રમ યોજી શુભ શરૂઆત કરવામાં આવી હતી. પછી સમયાંતરે વર્ષ દરમ્યાન અનેક કાર્યક્રમો કરી પુરા મહારાષ્ટ્ર તથા ભારતભરમાં પણ માતૃસંસ્થા પ્રત્યે જાગૃતિ લાવી હતી.







સમર કેમ્પ, પર્યાવરણની જાણકારી, ચિત્ર કલા હરીફાઇ, આનંદ મેળો, નૃત્ય નાટિકા, પેરેન્ટસ કાઉન્સીલીંગ, થેલેસેમિયા જાગૃતિ, રમત-ગમત, વડીલોનું સન્માન, વિદ્યાર્થીઓ માટે સેમિનાર, મ્યુઝીક, સત્સંગ, ડાંડીયારાસ, હોળી પ્રાગટ્ય, ટેલેન્ટ કોન્ટેસ્ટ, જેવા ઉત્તમ કાર્યો કરવામાં આવ્યા છે. દરેક કાર્યક્રમો માટે મુંબઇ સહ મહારાષ્ટ્રની બધી જ સંસ્થાઓએ પુરતો સહયોગ આપેલ છે, તેમજ સમિતિના સભ્યો શ્રી પ્રજ્ઞાબેન મોરઝરિયા, સરોજબેન પાબારી, પ્રકાશભાઇ માખેચા, વાસંતીબેન ગોકાણી, નિશાબેન પાંધી, કલ્પનાબેન ખનધેડિયા, ઇન્દુબેન ઠક્કર, ભારતીબેન પરમાની, રજનીકાંતભાઇ કારિયા, અંજનાબેન જોબનપુત્રા, વર્ષાબેન તન્ના, અનસૂયાબેન ચોથાની, હર્ષદભાઈ મનિધર, ભાવનબેન કેસરિયા, અરુણાબેન કેસરિયા, કમલેશભાઇ ભિંડે, કલ્પનાબેન પૂજારા, જ્યોત્સાનાબેન મજીઠીયા, અભયભાઈ પચમતિયા, ગીતાબેન જોબનપુત્રા, હેમંતભાઈ દત્તાની, શૈલેશભાઇ તન્ના, અભયભાઈ તન્ના, કીર્તિદાબેન દાસાની, રાજશ્રીબેન પંચમતિયા, કૃતિબેન નાગ્રેચા, શીતલબેન રાયચુરા, સુરેશભાઇ પર્માણી, સુજાતાબેન ઠક્કર, વિનોદભાઇ ખાખરિયા વગેરેએ દરેક કાર્યક્રમને સફળ બનાવવા ખુબજ મહેનત કરી હતી.

શ્રી લોહાણા મહાપરિષદની પ્રવૃત્તિઓને વેગવાન બનાવવા તથા વાત્સલ્ય સમિતિને સહકાર આપવા માટે સમિતિ દરેક મહાજનોનો આભાર માને છે.

**શ્રી અશોકભાઇ ગઢીયા, અમદાવાદ**
**રાષ્ટ્રીય અધ્યક્ષ, વાત્સલ્ય સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ**

## આભાર સહ અભિનંદન



શ્રી પ્રવિણભાઈ કોટકના કાર્યકાળ દરમિયાન માતૃસંસ્થાના કાર્યાલયની વહીવટી કામગીરીમાં ખૂબ જ નિષ્ઠા અને ધગશથી કામ કરનાર વ્યક્તિઓમાં શ્રી જય નાગોરા નું નામ અચૂક મુકી શકાય. જય રઘુવંશી ન હોવા છતાં, તેનામાં રઘુવંશીના બધા જ સંસ્કારો હોય એ રીતે દરેકની સાથે હળીમળીને, કોની સાથે કઈ રીતે વાત કરવી તેનો વિવેક તેમજ દરેકને સંતોષ મળે તે પ્રકારની કાર્યશૈલી દ્વારા તમામનો માનીતો બની રહ્યો. સ્થાનિક કક્ષાએ માતૃસંસ્થાનું મુખપત્ર શ્રી રઘુકુળ વિશ્વના સંકલનની વાત હોય, શિક્ષણની સ્કોલરશીપ હોય, આરોગ્ય - ઉચ્ચ શિક્ષણના ઇન્ટરવ્યુ હોય તેમજ દરેક મીટીંગો, કાર્યાલયના દરેક કાર્યક્રમો, વૈશ્વીક મહામારીમાં પણ માતૃસંસ્થાના દરેક કામોની ખૂબ જ ધગસ અને નિષ્ઠાથી જય નાગોરાએ તમામ જવાબદારીઓ બખૂબી નિભાવી છે. શ્રી જય નાગોરાને ઉજ્વળ ભવિષ્ય માટે શ્રી લોહાણા મહાપરિષદ તરફથી શુભેચ્છા સહ અભિનંદન...

શ્રી પ્રવિણભાઈ કોટકના કાર્યકાળ દરમિયાન જ્ઞાતિના શ્રેષ્ઠીઓ ઉપરાંત અન્ય લોકો તરફથી પણ સાથ-સહકાર ઉમળકાભેર પ્રાપ્ત થયો છે. આ પાંચ વર્ષ દરમીયાન આપણું મુખપત્ર શ્રી રઘુકુળ વિશ્વમાં જાહેરાત દ્વારા પોતાનું અનુદાન આપનાર તમામ દાતાશ્રીઓનો માતૃસંસ્થા આભારની લાગણી વ્યક્ત કરે છે.

આપણા મુખપત્રને નિયમિતપણે સુંદર ડિઝાઈન સાથેનું વ્યવસ્થિત પ્રિન્ટીંગ તેમજ અન્ય તમામ પ્રકારના પ્રિન્ટીંગમાં તેમજ ખાસ કરીને કોરોના જેવી વૈશ્વીક મહામારીમાં પણ પ્રિન્ટ વિઝન ટીમ તથા શ્રી યુવરાજસિંહ ઝાલા તરફથી જે ઉત્સાહપૂર્વક સહકાર પ્રાપ્ત થયો તે સરાહનીય છે, તે સૌ પરત્વે માતૃસંસ્થા આભાર પ્રગટ કરી શુભેચ્છા પાઠવે છે.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ ॥

મનીષ ઠક્કર
મો. ૯૮૭૯૧ ૦૯૭૦૧

ઘનશ્યામભાઈ ઠક્કર
મો. ૯૮૭૯૧ ૦૯૭૦૨

GM

# મે. ઘનશ્યામભાઈ મણીલાલ

ખાદ્યતેલ, અનાજ, કેટલફુડ, કઠોળના હોલસેલ વહેપારી

શોપ નં. ૬ થી ૧૨, અનાજ માર્કેટ યાર્ડ, ઢેઢાળ ચોકડી, બાવળા-૩૮૨૨૨૦.
ફોન : ૦૨૭૧૪-૨૩૨૪૪૯મો. : ૯૯૭૯૮ ૯૭૭૧૦

## મનીષ એન્ટરપ્રાઈઝ

ડિસ્ટ્રીબ્યુટર : વાઘબકરી ચા

ગોડાઉન નં. ૧ થી ૫, અનાજ માર્કેટ યાર્ડ, ઢેઢાળ ચોકડી બાવળા.

હાર્દિક ઠક્કર
મો. ૯૮૭૯૧ ૧૯૩૧૫

# ગણેશ
સુપર સ્ટોર્સ

- મરી મસાલા
- ડ્રાયફ્રુટ
- કરીયાણું
- કઠોળ
- કોસ્મેટીક્સ
- બેકરી પ્રોડક્ટ

અમારા સુપર સ્ટોર્સની વિશેષતાઓ

વ્યાજબી ભાવ | ઉત્તમ ગુણવત્તા | સાનુકુળ પેકીંગ

લગ્ન તથા શુભપ્રસંગે કરીયાણાનો ઓર્ડર લેવામાં આવશે.

આપના અનુકુળ સમયે અને જગ્યાએ ફ્રી હોમ ડીલીવરી

અનાજ માર્કેટ યાર્ડ રોડ, બજારમાં, બાવળા.

અમારી બીજી શાખા - સાયન્સ સીટી

શહેરના પશ્ચિમમાં વિકાસ પામેલ વાસણા વિસ્તારમાં પ્રાઈમ લોકેશન
મોર્ડન એમિનિટીસ ધરાવતી 2 & 3 BHK ફ્લેટ્સની લક્ઝુરિયસ સ્કીમ

# અકલ્પિય ભાવ !

## સેમ્પલ હાઉસ તૈયાર

એક મુલાકાત આપની,
કરશે લક્ઝુરિયસ ફ્લેટનું સ્વપ્ન સાકાર

AASHIRVAD
SKY
2 & 3 BHK Luxurious Living Spaces

@ વાસણા



+91 90990 65126

B/s. Vasna Comm. Hall, Nr. Maniratnam Bungalow-1,
Prajapati Garden road, Vasna Bus Stand, Vasna, A'bad.

PR/AHMEDABAD/AHMEDABAD CITY/AHMEDABAD TPO/190731/007870 - www.gujrera.gujarat.gov.in

# ઋણ સ્વિકાર



**પ્રવિણ ટી. કોટક,**
**સેવક, શ્રી લોહાણા મહાપરિષદ**

આદરણીય સૌ વડીલો, માતાઓ, ભાઈઓ - બહેનો અને મારા વ્હાલા યુવાન રઘુંવશી દિકરા - દિકરીઓ... માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ તરીકે આપ સૌને મારા આદરપૂર્વક જય જલારામ, જય રઘુવંશ, જય મહાપરિષદ સહ સાદર વંદન...

વર્ષ ૨૦૧૫ માં માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ તરીકે મારી સર્વાનુમતે વરણી થઈ ત્યારથી આજ દિન સુધી મેં સમાજમાં સંપ, સુહ્‌દયભાવ અને એકતા દ્વારા સિદ્ધિના મહામંત્રને કેન્દ્રમાં રાખી રઘુવંશી સમાજની પ્રગતી અને વિકાસ માટે સતત અને અવિરત પ્રયત્નો કર્યા છે. મને એ વાતનો અત્યંત આનંદ અને ગર્વ છે કે મારા કાર્યકાળના તમામ શુભ કાર્યોમાં સૌને એક તાંતણે બાંધી ‘‘સૌનો સાથ, સમાજનો વિકાશ’’ ના મારા ભગીરથ પ્રયત્નમાં આપ સૌ તરફથી અપાર પ્રેમ, લાગણી, હુંફ અને સાથ - સહકાર પ્રાપ્ત થયા છે. ભાઈઓ - બહેનો, આપણે સૌ જ્ઞાતિમૈયાની સેવામાં જોડાયા છીએ. જ્ઞાતિના છેવાડાના વ્યક્તિનું આપણા સૌ થકી ભલું થાય, તેઓની તકલીફો દૂર થાય, શિક્ષણ અને આરોગ્ય સુધરે, લોકો વધુને વધુ સુખી, સંપત્તિવાન બને તે માટે અનેક પ્રકલ્પોના માધ્યમથી મેં મારી ટીમ સાથે તન, મન અને ધનથી નિષ્ઠા પૂર્વક પ્રયત્નો કર્યા. હવે મારા પ્રમુખ તરીકેનો કાર્યકાળ પૂરો થાય છે. હું હવે પ્રમુખ તરીકે નહીં હોઉ તો શુ થયું પરંતુ સેવક તરીકે હંમેશા સમસ્ત રઘુવંશી સાથે અને રઘુવંશી માટે કાયમ રહીશ. સત્તા અને પદ તો દરેકના જીવનમાં આવતા હોય છે અને જતા પણ હોય છે, જ્યારે સંબધ, લાગણી અને આત્મિયતા નિભાવવાથી મૃત્યુપર્યત રહે છે. મારા માતા - પિતા અને ગુરૂજનોના સંસ્કારો તેમજ શિખામણને હંમેશા સાથે રાખુ છું કે ઈશ્વરે તમને આપ્યુ હોય તો લોકોને મદદ કરવાનો ભાવ રાખજો. કુદરતનો નિયમ છે, જે કુંવામાંથી લોકો પાણી પીતા હોય છે એ કુંવો ક્યારેય સુકાતો નથી. મારા પિતાશ્રી તલક્શીબાપાએ જે સેવાની સરવાણી શરૂ કરેલી તેને વિનય અને ભાવ સાથે માનવતાની માવજત થી હું અને મારો સમગ્ર પરિવાર સિંચતા રહીશું.

મિત્રો, મારા પ્રમુખ તરીકેના કાર્યકાળ દરમિયાન ‘‘સ્વ’’ થી ‘‘સર્વ’’ સુધી પહોચવામાં મને જે જે લોકો તરફથી માર્ગદર્શન, હુંફ, સાથ અને સહકાર પ્રાપ્ત થયો છે તે તમામ પરત્વે મારી કૃતજ્ઞતા પ્રગટ કરી આભારની લાગણી વ્યક્ત કરૂ છું. મેં અગાઉ પણ ક્યાંક કહેલું કે ‘‘હું સત્તાનો નહી સત નો માણસ છું, પદનો નહીં પાદુકાનો માણસ છું.’’ પ્રમુખ તરીકેનું પદ મને સ્નેહીજનોના સ્નેહાગ્રહ થી સોંપાયેલું, જેને મેં બખુબી નિભાવ્યું છે અને માતૃસંસ્થાશ્રી લોહાણા મહાપરિષદને નવા મુકામ પર પહોંચાડી શકવાનો આનંદ પ્રાપ્ત કર્યો છે. મારા આ પાંચ વર્ષ દરમિયાન જાણતા કે અજાણતા કોઈની પણ લાગણી દુભાઈ હોય તૌ હ્‌દયથી ક્ષમા ચાહું છું. મેં તો હંમેશા એવો જ પ્રયત્ન કરેલો કે ‘‘આવો, ફુલશા નાજુક સંબધ સ્થાપીએ, જે ચૂંટે તેને પણ ખુશ્બુ આપીએ’’.

ભાઈઓ-બહેનો, મારા સમગ્ર કાર્યકાળ દરમિયાન આપના તરફથી જે ઉમળકાભેર પ્રેમ, માન - સન્માન અને આદર પ્રાપ્ત થયા છે તે મારા જીવનનું આજીવન મીઠું સંભારણું બની રહેશે. મારા અનુગામી પ્રમુખને પણ આવો જ સ્નેહ વરસાવતા રહેજો તેવી અભ્યર્થના છે. પણ એ વાત સ્પષ્ટ કરી દઉં કે આગામી પ્રમુખ કોણ બનશે તે માટે મારો કોઈ છુપો એજન્ડા નથી. આપણા સૌની માં સમાન માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની વરણી સમિતિ જેને બહુમતીથી પ્રમુખ તરીકે પસંદ કરશે તેની હું પણ તરફેણ કરી એક તંદુરસ્ત પ્રણાલીનું પાલન કરીશ તેની હું આપ સૌને ખાત્રી આપું છું. આ વાત હું એટલે કહી રહ્યો છું કે આવતી કાલે કોઈ મને વ્યક્તિગત રીતે બદનામ કરવાની કોશીષ ન કરે, મેં મારી મનગમતી વ્યક્તિને સત્તા સોંપી છે તેવી મનધડક વાતો ફેલાવી સમાજને ગેરમાર્ગે ન દોરે.

મેં મારી સંપૂર્ણ નિષ્ઠા, પ્રેમ અને વફાદારી માતૃસંસ્થા અને સમાજ સાથે રાખી છે અને કાયમ રહેંશે. હું કોઈ હોદ્દા પર હોંઉ કે ના હોંઉ, મારા રઘુવંશી સમાજ માટે મારા ઘરના અને હ્‌દયના દ્વાર હંમેશા ખૂલ્લા રહેંશે.

અંતમાં, બસ એટલું જ,

**સિતારો કો આંખો મેં મહેફુઝ રખના, બહુત દેર તક રાત હી રાત હોગી,**
**મુસાફીર હૈ હમભી, મુસાફર હો તુમભી, કિસી મોડ પર ફિર મુલાકાત હોગી !!**

RNI NO. : GUJ/GUJ/2011/44815
'Registered under Postal Registration No. AHD-C/11/2020-2022 valid upto 31st December-2022
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'
Date of Publication : 5th November 2020






**દિવાળીની હાર્દિક શુભેચ્છાઓ - જયેન્દ્રભાઈ ઠક્કર પરિવાર અમદાવાદ.**

Printed and Published by PRAVIN T. KOTAK on behalf of SHREE LOHANA MAHAPARISHAD and Printed at Print Vision Private Limited, Print Vision House, Lane Opp Ashwamegh Elegance 2, Ambawadi Market Ahmedabad – 380 006 and published from Shree Lohana Mahaparishad, Iscon Mega Mall Besement, Near Iscon Temple, S.G Highway AHMEDABAD - 380 059
Editor – CHANDRAKANT J. TANNA.